સળંગ અંક
૫૩૭

આવતી કાલનાં નાગરિકોનું માસિક

અનેકવિધ માધ્યમોમાં જેમની કલા સદા રસળતી રહી છે એ કલાકાર શ્રી યજ્ઞેશ્વર શુક્લની બે કૃતિઓ. ઉપર: તૈલરંગમાં કરેલું એક છબિચિત્ર અને નીચે: 'કેશગુંફન'. બંનેમાં માત્ર જરૂર પૂરતી જ પીંછી ફેરવીને એમણે બે ભિન્ન રીતે જે જીવંત પાત્રાલેખન કર્યું છે એ એમની વર્ષોની કલાસાધનાની સિદ્ધિનું દ્યોતક છે.





કુમાર

સંસ્થાપક • રવિશંકર રાવળ
વર્ષ ૪૫મું • અંક ૯મો • સપ્ટેમ્બર • ઈ.સ.૧૯૬૮
તંત્રી: બ.રાવત

X 36 17



પુષ્પદ્વય કલાકાર : યજ્ઞેશ્વર શુક્લ · પીંછીના માત્ર થોડાશા લસરકાથી ઉપસાવેલી પુષ્પોની રૂપછટા. (કલાકારના સૌજન્યથી)

કુમાર

સપ્ટેમ્બર ૧૯૬૮ · અંક ૫૩૭

તંત્રી : બચુભાઈ રાવત · ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ : રૂ. ૧-૫૦.

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

મારી દૃષ્ટિએ

•

પ્રસિદ્ધ અંગ્રેજી પુસ્તક 'In my view'
નો અનુવાદ

•

મોરારજી દેસાઈ

છેલ્લાં પાંત્રીસ વરસ થયાં શ્રી. મોરારજીભાઈ દેસાઈએ રાજકીય ક્ષેત્રે અનેક મહત્ત્વની પદવીઓ સંભાળીને જાહેર પ્રવૃત્તિઓમાં સક્રિય કામ કર્યું છે.

જાહેરજીવનમાં પ્રસંગોપાત તેમને જે મંતવ્યો રજૂ કરવાં પડ્યાં હતાં તેનો સગ્રહ લેખ રૂપે આ પુસ્તકમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. તેથી આ પુસ્તક દરેક મહત્ત્વના પ્રશ્નો ઉપર તેમનું દૃષ્ટિબિંદુ શું છે તે સમજવા માટે ઉપયોગી થઈ પડશે.

રૂ. ૯–૦૦

વોરા ઍન્ડ કંપની, પબ્લિશર્સ

પ્રાઈવેટ લિમિટેડ

૩, રાઉન્ડ બિલ્ડિંગ, મુંબઈ ૨

શ્રી

વલ્કન ઇન્સ્યુરન્સ કંપની લિ.

સ્થાપના : ૧૯૧૯

•

• આગ • મોટર • અકસ્માત
• દરિયાઈ • વર્કમૅન્સ કૉમ્પેન્સેશન
• એમ્પ્લૉયર્સ લાયેબિલિટી
વગેરે વીમાનું
કામકાજ લખવામાં આવે છે.

•

જનરલ મૅનેજર

શ્રી વી. સી. સેતલવડ

બ્રાન્ચ તથા એજન્સી ઑફિસો હિંદભરમાં છે;
ઉપરાંત
બ્રિટિશ ઈસ્ટ આફ્રિકામાં પણ છે.

હેડ ઑફિસ : ૭૩, આર્મેનિયન સ્ટેશનની સામે
ઈન્ડસ્ટ્રિયલ ઍશ્યોરન્સ બિલ્ડિંગ, કોટ, મુંબઈ નં. ૧

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી-વડોદરાનાં પ્રકાશનો

જીવનચરિત્રો

દલપતરામ : એક અધ્યયન	૬–૨૫
શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી	૬–૩૮
મીરાંબાઈ–એક મનન	૬–૭૫
ટૉમસ આલ્વા એડીસન	૩–૨૪
શ્રીહરિભદ્રસૂરી	૮–૫૦
ભારત રત્ન	૧૨–૦૦

પ્રવાસવર્ણન

ઉત્તરાપથ	૪–૦૦
દક્ષિણ કૈલાસદર્શન	૬–૭૫
રેવાને તીરે તીરે	૬–૫૦
કૈલાસ	૧૦–૦૦
અંબિકા, કોટેશ્વર ને કુંભારિયા	૪–૨૫

વિજ્ઞાન

આહારવિજ્ઞાન	૫-૧૩
વિજ્ઞાનવિનોદ	૨–૭૫
આપણું વિશ્વ	૬–૮૦
કુદરતની રીતે વધુ આરોગ્ય	૫–૬૦
આપણી ખનિજસંપત્તિ	૩–૦૦

ધર્મવિષયક

ધર્મવર્ણન	૩–૨૫
હિન્દુવેદધર્મ	૪–૭૫
આનંદમીમાંસા	૪–૦૦
નીતિશાસ્ત્ર	૭–૪૦
શ્રીમદ્ ભાગવત ભા. ૧	૬–૦૦
આધુનિક ગુજરાતના સંતો	૭–૦૦
બહુચરાજી	૨–૫૦

સ્ત્રીવિષયક

ગૃહજીવનમાં સ્ત્રીનું સ્થાન	૬–૦૦
ભારતના સમાજમાં વિધવાનું સ્થાન	૩–૪૦

બાલોપયોગી

વરદાન	૧–૧૦
શકુંતલા	૧–૫૦
તરવાની કળા	૧–૦૦
જીવનસુવાસ	૧–૦૦

સાહિત્યવિષયક

કાવ્યની શક્તિ	૩–૫૦
સાહિત્યવિમર્શ	૩–૫૦
ગુજરાતી ભાષાશાસ્ત્ર : ખંડ ૩	૮–૦૦
વડોદરા રાજ્યની સાહિત્ય-પ્રવૃત્તિઓ	૩–૨૫
ઐતિહાસિક લેખ-સંગ્રહ	૪–૦૦
સાહિત્યમીમાંસાના બે પ્રશ્નો	૦–૫૦
ગુજરાત સ્થળનામ સંસદ	૭–૦૦
ગુજરાતી સ્વરવ્યંજનમાળા	૧–૭૫

બાલવાડી માટે

તમારાં બાળકો માટે અવનવી વાનગીઓ	૦–૭૫
તમારાં બાળકોમાં શિસ્તપાલન કેવી રીતે કેળવશો ?	૦–૪૪
તમારાં બાળકોને જાતીય જ્ઞાન કેવી રીતે આપશો ?	૦–૫૦

અર્થશાસ્ત્ર

આર્થિક આયોજન	૬–૦૦

યુનિવર્સિટી પબ્લિકેશન્સ સેલ્સ યુનિટ, રાજમહેલ દરવાજા પાસે, વડોદરા

('કુમાર' અંક ૫૩૭ · સપ્ટેમ્બર ૧૯૬૮)

વાચકો લખે છે

'કુમાર'ના પૂઠા પરના 'જગાઈ-મધાઈ' વિષે: ૧૫૦ થી ૧૭૫ વર્ષ પહેલાનાં એ બે બંગાળી પાત્રો છે. ત્યારે, અને આજે પણ, બંગાળીઓમાં ભાંગનું બિલકુલ ચલણ નથી. શૉખ ખાતર નવી પ્રજા ક્યારેક લેતી હશે. જગાઈ-મધાઈના હાથમાંના પાત્રને 'ભાણ' (એટલે કે માટીનું શકોરું) કહે છે અને એમાં તેઓ તાડી પીએ છે, ભાંગ નહિ મધાઈની કેડે હુક્કો ખોસેલો છે. એનો ડાબો હાથ જેના પર ટેકવાયો છે તે પાત્રને બંગાળીઓ 'માટીર કલસી' કહે છે અને તે તાડી માટે જ વપરાય છે.

એક વખત ચૈતન્ય મહાપ્રભુ જગાઈ-મધાઈ પાસે ગયા ને કહ્યું કે, 'તાડીરસ ત્યજી હરિરસનું પાન કરો જેથી આત્મકલ્યાણ થાય.' પણ પેલા બંને એ વખતે પણ નશામાં ચૂર હતા. પ્રભુના વધુ દબાણથી ચિડાઈ એમણે કલસીનો છૂટો ઘા કર્યો જે મહાપ્રભુના માથામાં વાગવાથી લોહી વહેવા માંડ્યું. પાછળથી જગાઈ-મધાઈને એ માટે બહુ પશ્ચાત્તાપ થયો ને તેઓ પ્રભુના શિષ્ય બની હરિરસમાં રત થયા.

(કલકત્તા-૭) —ધીરજલાલ ધરમશી શાહ

મે અંકમાં શ્રી અમૃત પંડચાના નવા પુસ્તક 'લુપ્તા સરસ્વતી' (લૉસ્ટ સરસ્વતી)નો પરિચય વાંચીને આનંદ, ગર્વ અને આશ્ચર્ય અનુભવ્યાં. આનંદ એથી કે માનસશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, આહારવિજ્ઞાન, કૃષિવિદ્યા જેવા સાધારણ રીતે ઇતિહાસલેખનમાં નિરુપયોગી ગણાતા વિષયોની મદદ લઇને માનવઇતિહાસનું દર્શન કરવાનો કદાચ આ પ્રથમ પ્રયાસ છે; ગર્વ એ માટે કે તે પ્રયાસ ગુજરાતી ઈતિહાસકાર દ્વારા થયો છે. અને આશ્ચર્ય એ માટે છે કે 'કુમાર' સિવાય બીજા કોઈ ગુજરાતી સામયિકે આ પુસ્તકની અત્યાર સુધી નોંધ લીધી નથી. છેલ્લે છેલ્લે એટલો રંજ પણ થાય છે કે ગુજરાતીના આ સિદ્ધહસ્ત લેખકે અંગ્રેજીને બદલે ગુજરાતીમાં આ પુસ્તક લખ્યું હોત તો ગુજરાતીની સંશોધનસાહિત્યને એક અમૂલ્ય રત્ન સાંપડત. આશા રાખીએ કે તેનો જલદીથી ગુજરાતીમાં અનુવાદ કરવામાં આવશે.


(રાજકોટ) —ચંદ્રકાન્ત દોશી

પથરીની શરૂઆત હોય અને દુખાવો થતો હોય તો નીચે જણાવેલી દવાઓથી ફાયદો થાય છે. મને નાની પથરી તે પીવાથી ત્રણ-ચાર વખત નીકળી ગઈ છે, ને દુખાવો મટી ગયો છે. મારા અનુભવે સિદ્ધ છે. ગામડામાં હું ડૉક્ટરનો વ્યવસાય કરતો હતો ત્યારે એક કંસારા ભાઇએ તે બતાવેલી. પેશાબ થતાં દુ:ખ થતું હોય અને ઓછો આવતો હોય તેમાં પણ આનો ઉપયોગ કરવાથી બહુ જ ફાયદો થાય છે. (૧) કોઠીનાં પાન ૨૦૦ વાટી તેનું જે પાણી નીકળે તે પી જવું; (૨) પુનર્નવાદિ કવાથ, જાંબુનો આસવ, ગોખરુનો આસવ આ ત્રણ વસ્તુ મેળવીને એક એક તોલો સવાર-સાંજ લેવાથી પેશાબને બહુ વેગ મળે છે.


(ધંધુકા) —ડૉ. ગિરધરલાલ મોદી

આપણે જેને શ્રવણેન્દ્રીય ન હોય એવા માણસને બહેરો, જેને નેત્રેન્દ્રીય ન હોય એવા માણસને આંધળો વગેરે કહેવાય છે એ રીતે જેને ઘ્રાણેન્દ્રિય ન હોય એવા માણસ માટે આવો કોઈ શબ્દ નથી સાંભળ્યો. કોઇને ખબર હોય તો જાણવું ગમશે.

(ભાવનગર) —મુનિ મહેતા



દષ્ટિકેન્દ્ર **(કાયાની કરામત-૧૪)** આપણી બે આંખ વચ્ચે લગભગ એક આંખ જેટલું અંતર છે. આથી એક જ પદાર્થની છાપ બંને આંખમાં થોડી જુદીજુદી પડે છે. પણ એ છાપનો સંદેશ લઈ મગજના દષ્ટિકેન્દ્રમાં જતાં પહેલાં બંને નેત્રપટના ડાબી તરફના (આકૃતિમાં રંગીન દર્શાવેલા) નેત્રતંતુઓ ઊર્મિમગજ આગળ એકઠા થઈ એક તંતુ રૂપે ડાબી તરફથી દષ્ટિકેન્દ્રમાં પ્રવેશે છે. અને એવી જ રીતે બંને નેત્રપટના જમણી તરફના (આકૃતિમાં કાળા દર્શાવેલા) નેત્રતંતુઓ જમણી તરફથી દષ્ટિકેન્દ્રમાં પ્રવેશે છે. બંને નેત્રપટમાં ઊંધી પડેલી બે છાપ દષ્ટિકેન્દ્રમાં એકબીજામાં મળી જઈ ઘનરૂપ તથા સવળી દેખાય છે. આમ, આંખમાં પડેલી છાપનું અર્થઘટન મગજમાં પાછળની બાજુએ આવેલા દષ્ટિકેન્દ્રમાં થાય છે. જો દષ્ટિકેન્દ્રની શક્તિ વિકાસ પામી ન હોય તો આંખ વડે દેખાવા છતાં યે કોઈ પદાર્થને ઓળખી શકાય નહિ. એ જ રીતે જો બંને આંખમાં અનુરૂપ કેન્દ્ર પર પદાર્થની છાપ ન પડે તો આપણને બબ્બે છાપ દેખાય છે. મગજ અને દષ્ટિનો સંબંધ ઘનિષ્ઠ છે. મગજ બરાબર હોય તો નબળી આંખે પણ બરાબર ન જોવાએલી વિગતો મગજ અનુમાનથી પૂરી કરે છે. ભય, ચિંતા, આઘાત અને એકાગ્રતા વખતે આંખ સારી હોવા છતાં યે 'જોતી' નથી. ઊંઘમાંથી જાગ્યા બાદ ક્ષણભર ઓરડાની પરિચિત ચીજો પણ આપણને વિચિત્ર ને અવનવી લાગે છે. એ વેળા આંખોની સાથોસાથ મગજ જાગ્રત થએલું નથી હોતું માટે એવું બને છે. માણસની આંખોની અદ્ભુતતા રંગો જોવામાં છે. પીતબિંદુ પરના શંકુકોષો પ્રકાશનાં કિરણોની લંબાઈ અનુસાર રંગો પારખે છે. માણસની આંખ સૂર્યપ્રકાશમાં લાલ, લીલા અને જાંબલી રંગના ઓછાવત્તા મિશ્રણમાંથી ઉત્પન્ન થએલી ૧૬૦ જાતની રંગ છાયા પારખી શકે છે. કેટલીક વ્યક્તિઓ રંગનો તફાવત પારખી શકતી નથી. એને રંગઅંધ કહે છે. ચાર ટકા પુરુષો અને એથી ઓછી સંખ્યામાં સ્ત્રીઓ રંગઅંધ હોય છે. લાલ કે લીલા રંગને બદલે તેઓ તેને પીળા-રાખોડી રંગમાં જુએ છે.



કુદરતે દરેક જીવની દષ્ટિમર્યાદા તેની જીવનપ્રણાલિકાનુસાર રાખી છે. શિકારી પશુપંખી કરતાં તેમનો શિકાર થનાર પશુપંખીની દષ્ટિનું ક્ષેત્ર કુદરતે વધુ વિશાળ રાખ્યું છે, જેથી તે પોતાની ચોપાસ નજર રાખી સ્વરક્ષણ કરી શકે. અહીં પહેલા ચિત્રમાં ગાય-ઘોડાં જેવા ગભરુ પ્રાણીની દષ્ટિમર્યાદા બતાવી છે, બીજામાં બિલાડી તથા ત્રીજામાં તેના શિકાર ઉંદરની અને ચોથા તથા પાંચમા ચિત્રમાં અનુક્રમે ઘુવડ જેવાં શિકારી તથા પારેવાં જેવાં ગરીબડાં પંખીઓની દષ્ટિમર્યાદા દર્શાવી છે. છેલ્લા છઠ્ઠા ચિત્રમાં માછલીની દષ્ટિમર્યાદા બતાવી છે જે અન્ય સૌથી વધુ વિશાળ હોઈ માત્ર પોતાના માથાની પાછળના ભાગ સિવાય બાકીની બધી જ બાજુએ તે જોઈ શકે છે.

નવલાં નેણે / હરિકૃષ્ણ પાઠક

• ગાન •

ઝાંખા ઝરૂખા ઝાંખી મેડીઉં, ઝાંખાં ચૌટાં ને ચૉક,
ઝાંખા સંસારે ઝાંખો નેહ ને ઝાંખા જગના સૌ લોક,
ઝાંખું જીવું ને ઝાંખું જોગવું.

ઝાંખાં જળમાં રે ઝૂકયું આભલું, ઝૂકી તરણાંની ઝાંય,
ઝાંખા દીવાના અંજવાસમાં ઊગે કંકુની કાય,
ઝાંખી પાંખી યે માયા ભોગવું.

ઝાંખી નજરુંની શગ સંકોરતાં આછા ઊઘડયા રે ભાણ,
ઝાંખું સંધું યે ઝળકયું સ્હેજમાં તેજે ખળકયાં નવાણ,
નવલાં નેણે રે જગને જોગવું.

હતા કેટલા સરસ! / ઝાહિદ શિનોરવાળા

• ગઝલ •

ઠાલાં દીધેલાં દ્વાર હતાં કેટલાં સરસ!
એમાં તો આવકાર હતા કેટલા સરસ!

પેલી તરફ હતાં એ, અમે આ તરફ હતા!
એ પ્રીતના પ્રકાર હતા કેટલા સરસ!

માથા ઉપર હતા તો સિતારાઓ કેટલા?!
એ વખતે ઇન્તઝાર હતા કેટલા સરસ!

શબ્દો ભલે રહ્યા એ તમે અર્થ જોઈ લો!
'ના' 'ના'માં એ, હકાર હતા કેટલા સરસ!

ન્હોતી જતી જવાન એ રાતો ય એમનેમ!
કારણ, એ એકરાર હતા કેટલા સરસ!

હા, એમનામાં ઝેર હળાહળ ભર્યું હતું
એ લોક જે બહાર હતા કેટલા સરસ!

લાગ્યું આ દર્પણોને મારું વાજબી વચન:
આ રહેલા આરપાર હતા કેટલા સરસ!

ઝાકળ ભેળું
ફૂલમાં પરોવાતું
સૂર્યકિરણ.
(ચંપકલાલ પરીખ)

આ પારણે પાછી જડી / ભાનુપ્રસાદ પંડ્યા

• ગાન •

પારણું હીંચોળે અડવા તે હાથ
ને'નમાં ખાંભી ખડી રે, મારી બાઈ!

રેવાલ ડાબલિયાની દોટું
ના પાદરેથી પાછી વળી રે, મારી બાઈ!

વાયરે વેડયાં પલાશવન ઝાઝાં,
કે આંધિયું એવી ચડી રે, મારી બાઈ!

ખોવાઈ એમાં તે ચૂડલીની જોડી
જે ગોતણ્યે નથી જડી રે, મારી બાઈ!

ઓળઘોળ કરવું'તું આયખું આખું
ત્યાં વાલમ્યું આડી નડી રે, મારી બાઈ!

નોતરાં આપ્યાં'તાં એ ય તે આગ્યું
આ પારણેથી પાછી પડી રે, મારી બાઈ!

પારણે જંપી દિવસની વાટું
ને અમિયલ રાત્યું ઢળી રે, મારી બાઈ!

નીંદરું દીધી ઉજાગરાને સાટે
જે પારણે પાછી મળી રે, મારી બાઈ!

ઓરડે વાવ્યા રતૂમડા અબોલા
તે કૂંપળ્યું કાલી ફૂટી રે, મારી બાઈ!

સોગઠે પ્રોવી'તી જે મધરાત્યું
પારણિયે ઝ્હેકી ઊઠી રે, મારી બાઈ!

ડણકશે કાલે વનરાજની ત્રાડું
ભલે ન આજ મૂંગી પડી રે, મારી બાઈ!

ખોવાઈ કે'શો મા પાઘડી પીળી
પારણિયે પાછી જડી રે, મારી બાઈ!

જીવનદર્શન · ૧૫

સ્વાર્થનાં સગાં

ફાધર વાલેસ

'સ્વાર્થ' શબ્દ સાંભળતાં જ આપણે સૌ કંઈક અસ્વસ્થ થઈ એ છીએ. સ્વાર્થ તો નિંદ્ય વસ્તુ છે, પણ આપણા હૃદયમાં ઊંડેઊંડે તે રહેલો તો હોય છે, માટે જ એની વાત નીકળે તો આપણને શરમાઈ જવાનો વારો આવશે એ બીકથી આપણે ક્ષોભિત થઈ એ છીએ. ચોરીનો માલ ખિસ્સામાં હોય અને પોલીસ તપાસ કરવા આવે એના જેવી સ્થિતિ થઈ જાય છે.

સ્વાર્થનું સામ્રાજ્ય સર્વવ્યાપક છે. બાળક પોતાનો સ્વાર્થ સાધતાંસાધતાં મોટું થાય છે. યુવાન માણસ પોતાની ડિગ્રી ને પોતાની નોકરી માટે જ શ્રમ ઉઠાવે છે. પ્રૌઢ વ્યક્તિ કામ કરે તે પૈસા કમાવા, ને કીર્તિ મેળવવા, ને સત્તા જમાવવા. કોઈ દુનિયાનાં વાનાંની પાછળ પડે તો પોતાના સ્વાર્થની ખાતર જ, અને તેનો ત્યાગ કરે તો પોતાનો ઉદ્ધાર કરવા; એટલે કે આખરે એક જાતના સૂક્ષ્મ સ્વાર્થની જ ખાતર. પ્રેમ દુનિયાને ચલાવે છે એમ જીવનરસિકો કહે છે, પણ પ્રેમ એ સ્વાર્થનો જ પર્યાય નથી શું? બીજાના પ્રેમમાં પોતાને આનંદ ને સુખ મળે છે એટલે જ એ પ્રેમ ટકે છે ને? પ્રેમમાં બલિદાન છે; પણ એ બલિદાન આપવામાં જ સુખ છે;— અરે એ ન આપે તો ચેન ન પડે. એટલે અંતે તો પોતાના સંતોષ માટે, પોતાના સ્વાર્થ માટે એ પ્રેમ-પ્રવૃત્તિ ચાલે છે. અને આખરી ધૃષ્ટતા કરીને એટલે સુધી કહી શકાશે કે બ્રહ્મા પોતાના આનંદ ખાતર સૃષ્ટિનું સર્જન કરે છે, એટલે એમાં પણ એનો 'સ્વાર્થ' જ

છે. તે એકના અનેક થાય, લીલા ચલાવે, સંકેલી લે—એ બધું પોતાનો આનંદ વ્યક્ત કરવા, એને બમણો કરવા, અરે શક્ય બનાવવા માટે. (એક હાથે તાળી ન પડાય, ને એક દિલથી આનંદ ન માણાય.) માટે અંતે તો સ્વાર્થનો જ સ્વાર્થ. ખરેખર; સ્વાર્થનું સામ્રાજ્ય સર્વવ્યાપક લાગે છે. દુનિયાની દરેક પ્રવૃત્તિના મૂળમાં એક યા બીજા સ્વરૂપે સ્વાર્થ છુપાએલો જ છે. આપણે માટે એ ગર્વ લેવા જેવી વાત તો નથી!

અને યુવાન માણસ માટે એ નિરાશ થવા જેવી વાત જ છે. તે આદર્શવાદી છે, ઉદાર છે, સ્વપ્નદ્રષ્ટા છે; તે બલિદાનમાં માને છે, નિઃસ્વાર્થ સેવાની કદર કરે છે, દેશ ને દુનિયા માટે કુરબાન થવામાં ધન્યતા જુએ છે; અને એ ઉત્સાહ ને એ સ્વપ્નો લઈને જ્યારે તે પોતાની આસપાસ ને પોતાના દિલમાં નજર કરે છે ને અંદર ને બહાર બધે જ એ સ્વાર્થની જાળ પથરાએલી જુએ છે ત્યારે એ હતાશ થઈ જાય છે અને પોતાની જાતને ઉદાસભાવે પ્રશ્ન પૂછે છે: આખરે સ્વાર્થની ખાતર જ જીવવાનું હોય તો જીવવાનો શો અર્થ? અને ઘણાખરા યુવાનો એ પ્રશ્નના જવાબની રાહ જોયા વગર, જવાબની આશા રાખ્યા વગર જેમતેમ આગળ નીકળી જાય છે, જીવનનું ગાડું ગબડાવતા જાય છે.

તો પણ પરિસ્થિતિ એટલી નિરાશાજનક નથી. સ્વાર્થ તો બધે જ છે. પણ તેની બાજુમાં, ને કોઈ વાર તેની સાથે અભેદરીતે સંકળાઈને ઉમદા લાગણીઓ રહેલી છે, ઉત્કૃષ્ટ ભાવનાઓ પડેલી છે. માતા પોતાના માંદા બાળકની દિવસ-રાત એક કરીને સારવાર કરે છે એમાં આપણે સ્વાર્થ જોતા નથી. પેટના જણ્યાની સેવા કરવામાં એ પરમ આનંદ અનુભવે છે એ વાત સાચી, ને તે એટલે સુધી કે જો એને એ સેવા કરવા ન દે તો એ બેચેન ને દુઃખી થશે. તો પણ એને સ્વાર્થી કહેવા આપણું દિલ ચાલતું નથી. બીજાની સેવામાં પોતાનું સુખ જોવું એ શું ઉદારતાની પરાકાષ્ઠા નથી? ત્યાગમાં આનંદ માણવો એ શું સાધનાનું શિખર નથી?

અને યુવાન માણસ પણ વર્ષો સુધી મહેનત કરીને પરીક્ષાઓ પાસ કરી કરીને (અને પરીક્ષા પાસ કરવી એ આકરી તપસ્યા છે) ડિગ્રી મેળવે છે, નોકરી શોધે છે, સમાજમાં સ્થાન પ્રાપ્ત કરે છે એ કેવળ પોતાના અંગત લાભ ને ફાયદા માટે તો કરતો નથી હોતો. તેની એ ફરજ છે, તેની પ્રકૃતિનો ધર્મ છે, તેના અંતરની આજ્ઞા છે; એટલે જ અનેક મુશ્કેલીઓ છતાં તે આગળ ને આગળ જતો રહે છે અને પોતાનું જીવન સફળ બનાવે છે. વૃક્ષનો ધર્મ ઊગવાનો છે એટલે તે ઊગે છે; ઊગતાં ઊગતાં તે જગ્યા રોકે છે, જમીનના રસ ચૂસે છે, પોતાનો 'સ્વાર્થ' સાધે છે...પણ સાથે સાથે પંખીઓને આશરો આપે છે, માણસના હાથમાં મીઠાં ફળ મૂકે છે, ધરતી ઉપર છાયાનો શીતળ આશીર્વાદ ઉતારે છે.

અને પ્રેમ? પ્રેમ તો મિશ્ર રસાયણ છે. એમાં કેટલો ભોગ ને કેટલો ત્યાગ, કેટલું દાન ને કેટલું ઋણ, દરેક પક્ષ કેટલું આપે ને કેટલું પામે એનું માપ કાઢવું અશક્ય છે. પણ પ્રેમના મૂળમાં બલિદાન છે, સમર્પણ છે, આત્મવિલોપન છે એમાં શંકા નથી. સાચો પ્રેમ એ સ્વાર્થનો પર્યાય નથી, સ્વાર્થનું ઓસડ છે. તે માણસને પોતાની બહાર લાવે છે, બીજાનો વિચાર કરતા કરી મૂકે છે, બીજાને માટે કામ કરતા ને ભોગ આપતા બનાવી દે છે. અને પ્રેમનું ઉત્કૃષ્ટ સ્વરૂપ ભક્તિ છે, ને ભક્તિ માણસને તેની જાત ભુલાવી દે છે ને ભગવાનનાં ચરણ સુધી લઈ જાય છે. હા, એમાં માણસની મુક્તિ છે, પરમ સુખ છે એ ખરું, પણ એ ભક્તિનું પરિણામ છે, ભક્તિનું કારણ નથી. ભક્તિથી મુક્તિ મળે, પણ મુક્તિની લાલચથી ભક્તિ ન થાય. સાચી ભક્તિ એ મુક્તિ અપાવે, પણ મુક્તિનો લોભ સાચી ભક્તિ ન કરાવે.

ભગવાને યુક્તિ કરી છે કે જ્યાં માણસનો સાચો લાભ છે ત્યાં સાચો આનંદ પણ મૂક્યો છે. ધર્મમાં માણસનો ઉદ્ધાર છે, અને ધર્માચરણમાં સાત્ત્વિક આનંદ ને સ્થિર શાંતિ છે. કુદરત પણ એનો સંકેત કરે છે. ડૉક્ટરોના કહેવા મુજબ કોઈ પણ ખોરાક પચાવતી વખતે હોજરી તેનું સાકરમાં પરિવર્તન કરાવે છે અને એ જ રૂપમાં આંતરડાં તે ચૂસી લે છે ને લોહીમાં જીવનદાયી તત્ત્વ તરીકે તરતો મૂકે છે. સાકરમાં પોષણ છે અને ગળપણ પણ છે. જ્યાં શક્તિ ત્યાં સ્વાદ. જ્યાં પુષ્ટિ ત્યાં મીઠાશ. પણ એ મીઠાશ ને સ્વાદને ખાતર જ જો માણસ ફક્ત ગળ્યું ખાય, ગમે ત્યારે ખાય, મર્યાદા વિના ખાય તો પોષણ નહિ પણ વિકાર થશે.

સ્વાર્થનિવારણ એ માણસનો અસલ ધર્મ છે, આગવો ધર્મ છે. કૂતરાને ભૂખ લાગી, રસ્તામાં રોટલાનો ટુકડો જોયો એટલે ધસીને એ મોંમાં લીધો ને ખૂણામાં જઈને ખાઈ ગયો. કદાચ બીજા કૂતરાને વધારે ભૂખ હશે, વધારે જરૂર હશે, એટલે રોટલાનો ભાગ પાડીને વહેંચીને ખાઈએ તો સારું, એ વિચાર કૂતરાને આવતો નથી. ઊલટું, જો બીજો કૂતરો રોટલો જોઈને સામેથી આવે ને પોતાનો દાવો નોંધાવે તો એ જરૂરિયાત કે લાયકાત જોયા વગર ચેતવણીના સૂર કાઢશે, દાંતિયાં કરશે, ને આગંતુકનો દુરાગ્રહ ચાલુ રહેશે તો લડી લેશે. પારકાનો ખયાલ ને સ્વાર્થનો ત્યાગ તેના સ્વભાવમાં નથી. ભેંસને ગરમી લાગી ને રસ્તામાં ગંદા પાણીનું ખાબોચિયું આવ્યું કે તરત તેમાં જઈને પડી. બીજી ભેંશને પણ ગરમી લાગતી હશે, થાક લાગતો હશે એટલે ચાલો, એને માટે જગ્યા કરી આપીએ એવો સુવિચાર ભેંશના મનમાં(?) સ્ફુરતો નથી. બીજાનો ખ્યાલ કરવો એ તેની પ્રકૃતિ નથી.

પણ માણસની વાત જુદી છે. માણસનો ધર્મ જુદો છે. પેટમાં ભૂખ હોય, હાથમાં કોળિયો આવે, પણ સામે પોતાના કંગાળ ભાઈને જુએ તો પોતે ભૂખ્યો રહીને તેને ખવડાવે છે, અને પોતે ખાધું હોય એના કરતાં ઉપવાસી રહીને બીજાને ખવડાવવામાં એ વધારે આનંદ અનુભવે છે. પોતે થાક્યો-પાક્યો આવીને ગાડીમાં ચડે, જેમતેમ જગ્યા શોધે, નિરાંતનો શ્વાસ લઈને બેસે... પણ તેના પછી ગાડીમાં કોઈ વૃદ્ધ માજી ચડી આવે, નિરાશાથી આસપાસ જુએ, ઊભાં રહે...ત્યારે એ (કેટલાક સજ્જનો હજુ કરે છે તેમ) પોતે ઊભો થાય, એમને બોલાવે, પોતાની જગ્યા ઉપર બેસાડે, ને હળવે હૃદયે પોતાના પગને થાક ભુલાવે. માણસનો ધર્મ જુદો છે. તે માણસ જ છે; મૂઢ ભેંસ કે જંગલી કૂતરું નથી. તે પોતાનો ભોગ આપીને બીજાને સુખી બનાવી શકે. એ દિવ્ય વૃત્તિ એના દિલમાં છે, અને એ ઉપરથી જ પ્રાણીસૃષ્ટિની વચ્ચે એ માનવી તરીકે ઓળખાય છે.

એટલે જો માનવીને ખરેખર માનવી થવું હશે તો તેનું એ લક્ષણ એણે કેળવવું રહેશે. જ્યાં સુધી એ પોતાના સ્વાર્થને વળગી રહેશે ત્યાં સુધી એ મૂઢ જનાવરોથી સૃષ્ટિમાં ખપવાનો. જ્યારે એ સ્વાર્થનો ત્યાગ કરે ત્યારે એ માનવીની કોટિમાં આવી જાય.

'સૌ સ્વાર્થનાં સગાં' એમ લોકોક્તિ કહે છે; અને વાત સાચી છે, કારણ કે સૌના દિલમાં સ્વાર્થનાં મૂળિયાં છે. પણ એ મૂળિયાં ઉખેડીને સ્વાર્થનાં કડવાં ફળ આવતાં અટકાવવાની પણ સૌના દિલમાં વૃત્તિ છે. માટે નિરાશાને અવકાશ નથી. સ્વાર્થને દબાવીને પરમાર્થની વૃત્તિ બહાર લાવવાની છે. અને પરમાર્થ આખરે તો 'પરમ અર્થ' એટલે મુક્તિ જ છે ને?

યજ્ઞેશ્વર શુકલ

લેખક - વાસુદેવ સ્માર્ત

શ્રી યજ્ઞેશ્વર શુકલ ગુજરાતના એક વિશિષ્ટ પ્રતિભાશાળી કલાકાર છે. ચિત્રકળાના અનેકવિધ પ્રવાહને તાટસ્થ્યથી નીરખીને એમણે આ ક્ષેત્રે અનેક માધ્યમો દ્વારા પોતાની અભિવ્યક્તિને સફળતાપૂર્વક રજૂ કરી ગુજરાતના કલાક્ષેત્રમાં એક અનોખું અને ઊજળું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ભારત તેમજ પશ્ચિમની, પ્રાચીન તેમજ સાંપ્રત કલાશૈલીઓની એક સરખી ઊંડી સમજ ધરાવનાર શ્રી યજ્ઞેશ્વરના આજના અનેક જાણીતા કલાકાર શિષ્યોમાંના એક શ્રી વાસુદેવ સ્માર્તે લખેલો એમનો આ પરિચય શ્રી શુકલ આ માસમાં સાઠ વર્ષ પૂરાં કરે છે તે નિમિત્તે યોગ્ય ગણાશે.


ઈ. સ. ૧૯૦૭ની ૧૦મી સપ્ટેમ્બરે મોસાળપક્ષે સુદામાપુરી- પોરબંદરમાં યજ્ઞેશ્વરભાઈનો જન્મ થયો. એમના નાના (માતામહ)પોરબંદરની વૈષ્ણવ હવેલીમાં કારભારી હતા. એટલે મંદિરના ધાર્મિક વાતાવરણમાં એમનો ઉછેર થયો. પિતાનો કલાપ્રેમ એમનામાં બચપણથી જ વ્યક્ત થવા માંડેલો, પણ પિતાની ઇચ્છા એમને બી.એ. કરાવ્યા પછી જ કલાશાળામાં મોકલવાની હતી એટલે અમદાવાદમાં માધ્યમિક શિક્ષણ લઈ ૧૯૨૮માં મૅટ્રિક થયા પછી એમણે ગુજરાત કૉલેજમાં પ્રવેશ લીધો. આ અભ્યાસ ચાલતો હતો ત્યાં ગાંધીજીનું સત્યાગ્રહ-આંદોલન શરૂ થયું એટલે તેમણે કૉલેજમાં જવાનું બંધ કર્યું. પણ કૉલેજ બહાર વર્ગો ચાલતા અને આચાર્ય કૃપલાની એમાં વ્યાખ્યાન આપવા આવતા. અભ્યાસ ઉપરાંત, ચિત્રાલેખનનો મહાવરો પણ યજ્ઞેશ્વરભાઈએ જારી જ રાખેલો. આચાર્ય કૃપલાનીના સુકલકડી દેહ અને માથે મોટાં ઝુલ્ફાંવાળા ચહેરાનો એમણે એ કાળે કરેલો એક સ્કેચ કૃપલાનીજીની સહી સાથે આજે પણ એમણે સંઘરી રાખ્યો છે.

અમદાવાદમાં અભ્યાસકાળ દરમ્યાન એમને શ્રી રવિશંકર રાવળનો સંપર્ક પણ થયો જેમાંથી એ રવિભાઈના કલાસંગ્રહ, ગ્રંથસંગ્રહ





મુંબાઈમાં ચિત્રકળાનો ડિપ્લોમા લીધો ત્યારે શ્રી જગન્નાથ અહિવાસીએ લીધેલો ફોટોગ્રાફ. જમણી બાજુ: 'બૉમ્બે ટૉકિઝ'માં હતા ત્યારે હિમાંશુ રાયના અંગત મંત્રી પરેરાએ લીધેલો ફોટો.



'ઘણા મને જૂની શૈલીનો ચિત્રકાર ગણે છે, પણ હું પ્રગતિશીલ વિચારમાં માનું છું. જૂનું બધું જ સોનું એ મને માન્ય નથી. મારા હૃદયને જે ગોઠયું તે પચાવવા હમેશાં પ્રયોગશીલ રહીને મેં મારું આગવું કલાસર્જન કરવાનો પ્રયત્ન કર્યો છે.'

તથા ચિત્રકામમાં એમના માર્ગદર્શનનો લાભ પામ્યા. રવિભાઈ કલાના વિદ્યાર્થીઓ પાસે સ્કેચિંગના મહાવરાનો ઘણો જ આગ્રહ રાખે છે. એની અસર યજ્ઞેશ્વરભાઈ પર પણ પડી અને ત્યારથી એમણે એનો શૉખ કેળવ્યો. ગુજરાતના શેઠ ચી. ન. કલામહાવિદ્યાલયના આજના આચાર્ય અને પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી રસિકલાલ પરીખ પણ એ સમયે રવિભાઈ પાસે કલાભ્યાસ કરતા હતા. એમની સાથે યજ્ઞેશ્વરભાઈની મૈત્રી બંધાઈ. આ બંનેની જોડીએ એ સમયમાં ઘણું ચિત્રકામ કરેલું. શ્રી રવિશંકર પંડિત દ્વારા એમણે ગુજરાતની શેરીઓ અને ભગ્નાવશેષોમાં રહેલા સૌંદર્યને પિછાન્યું.

આમ, કલારસિકમંડળ વચ્ચે એમનો વ્યાસંગ વધુ ને વધુ પોષાતો જતો હતો. મહાવરાને કારણે એમનું સ્કેચિંગ પણ સરસ અને પરિપકવ બન્યું હતું. એમનાં દૃશ્યચિત્રો તો ઘણાં સુંદર થતાં. 'મુંબઈ-સમાચાર'ના દીપોત્સવી અંકમાં એમનું એક ચિત્ર પ્રકટ પણ થએલું. એવું જ એક સુંદર દૃશ્યચિત્ર 'બૉમ્બે આર્ટ સોસાએટી'ના પ્રદર્શનમાં પણ સારી પ્રશંસા પામેલું. પણ હજી પદ્ધતિસરનો કલાભ્યાસ એમણે આરંભ્યો નહોતો. અંતે ઈ. ૧૯૨૯માં કૉલેજનું ભણતર છોડી તેઓ મુંબાઈની સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટ્સમાં કલાભ્યાસ માટે દાખલ થવા ગયા. અમદાવાદથી રવિભાઈએ ત્યાંના હેડમાસ્તર શ્રી તાસ્કર પર એક ભલામણપત્ર લખી આપ્યો. વળી, ત્યારના ત્યાંના હંગામી



સૌરાષ્ટ્રનો ભરવાડ: એચિંગ



જ્યોત્સ્ના: પોતાની પુત્રીના આ તૈલરંગી પોર્ટ્રેટ માટે શ્રી યજ્ઞેશ્વરને કલકત્તા ફાઈન આર્ટ સોસાએટીએ સુવર્ણચંદ્રક આપેલો.



કાર્તિક: પૅસ્ટલ ક્રૅયૉનથી કરેલી પુત્રની છબિ.
નીચે: રાજસ્થાની ખેડૂ બાઈ-પૅસ્ટલ સ્કેચ.



પ્રિન્સિપાલ શ્રી ધુરંધર સાથે એમના પિતાજીને પણ સારો પરિચય હતો એટલે એમણે યજ્ઞેશ્વરભાઈનું કામ જોઈને એમને ત્રીજા વર્ષમાં લેવાનો નિર્ણય કર્યો. પરંતુ પિતાજીની ઇચ્છા આરંભથી જ કલાશિક્ષણ લેવડાવવાની હતી એટલે એમણે પ્રથમ વર્ષમાં જ પ્રવેશ લીધો.

મુંબાઈમાં તેઓ વિખ્યાત કલાવિવેચક સ્વ. શ્રી કનૈયાલાલ વકીલના સંપર્કમાં પણ આવ્યા. યજ્ઞેશ્વરભાઈના કલાભ્યાસના આરંભનાં વર્ષોમાં આ શ્રી વકીલના પ્રોત્સાહન અને માર્ગદર્શનનો એક ઘણો મોટો લાભ એમને મળેલો. દર રવિવારે તેઓ પોતાનું કામ એમને બતાવવા લઈ જતા. શ્રી વકીલ એ જોઈ એના પર વિવેચન કરતા અને નવી નવી પ્રેરણા આપતા. મુંબાઈના પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમમાં સંઘરાએલું યજ્ઞેશ્વરભાઈનું 'માછીયુગલ' નામનું એક સુંદર જાણીતું ચિત્ર આ શ્રી વકીલની પ્રેરણાથી જ દોરાયું હતું. શરૂઆતમાં યજ્ઞેશ્વરભાઈ સ્ક્રીન પ્રિન્ટિંગમાં આજે નિષ્ણાત ગણાતા કલાકાર શ્રી જગમોહન મિસ્ત્રી સાથે રહેતા હતા. એમના સંપર્ક અને માર્ગદર્શનનો લાભ પણ યજ્ઞેશ્વરભાઈને મળ્યો.

બચપણથી જ કેળવાતી આવેલી કલાભિરુચિ અને ઘડાએલા હાથને કારણે કલાશાળામાં યજ્ઞેશ્વરભાઈની કારકિર્દી ઘણી ઉજ્જ્વળ રહેલી. શ્રી રવિભાઈની ભલામણથી અમદાવાદના શેઠશ્રી ચીનુભાઈ તરફથી એમને ડિપ્લોમાના વર્ષ સુધી એક શિષ્યવૃત્તિ મળતી રહેલી. શ્રી કનૈયાલાલ વકીલે પણ મુંબાઈના શેઠ શ્રી કેશવજીભાઈ પાસેથી એક શિષ્યવૃત્તિ અપાવેલી એટલે એમનો કલાભ્યાસ સ્થિરતાથી ઉત્તરોત્તર વિકાસ પામતો જતો હતો. શાળામાં શ્રી જગન્નાથ અહિવાસી જેવાના પ્રેમાળ ગુરુપદને કારણે એમની કલામાં ભારતીયતાના પ્રાણ સિંચાયા અને આમ પાંચ વર્ષનો અભ્યાસક્રમ એમણે પૂરો કર્યો ત્યારે 'મ્યુરલ'ના વર્ગની એમને શિષ્યવૃત્તિ મળી

કલ્યાણજીભાઈ શુકલ: સિંધ હૈદરાબાદમાં રામજી અને મુરલીધરના મંદિરમાં સેવા કરતા. પહેલે-થી જ ચિત્રકળાનો શોખ હોઈ હૈદરાબાદમાં ડ્રૉઈંગની થર્ડ ગ્રેઈડ પરીક્ષા આપી ચિત્રકાર તરીકે વાંકાનેર નાટક કંપનીમાં જોડાયા. કંપની સાથે અનેક ગામોમાં ફરવાનું થતાં ત્યાંના જાણીતા ઘણા ચિત્રકારોનો પરિચય પામ્યા અને ઊંડું ને વિશાળ અનુભવજ્ઞાન મળ્યું, પણ સ્થળાંતરોને કારણે કૌટુંબિક જીવનની સ્થિરતા ન રહેતી હોઈ એ કામ છોડી કલકત્તા સ્કૂલ ઑવ આર્ટ્સમાં કલાના વધુ અભ્યાસ માટે જોડાયા. અને ત્યાં પર્સી બ્રાઉન, જે. પી. ગાંગુલી અને લાલા ઈશ્વરીપ્રસાદ વગેરે જેવા ખ્યાતનામ કલાવિદોના અધ્યાપનનો લાભ પામી કલાશિક્ષક થયા. ઈ. ૧૯૨૨માં તેઓ અમદાવાદ આવી વસ્યા. અહીં શ્રી રવિશંકર રાવળના નિકટના પરિચયમાં આવવાથી વર્તમાન કલાપ્રવૃત્તિઓથી સદા જ્ઞાત રહેવા લાગ્યા. આજે સત્યોતેર વર્ષની વયે પણ અમદાવાદની બહેરામૂંગાની શાળામાં ચિત્રકળાનું શિક્ષણ આપે છે.



એટલે બે વર્ષ એમણે એના અભ્યાસમાં પણ ગાળ્યાં. આ પછી બે વર્ષ માટે એમને ફેલોશિપ પણ મળી. આમ, નવ વર્ષના કલાભ્યાસનો અધ્યયનકાળ એમના જીવનનો વિદ્યાપ્રાપ્તિનો મૂલ્યવાન સમય હતો.

આ નવ વર્ષ દરમિયાન તેઓ પ્રદર્શનોમાં પણ પોતાની કૃતિઓ રજૂ કરતા રહેતા અને એમાં પણ પારિતોષિકો મળતાં રહેલાં. ઈ. ૧૯૩૪માં ડિપ્લોમા પરીક્ષામાં એમને શાળાનો 'મેયો મૅડલ' પણ મળેલો. ૧૯૩૬માં પૂના ફાઈન આર્ટ સોસાએટીનો સુવર્ણચંદ્રક પણ તેઓ જીતી લાવેલા. બીજે વર્ષે પણ આ જ સોસાએટીનો રૌપ્યચંદ્રક અને સિમલા ફાઇન આર્ટ સોસાએટીનો કાંસ્યચંદ્રક એમણે લીધો.

પણ એમની આ કલા-કારકિર્દીની આડશે બહુ જ ઓછાને ખબર હશે કે ડિપ્લોમા પાસ કર્યા પછી યજ્ઞેશ્વરભાઈએ એમના ભાઈ શ્રી શરદચન્દ્ર પાસે એકાદ વર્ષ કથકનો પણ અભ્યાસ કરેલો, એટલું જ

ગીત-ગોવિંદ: એચિંગ-ડ્રાઇપૉઈન્ટ

અભિસારિકા: જલરંગી ચિત્ર.









→ જે અનેક માધ્યમોમાં યજ્ઞેશ્વરભાઈએ કામ કર્યું છે તેમાં શિલ્પનો પણ સમાવેશ થાય છે. આ મુખાકૃતિ એમણે પ્લાસ્ટરમાં ઉતારેલી છે. શિલ્પમાં પણ એમ-ણે વિવિધ માધ્યમો અજમાવ્યાં છે.


← ઉદેપુરની એક શેરીનું જલરંગી આલેખન
નીચે : ટેમ્પેરામાં કરેલું એક આમ્રકુંજ.

નહિ, ઠ૦ હૈદરાબાદ સુધી જઈ એમણે જાહેર કાર્યક્રમોમાં નૃત્ય પણ કરેલું. આમ, विनातु नृत्यशास्त्रेण चित्रसूत्र सुदुर्विधम् એ શાસ્ત્રવાક્યને એમણે સિદ્ધ કરી બતાવેલું.

એમના કલાભ્યાસનાં વર્ષો દરમિયાન દેશમાં પણ નવજાગૃતિની એક હવા ફેલાઈ ગઈ હતી. ગાંધીજી પ્રેરિત રાષ્ટ્રીય ચળવળોમાં દેશ-ના કંઈક યુવાનો ઝંપલાવતા હતા ત્યારે એ ચળવળોમાં પૂરી શ્રદ્ધા હોવા છતાં એમાં એકદમ કૂદી પડવાને બદલે તેઓ તેને નિસ્પૃહભાવે સમજવાની કોશિશ કરતા. પોતે ચુસ્ત ખાદીધારી નહિ, છતાં હમેશાં ખાદી પહેરતા. ખાદીનો ઝભ્ભો, જાકીટ, સફેદ ટોપી અને કચ્છ વાળેલું ધોતિયું તથા જયપુરી મોજડી એ એમનો વિદ્યાર્થીજીવનનો પોશાક હતો. પણ કૉલેજનું શિક્ષણ પૂરું કર્યા પછી એમણે પાશ્ચાત્ય પોશાક અપનાવ્યો છે. આજે પણ તે એ ખાદીનો જ પહેરે છે.

એમના ઘડતરમાં ઘરના સંસ્કારોની અસર તો પડે જ, પણ એ ઉપરાંત નિત્ય સંધ્યા-પૂજન કરતા પિતાજી તરફથી પત્રો દ્વારા પણ એમ-ની આધ્યાત્મિક વૃત્તિને સદા પોષણ મળતું જ રહેતું. તેઓ હમેશાં લખતા 'એક હી સાધે સબ સધે, સબ સાધે સબ જાય.' અને એને અનુસરી યજ્ઞેશ્વરભાઈએ છેક આજ સુધી પોતાનું એક જ ધ્યેય રાખ્યું છે – કલાભ્યાસ. આજે અનેક સિદ્ધિઓ મેળવ્યા પછી ય તેઓએ પો-તાની અભ્યાસવૃત્તિને જરા યે ઝાંખી પડવા દીધી નથી. અને એથી જ એમના કલાસર્જનમાં આગવું તત્ત્વ જળવાઈ રહ્યું છે.

કલાનાં અનેકવિધ માધ્યમોનો સફળ ઉપયોગ કરી (અનુ. પૃ. ૩૭૯)



જીવનપટનાં સ્મૃતિચિત્રો

રવિશંકર મ. રાવળ

૩૭૯ ગૃહસ્થાશ્રમનું ઘોંસરું

સમાન કોટિના સહવાસીઓમાં મારાં પત્નીને તો સાન્ટાક્રુઝ બહુ ગમી ગયું. સાથેસાથે ઘરમાં ચીજો વસાવવાની મહેચ્છા રહેતી. જોકે આસપાસના મિત્રોનો વૈભવ જરા ય અસંતોષ કરાવે એવો નહોતો, પણ મારે ત્યાં મુંબાઈના મિત્રો કે સંબંધીઓ આવી ચડતા ત્યારે ઘણી વાર વિમાસણ થતી. કોઈને રાત રહેવાનો આગ્રહ તો થાય જ નહિ. ચા કરવી એ તો સાધારણ વિવેક હતો. કોઈએ હજી ચા માટે ચીની પ્યાલારકાબી વસાવ્યાં ન હતાં તેમ તેનો પ્રચાર પણ નહોતો. છતાં કોઈ વાર નાસ્તાની જરૂર પડતાં સુખડી કે પૂરીઓ બનાવી લેવાં પડતાં. બિસ્કિટનો વિચાર તો સ્વપ્નામાં ય નહોતો.

હું ને મારા શિક્ષકમિત્રો રવિવારે સાન્ટાક્રુઝની પૂર્વમાં મિલિટરી રોડ પર બે માઈલ ચાલી વાકોલા મોહનભાઈ દવેને ત્યાં પહોંચી જતા. એમના સિવાય મુલાકાત કરવાનું અમારે માટે કોઈ સ્થાન નહોતું. એમને ત્યાં જઈએ ત્યારે દૂધ અને ફળાહાર અચૂકપણે આગ્રહથી ધરતા. પાછા વળતાં સ્ટેશન પરની મોદીની દુકાને ઘરખપનાં સીધાંસામાનનો ઑર્ડર મૂકતા તે તેમનો માણસ પહોંચાડી દેતો. રસ્તામાં જ શાક વેચનારાં બેઠાં હોય તેમની પાસેથી શાક લઈ ઘેર પહોંચીએ એટલામાં કોઈ ઓળખીતું સામું મળે નહિ. ક્વચિત વ્હીલર વિલામાં ભાનુબેન રોકે. એ બંગલાના માલિક શેઠ નરોત્તમ ભાણજીને હું સહેજસાજ ઓળખતો, પણ એમની સમાન કક્ષામાં અમે નહિ હોવાથી વાતચીતનો વ્યવહાર થતો નહિ. અમને પરિમિત સાધનોવાળાને બહુ મોટાઓ સાથે રોજિંદો પરિચય થવાની કોઈ શક્યતા નહોતી. અમારા ઘરની સામગ્રી અને જરૂરિયાતો પાર પાડતાં અમારો વખત અને શક્તિ ખર્ચાઈ જતાં. મેં ખર્ચને પહોંચી વળવા બ્રોમાઈડ છબિઓ કરવા માંડી હતી. ક્વચિત હાજી મારફત કવર-ચિત્રો કે દિવાળીકાર્ડો મળતાં. મુંબાઈમાં કેમ કમાવું તેના રસ્તાથી હું અજાણ હતો, પણ હવે બધું માથે આવ્યું છે તો હિંમતથી પાર થવાનો સંકલ્પ હતો. હાજી પણ મારા માટે ખૂબ પ્રયાસ કરતા તે હું જાણતો, પણ તેમના પોતાના ઘરસંસારમાં તંગી અને તીખાશ હતાં તે જાણ્યા પછી તેમની દયા આવતી અને ગમે તે ભોગે તેમનો સાથ સાચવવો એવું મનમાં નક્કી કર્યું હતું.

૩૮૦ મિત્રો અને મહેમાનો

સાન્ટાક્રુઝમાં રહેવા ગયા પછી મારા સમાન મિત્રોને મુંબાઈ બહાર રજા ગુજારવાનું એક સ્થાન મળ્યું અને કદીક રવિવારે કે ચાલુ વારે કોઈ સગુંસંબંધી રાત્રે આવી ચડતું. આવે વખતે તેમની સરભરા કરવાની મારે ત્રેવડ કરવી પડતી. છતાં એ દિવસોમાં કોઈ આવતું ત્યારે મમતાનો ઉછાળો અનુભવાતો. બહારના ઓટલે શેતરંજી નાખી મહેમાનો–મિત્રો બેસતા અને ગૃહિણી સારો નાસ્તો કે ચા બનાવી દેતી. એક વાર વડોદરાના પ્રોસેસવર્ગમાં મળેલા મિત્ર શંકરરાવ દહાડે આવી ચડ્યા. તે મહારાષ્ટ્રી હોવા છતાં મુંબાઈમાં તો તે 'આપણું વડોદરા' કહી 'આપણા બુધવારકર', 'આપણું કળાભવન' એમ જ આત્મીયતા લાવતા અને ગુજરાતીમાં જ વાત કરવાનો આગ્રહ રાખતા. મનુભાઈ બધેકા, રામરાવ, દેવલાલીકર કે પાવનજી પણ ક્વચિત્ મુલાકાતીઓ બનતા. ભાવનગરથી માણેકલાલ શુક્લ આર્કિટેક્ચરનો અભ્યાસ કરવા આવેલા તે મારા સ્થાનનો પત્તો મેળવી ઇચ્છાશંકર નામના એક સાહસિક યુવાનને લાવેલા. આ ઇચ્છાશંકરે ભાવનગરમાં મનુભાઈ બધેકાને ત્યાં થોડો વખત આશ્રિત તરીકે જીવન ગુજારેલું. વિધવા માતા અને ગરીબ બહેનનાં દુ:ખોની તે વાત કરતા. પોતે ઘરના ગરીબ એટલે ન્યાતમાં કન્યા મળે નહિ; આથી મુંબાઈ આવી મૂળજી જેઠા માર્કેટમાં ગુમાસ્તાગીરી સ્વીકારેલી. પાછળથી સદ્ભાગ્યે આ ટેકીલા જુવાનને વૈકુંઠરાય શ્રીપતરાય ઠાકોર જેવા સુજન વહીવટદારનો હાથ મળ્યો અને ધીરેધીરે કાપડના ખરીદ-વેચાણના કામમાં પાવરધા થઈ છેવટે પોતાની માલિકીની દુકાન કરેલી. તેની વાતો સાંભળતાં મારું અંતર ગળી જતું કે એ સંકટોવાળું જીવન પણ કેવા હસતે મોંએ વહાવી રહ્યા છે! પછી તો તેનું વેવિશાળ પણ થઈ ગયું હતું. એવા જુવાનો ઘણી વાર મારે ત્યાં અંતર ખોલી રાહત અનુભવતા.

૩૮૧ લાલભાઈ

એવામાં એક રાત્રે ભાવનગરથી મારા સ્ટેશન-બંગલા વર્તુલમાંના મસ્તરામના મશિયાઈ ભાઈ, કિશોર વયના ચુનીલાલે એકાએક સાન્ટાક્રુઝમાં દેખાવ દીધો. દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનના કેટલાક વિદ્યાર્થીઓ પ્રતિ મને વાત્સલ્યભાવ થયો હતો તે પૈકીના તે હતા. તેને અમે લાલ અથવા લાલભાઈ કહેતા. બોલીએ મીઠા અને કદે ગોળમટોળ બટુકડા લાગે. ભરચક ભવાં નીચે ચમકતી આંખો અને હસતા મોંવાળા આ તરુણે પોતાના હાલ કહ્યા: 'રવિભાઈ, તમે જાણો છો અમે મા વિનાના પાંચ ભાઈઓમાં હું મોટો છું. પિતાશ્રીએ માનું વાત્સલ્ય ધારણ કરી અમને મોટા કર્યા. એ તો લીમડા જેવા ગામડાના દરબારના કારભારી, એટલે વધુ ભણતર માટે હું જ પહેલો ભાવનગર આવી મસ્તરામભાઈને ત્યાં રહી અંગ્રેજી ભણવા લાગ્યો અને દક્ષિણામૂર્તિ ભવન સ્થપાતાં તેના પહેલા જ વિદ્યાર્થીજૂથમાં ભરતી થઈ ગયો. મૅટ્રિક સુધી પહોંચ્યો પણ પાસ થઈ શક્યો નહિ. લગ્ન થઈ ગયું છે અને પિતાને સહાય કરવા નોકરી શોધવા નીકળી પડ્યો છું.' મુંબાઈમાં બે દિવસ સુધી કેટલીયે પેઢીઓ અને ઑફિસોમાં જઈ ટેલ નાખી: મને ગમે તે કામ આપો, પણ એક વાર નોકરી પર લ્યો. પણ એનું વય જોઈ કોઈ ઠેકાણે ટેટો બાઝ્યો નહિ. મારા પર શ્રદ્ધા અને સ્નેહ બંધાએલાં એટલે હતાશ જેવા મારી પાસે આવ્યા ને કહ્યું, હું તો હવે કલકત્તા ચાલ્યો જઈશ. મને ઘણી જ હમદર્દી ઊપજી. કોઈ પણ કામ માટે કસોટી આપવા તૈયાર યુવાનને તક મળે નહિ એ આપણા દેશનું

શંકરરાવ દહાડે→



↓ લાલભાઈ



દુર્ભાગ્ય. પણ હું યે શું કરું? હું પણ જેમતેમ કરીને મારો ખર્ચ કાઢી રહ્યો હતો. પણ મને હાજીની નજર અને લાગવગમાં શ્રદ્ધા હતી કે તેની પાસેથી જ માર્ગદર્શન મળશે. એટલે સલાહ આપી: 'લાલભાઈ, એક દિવસ ખમી જાઓ. કાલ આપણે શેઠ હાજીમહંમદની સલાહ લઈએ.'

બીજે દિવસે સવારે અમે સાથે ખોજા મહોલ્લામાં 'વીસમી સદી'ની કચેરીમાં પહોંચ્યા. હાજી શેઠ તેના અક્ષરો અને બોલવાની ચાલાકી જોઈ મુગ્ધ થયા અને મને કહ્યું: 'તમારા આ મિત્રને હું જ મારી પાસે રાખી લઉં છું. માસિક રૂ. ૩૦ થી વધારે હું આપી શકીશ નહિ. અને ટકશે તો તે ઘણું શીખશે.' લાલને તો પગ મૂકવાનું જ ઠેકાણું જોઈતું હતું. તેણે બીજે જ દિવસે સગાને ત્યાંથી બિસ્તરો લાવી મારે ત્યાં મૂક્યો. પણ કોઈને અગવડ કે ભારરૂપ ન થતાં તે સવારની ટ્રેઈનમાં નીકળી જતા અને રાત્રે નવ વાગ્યે આવતા ત્યાં સુધી કોઈને ખબર સુધ્ધાં પડતી નહિ કે તે ક્યાં અને કેમ રહે છે. રાત્રે આવીને મને હાજીની સાથે થતી રખડપટ્ટી, મુલાકાતો તથા સંવાદોની રસભર વાતો કરતા, તેમાંથી હું હાજીના અંતરંગની વાતો જાણતો થયો. હાજીને ગુજરાતી સાહિત્યનો રસ લગાડનાર પ નીથી ત્રણ મોટા પુત્રો હતા. તે બાઈ ગુજરી જતાં ગુજરાતી નહિ જાણતી નવી પત્નીથી નાનકડો હબીબ હતો. બધા એક જ ઘરમાં રહેતા, પણ નવી પત્ની તેમના અલગ ખંડમાં જ રહેતાં. શ્રીમતીને હાજીના કામમાં કંઈજ રસ નહોતો. અંદરથી ગમે તેવી ખેંચ હોય તો પણ હાજી તેમનો બધો ખર્ચ પૂરો કરતા. લાલે બહુ જ ખૂબીથી થોડા વખતમાં હાજીની તંગ હાલત, નવા ગૃહસ્થાશ્રમનો વિસંવાદ, આગલા ઘરના પુત્રો સાથેનો વિવાદ વગેરેમાં પોતાની સમજણશક્તિ ને કાબેલિયતની ગવાહી આપી દીધી.

હાજીએ એક વખત મને એકાંતે જણાવ્યું કે 'તમારો આ મિત્ર મને ખૂબ જ કામનો થઈ પડ્યો છે, પણ મારી સાથે ક્યાં સુધી ટકશે તે હું કહી શકતો નથી.' મેં લાલને એ વાત કરી ત્યારે તેણે બેધડક કહી દીધું કે હાજીને ખાતરી આપજો કે તેમને નારાજ કરી હું કદી દૂર નહિ થાઉં. તેણે પણ હાજીમાં રહેલી ખાનદાની અને નિખાલસતાનો અનુભવ કર્યો હતો. હાજીના જેવો જ કોટ અને પાટલૂન તેમજ પૉલિસ કરેલા બૂટ પહેરવા માંડ્યા. માથે બૅંગલોરી કાળી ટોપી સાથે ઊંચા હાજીની સાથે આ તેની વામન આવૃત્તિ જોઈ ઘણા તેને હાજીનો ભાઈ માની લેતા. હાજી તેને ગમે ત્યાં—લેખની ઉઘરાણી, કામની ઉઘરાણી કે પૈસાની પતાવટ માટે—મોકલે ત્યાં તેને સફળતા જ મળતી. વચમાં તેને થોડો વખત જવું પડ્યું ત્યારે હાજીને તેની ખોટ ખૂબ સાલી હતી. પણ લાલભાઈ અંતે કલકત્તાનો માર્ગ છોડી મુંબાઈમાં જીવનભર સ્થિર થઈ ગયા.

૩૮૨ મસ્તરામનો પત્ર

પ્રિય રવિ, સિબપુર કૉલેજ, ૯-૧-૧૭ની સાંજ

તમારું પત્ર મળ્યું. તમારા શાન્તિકુંજ (સાન્ટાક્રુઝ)ના પ્રદેશનું સુંદર ચિત્ર જોઈ બહુ હર્ષ થયો. એ ચિત્ર મારા બંગાળી સહાધ્યાયીઓને હું સગર્વ બતાવું છું. તેમને સર્વને એ બહુ ગમ્યું હતું.

તમારું જીવન—તમારો સ્વભાવ તમે તટસ્થ રહીને જુઓ છો એવે વખતે તમે કેવા દેખાઓ છો તેનો ચિતાર અપાએલો જોવામાં મને બહુ ગમ્મત પડી. એ પ્રકારની ટેવ આત્મસુધારણામાં બહુ અગત્યનો ભાગ ભજવે છે. તમને કદીક ખૂબ ચીડાઈ જતા, કદી કદી આફરીન થઈ જતા અને કદી કદી બહુ શાન્ત થઈ જતા મેં તો વારંવાર જોએલા છે. એ સર્વે પ્રસંગોએ તમારા સ્વભાવનું નિરીક્ષણ કરી યોગ્ય માર્ગ ગ્રહણ કરતા જોવામાં હું પહેલેથી રસ લેતો આવ્યો છું.

હમણાં ચિ. લાલ દેશમાં ગયો છે. એને સાચવશો એવી ભલામણ કરવાની જરૂર નથી. ભાવનગરમાં તો બોર્ડિંગના મેળાવડામાં બહુ ભવ્ય અને સારી હિલચાલ હતી. સૌને આપણા વિના ઊણું લાગ્યું હતું. લાલ આવે ત્યારે એ સર્વ સમાચારનાં ગાંસડાં-પોટલાં મોકલવાનું તમે વચન આપ્યું છે તે ભૂલી ન જતા...તમે મને up to date ખબરો આપો છો એમ જ આપજો...સમય જાય છે તેમ મને મારાં નિર્જીવ લખાણો પર તિરસ્કાર આવતો જાય છે. હમણાં તો કશું લખવાનો નથી. લખીશ તો બહાર પાડવાની મરજી થવાથી નહિ.

હું ચિત્રકામ શીખવા ઇચ્છા કરું છું, પણ વળી એમ થાય છે કે 'વો દિન કહાં કિ મિયાં કે પાઉંમેં જૂતી!' તમને નવરાશ તો નહિ હોય પણ નવરાશ હોય તો ૧૦×૧૨ અથવા એથી નાનાં monochrome (એક રંગનાં) તમારાં ચિત્રો અમારી ઝૂંપડીમાં ચોંટાડવા મોકલશો?

—મસ્ત.'

એ જ પત્રમાં તેમના ભાઈ નાનાસાહેબે લખ્યું: 'તમારું પત્ર મળ્યું. તમારા લખવા મુજબ Ruskinનું Elements of Drawing (રસ્કિન કૃત 'ચિત્રકાર્યનાં મૂળ તત્ત્વો') પુસ્તક કલકત્તાથી લઈ આવ્યો છું. અત્યાર સુધીમાં શરૂનો જે ભાગ વાંચ્યો તેમાંથી પણ ઘણું શીખવાનું મળ્યું. ભાષા પણ એટલી બધી સરસ છે કે વાંચતાં કંટાળો આવે એવું નથી. એટલું તો સાચું કે beginners (પ્રારંભ કરનાર) માટે આ પુસ્તક વાંચવું અગત્યનું છે. —લિ. ન્હાનાનાં વંદન'

અનુસંધાન] પિંજર બહાર – અંતરમાં સૂનકાર [પૃ. ૩૬૧થી

અસંખ્ય લોકો પ્રેમમાં પડે છે, એની સાથે એ બીમારીને તાબડતોબ દૂર કરવાના ઉપાયો પણ હાજર છે, એટલું એને સાબિત કરી બતાવો.'

અમે નીકળ્યા. બૅરોમિની સાથે ક્યાંક ખાધું, પછી માટીનામાં ગયા. પૅરિસમાં જન્મેલા, મૂળ લૅબેનોન પ્રદેશના, હવે ઇટાલીના શહેરી ૨૮ વર્ષથી નેપલ્સમાં રહેતા સામી ફયાદની કૃતિ જોવા ઊપડ્યા નાટકનું નામ 'એકાદ બૅંકને શી રીતે લૂટવી?' સારો નાટક. ભજવણી પણ સારી, પ્લૉટ તો મને પ્રો. બૅરોમિનીએ રેસ્ટોરાંમાં સમજાવ્યો હતો. ગરીબ કુટુંબ, ભોળું, થોડું મૂરખ, થોડું ચક્રમ. એમાં એક જણ પાછલે દરવાજે બૅંકના સલામત ઓરડા સુધી જઈ લાખોની નોટોના કોથળા બાંધે છે. મજા એ છે કે એને જોવા-શોધવા એનાં સગાંવહાલાં પડોશી બધાં ત્યાં એકઠાં થઈ જાય છે. એમાં એની સગર્ભા બહેન પણ. અને તેને છેલ્લા દિવસો જતા હોઈ ત્યાં જ બાળકને જન્મ આપે છે. આ બિનકાયદેસરનું બાળક છે. છોકરીને વારંવાર પૂછવા છતાં બાળકના પિતાનું નામ જાહેર નથી જ કરતી. સવારે દસ વાગી જાય છે ત્યાં સુધી આખી ટોળી બૅંકમાં જ, કોઈ દવા લેવા તો કોઈ બાળક માટે દૂધ લેવા દોડધામ કરે છે. ત્યાં બૅંકનો મૅનેજર દાખલ થાય છે, અને પોલીસને બોલાવવા તજવીજ કરે છે. ત્યાં જેને પેટે છોકરું જન્મ્યું છે તેને એ જુએ છે. એ જ એનો પિતા; અને છેવટે આખું કુટુંબ મૅનેજરને જોખમે અને હિસાબે એને ઘેર જાય છે, મા અને બાળકને ઑસ્પિટલમાં મોકલવામાં આવે છે! (ચાલુ)

અંતરાલ

લેખક
ધીરેન્દ્ર મહેતા

એ બારી પાસેની સીટ પર બેસી ગયો. સ્ટેશન પર ખાસ ચહલપહલ નહોતી. બે-ત્રણ કુલી એકબીજાની બીડી લઈને પોતાની બીડી સળગાવતાસળગાવતા ગાળો બોલતા હતા. એક બાજુ એક આધેડ વયનો માણસ તેના ખભે રડતા બાળકને થપથપાવતો હતો અને તેની પત્ની જેવી લાગતી બાઈ ઉતાવળેઉતાવળે ચા પીતી હતી. બીજી બાજુ એક છોકરો સોડાફાઉન્ટનવાળા સાથે ઝઘડતો હતો. સોડા પીનાર એક માણસને તેણે આઇસક્રીમ ચાખવા આપ્યું હતું તો પછી પોતે આઈસક્રીમ ખાધું હોવા છતાં પોતાને સોડા શા માટે ન ચખાડે?...પ્લેટફૉર્મ પર આંટા મારતાંમારતાં એણે જે જોયું હતું તે જ બધું તેની નજર સામે દેખાતું હતું, છતાં તેમાં કેટલો બધો ફરક હતો! એ વખતે તે એ સૌમાં ભળી ગયો હતો; અત્યારે એ તેનાથી દૂર હતો, એની સાથે એને કોઈ લગાવ નહોતો...

...લગાવ નહોતો એમ પણ કેમ કહી શકાય? સામેના થાંભલા પરના બૉક્સ પર ફાટેલું પોસ્ટર ઊડતું હતું અને એમાં જાણે કે અલ્પાનો વિદાય આપતો રૂમાલ ફરકતો હતો. એ અંગ્રેજી સાહિત્ય સાથે એમ.એ.ની ડીગ્રી મેળવીને પીએચ.ડી.ના અભ્યાસ અર્થે લંડન જવા ઊપડચો ત્યારે અમદાવાદના રેલવે સ્ટેશનને વિદાય આપતી અલ્પા પેલા 'એડવરટાઈઝિંગ પોસ્ટ'ની જેમ જ જડ બનીને ઊભી હતી. છેક ગાડી ઊપડી ત્યાં સુધી એ પણ કશું બોલી શકચો નહોતો, માત્ર બારી બહાર એનો જમણો હ થ હાલ્યા કર્યો હતો...

...સામેની સિગ્નલ લાઈટમાં અલ્પાની નીલી આંખો ઝબૂકતી હતી. એ મિનિટો સુધી અલ્પાની આંખોમાં જોઈ રહેતો...

'શું જુએ છે, અનિકેત?' 'જોતો નથી, શોધું છું.'
'શું?' 'પ્રેમનો મર્મ.'

અને યુનિવર્સિટી ટાવરમાં સાત ડંકા પડચા કરતા, 'ફિઝિકલ રીસર્ચ લૅબોરેટરી' પર ઊડતા કાગડા શોર મચાવ્યા કરતા, કાર અને સ્કૂટર 'અટીરા'ની લૉનનાં ચક્કર લઇને વળાંક લીધા કરતાં અને લૉન પર બેઠેલાં હૉસ્ટેલનાં છોકરાં એમાંથી કશોક અર્થ તારવવાનો પ્રયત્ન કર્યા કરતાં. અલ્પાની આંગળીઓ ફુવારાના પાણીમાં સરકચા કરતી.

'અનિકેત!' એ જલ-પ્રવાહમાં વિલાઈ જતા અક્ષરોને પકડી લેતો.

'પાણીમાં લખેલા અક્ષરો કાયમ રહેતા નથી અલ્પા, ભૂંસાઈ જાય છે.'

'ભૂંસાઈ નથી જતા અનિકેત, ભળી જાય છે. જળના સમગ્ર અસ્તિત્વ સાથે ઓતપ્રોત થઈ જાય છે.'

બારી પાસેથી બે ત્રણ છોકરાઓ 'ચાય ગરમ' અને 'ફેન્ટા-ગૉલ્ડ-સ્પૉટ'ની બૂમો પાડતાપાડતા પસાર થઈ ગયા.

એણે પોતાનો ડાબો પગ ખજવાળ્યો.

'તું ક્યારેક જમણો પગ પણ ખજવાળતો હોય ને, તો નેચરલ લાગે.' પ્રફુલ્લ કહેતો, 'શરૂઆતમાં જરા પ્રયત્ન કરવો પડશે પણ પછી ટેવ પડી જશે.'

એ ખડખડાટ હસી પડતો એથી પ્રફુલ્લ ડઘાઈ જતો, 'હું મજાક નથી કરતો, સિરીઅસલી કહું છું.'

એ વધુ જોરથી હસતો. અને હજી પણ જ્યારે એ વાત યાદ આવતી ત્યારે એ એમ જ હસી પડતો. કમાલ હતો પ્રફુલ્લ પણ! (પ્રફુલ્લ એનો અને અલ્પાનો મિત્ર – એન્જિનીઅરિંગના વધુ અભ્યાસ અર્થે લંડન આવ્યો હતો).

એક રીતે એની વાત ખોટી પણ નહોતી. એણે પોતાના પગ સામું જોયું. ડૉક્ટરે આબેહૂબ 'આર્ટિફિશ્યલ લિમ્બ' તૈયાર કરાવી આપ્યો હતો અને તેને બૂટ પણ પહેરાવ્યો હતો. તેનું વજન પણ ડાબા પગના જેટલું જ હતું. શરૂઆતમાં થોડું વિચિત્ર લાગતું. પગ એનો ભાર નહોતો ઉપાડતો પણ એને પગનો ભાર ઉપાડવો પડતો. પરંતુ એને એનું દુઃખ નહોતું, નકલી પગ નહતો ત્યારે ત્યાં અંતરાલ ઝૂલ્યા કરતો – એને અકળાવી મૂકતો અંતરાલ! હવે એ અંતરાલ નહોતો.

ફર્સ્ટ ક્લાસના આખા કમ્પાર્ટમેન્ટમાં બીજું કોઈ નહોતું. બધે જાણે અંતરાલ પથરાએલો પડચો હતો. એનું ગળું સુકાતું હતું. એને બીક લાગતી કે એ મરી જશે ત્યારે એને કફનને બદલે કદાચ અંતરાલ ઓઢાડવામાં આવશે. એ નાનો હતો ત્યારે દરરોજ તેને એક સ્વપ્ન આવતું; એ જાણે જોરથી કંઈક બોલી નાખવા માગે છે પણ એનાથી બોલી શકાતું નથી. એના બે હોઠ ભેગા જ થઈ શકતા નથી. બે હોઠની વચ્ચે કોઈ પદાર્થ થીજી ગયો હોય છે....

...એ અંતરાલ હશે? એણે વિચાર્યું. આ સમસ્ત અંતરાલને એકઠો કરીને અલ્પાની આંખોમાં ભરી દીધો હોય તો?

એ ભાનમાં આવ્યો હતો ત્યારે પહેલાં એણે આસપાસના વાતાવરણને દૃષ્ટિથી પંપાળી જોયું હતું. પછી જમણો હાથ બધે ફેરવ્યો હતો. એના માથા પર પાટો બાંધેલો હતો અને ત્યાં ભીનીભીની વેદના થતી હતી. પછી એણે ડાબો પગ હલાવી જોયો હતો અને પછી... એનાથી સહસા ચીસ પડાઈ ગઈ હતી: 'સિસ્ટર!'

એક ગોરી ગોરી બુઢ્ઢી સિસ્ટરે દોડી આવીને એનો હાથ પકડી લઈ માયાળુ સ્વરે પૂછ્યું હતું: 'મિ. અનિકેત, કેવું લાગે છે તમને?'

'મારો પગ? મારો જમણો પગ ક્યાં છે, સિસ્ટર?' એણે વિહ્વળ અવાજે પૂછ્યું હતું.

'તમે એક ભયંકર અકસ્માત વહોરી લીધો હતો મિ. અનિકેત, તમને યાદ છે?' સિસ્ટરે ભીના અવાજે કહ્યું હતું.

એ આંખો મીંચી ગયો હતો અને દૃશ્ય ઊઘડતું હતું:

એક સાંજે યુનિવર્સિટીથી વળતાં 'સાઉથ ઍવન્યુ' પાસેના ક્રૉસિંગ આગળ ક્રૉસ કરવા જતાં એક સાત-આઠ વર્ષની બાળકી પર ટ્રક ધસી જતી હતી. વળતી જ ક્ષણે દોડી જઈને એણે બાળકીને દૂર હડસેલી મૂકી હતી અને ચોમેરથી ગાજતી બ્રેકની ચિચિયારીઓ અને માણસોની ચીસો એને ઘેરી વળી હતી.

'ડૉક્ટરે બહુ કોશિશ કરી મિ. અનિકેત', સિસ્ટરે એનો કંપતો હાથ પોતાના બંને હાથોમાં દાબી લીધો હતો. 'પણ તમારો જમણો પગ કાપી નાખ્યા વિના તમારો જીવ સુરક્ષિત નહોતો.'

એની નજર આગળ એની અપંગ આકૃતિ તરવરી. એ ડાબે પગે ઊભો હતો. એના જમણા સાથળ નીચે જાણે અંતરાલ ટિંગાતો હતો. એનાથી સહન ન થયું. એ જોરથી કંઈક બોલી નાખવા માગતો હતો પણ એના બે હોઠ ભેગા જ થઈ શકતા નહોતા. બે હોઠની વચ્ચે જાણે કોઈ પદાર્થ થીજી ગયો હતો. અને તે જોરથી રડી પડચો.

'બટ યુ ડૉન્ટ વરી એટ ઑલ માય પૂઅર ચાઈલ્ડ!' સિસ્ટર તેના વાળમાં આંગળીઓ ફેરવતી હતી 'અમે તમને આર્ટિફિશ્યલ લિમ્બ બનાવી આપીશું. ઍન્ડ યુ વિલ નેવર ફીલ ધેટ યુ આર અ લેઇમ.'

એ સિસ્ટર સામું જોઈ રહ્યો. એની-આંખોમાંથી નીતરતી કરુણા-માં જાણે એની વેદના ઓગળી જતી હતી.

અને પછી એની જિંદગીએ નવો વળાંક લીધો હતો. એ વળાંક પર આર્ટિફિશ્યલ લિમ્બ અને ઘોડીની મદદથી એની અપંગ જિંદગીએ ગતિ આરંભી હતી.

છેલ્લા વીસેક દિવસમાં અલ્પાના ત્રણ-ચાર પત્રો આવી ગયા હતા. અલ્પાને આ અકસ્માતની વાત કેવી રીતે લખવી એની અસમંજસમાં એ હતો ત્યાં એક દિવસ પ્રફુલ્લે એને કહ્યું હતું: 'મેં અલ્પાને લખી નાખ્યું.'

'શું?'

'તને નડેલા અકસ્માત વિષે.'

'મને પૂછ્યા વગર કેમ લખ્યું?' એ ગુસ્સે થયો હતો. 'એને કેટલો આઘાત લાગશે ખબર છે? આવી વાત અમુક રીતે જ રજૂ થવી જોઈએ નહિ તો...'

દિવસો વીતતા જતા હતા. એનો થીસિસ પૂરો થવા આવ્યો હતો. લંડન છોડીને સ્વદેશ જવાના દિવસો પાસે આવતા જતા હતા પણ અલ્પા તરફથી કોઈ ઉત્તર નહોતો આવ્યો. એ દરરોજ ઉત્સુકતા-પૂર્વક રાહ જોતો. શરૂઆતમાં તેને બીક હતી કે અલ્પા આ આઘાતને જીરવી નહિ શકે. હવે તે ઇચ્છતો હતો કે અલ્પાને કારમો આઘાત લાગે. દરરોજ વહેલી સવારે એને સ્વપ્ન આવતું. અલ્પા જાણે પૂછે છે: 'શું જુએ છે અનિકેત?'

'તારી આંખોમાં પાંપણની પાંખ બીડીને બેઠેલાં પ્રેમનાં પંખી.'

'એ પંખીને પકડવા તો તારે ખૂબ દોડવું પડશે અનિકેત! તું કેમ દોડી શકીશ?' એમ કહીને તે દોડી જાય છે. એ તેની પાછળ દોડવા પ્રયત્ન કરે છે. ત્યાં અચાનક એનો નકલી પગ છૂટો પડી જાય છે અને ત્યાં પેલો અંતરાલ ઝૂલ્યા કરે છે... અને તે ઝબકીને જાગી જતો. તેને આખે શરીરે પરસેવો વળી જતો. એ પ્રફુલ્લને જગાડીને પૂછતો: 'તેં અલ્પાને બધી જ વિગત લખી છે?'

'હા, અનિકેત! પછી તો મેં એને બીજા બે-ત્રણ પત્રો લખ્યા છે.' પ્રફુલ્લ બગાસું ખાતાંખાતાં કહેતો—અને એ ધ્રૂજી જતો.

અચાનક એના 'કમ્પાર્ટમેન્ટ'નું બારણું ખૂલ્યું. એક યુવતી બાર-તેર વર્ષના છોકરા સાથે દાખલ થઈ. લંબગોળ ચહેરો, સહેજ લાંબુ નાક, અધરોષ્ઠની દીર્ઘ રેખા અને ડોકની નીચે 'સોરિયાસીસ'-નો બદામી ડાઘ! નીલી આંખોને શોધવા જતી અનિકેતની નજર ગૉગલ્સની આડે અવરોધાઈ.

'અલ્પા!' એના ફરકવા જતા હોઠ છોભીલા પડી ગયા.

'ફુવા, અહીં બેસી જાઓ.' પેલો છોકરો કહેતો હતો અને એ યુવતી આમતેમ ડોકું ફેરવીને જાણે કે વાતાવરણને પામવાનો પ્રયત્ન કરતી હતી. એ નકલી પગ પર પોતાનું વજન ટેકવવા પ્રયત્ન કરતો તે એને યાદ આવ્યું.

'ડૉકટર મને કહેતા હતા.' પ્રફુલ્લ કહેતો, 'ધીમેધીમે ફાવી જશે અને પછી તો ઘોડીની પણ જરૂર નહિ રહે.'

'મને ટેકા વગર ચાલવું ફાવે તેમ નથી પ્રફુલ્લ!' એ વેદનાભર્યું હસીને કહેતો, 'પહેલાં અલ્પા હતી, હવે આ ઘોડી...'

'તું અલ્પાને લાકડાની ઘોડી સાથે સરખાવે છે?'

'ના રે ના, એવી સરખામણી કેમ થાય? આ ઘોડી તો મને કદાપિ છોડી નહિ જાય.'

'મન મોર મેઘેર સંગીતે,
ઉડે ચલ દિગ્દિગન્તેર પાને શ્રાવણ વર્ષણ સંગીતે
ઉડે ચલ, ઉડે ચલ, ઉડે ચલ!'

બારી બહાર મુખ રાખીને ગાતી પેલી યુવતીના સ્વરો એના કાને અથડાયા અને એ ચમકી ગયો. એના મનોદેશમાં વ્યાપેલા અંતરાલમાં સાબરમતીનો પટ, આથમતો સૂરજ, કપડાં ધોતાં ધોબીના અવાજો-ની વચ્ચે અલ્પાને કંઠેથી વહેતું રવીન્દ્રનાથનું એ ગીત ઘૂમી રહ્યાં.

ત્યાં એ સ્વર બંધ પડી ગયો. સ્ટેશન આવ્યું હતું. પેલી યુવતી અને છોકરો ઊભાં થયાં. છોકરો ઝડપથી ઊતરી ગયો. એની પાછળ ઊતરતી યુવતીને દરવાજાનો ધક્કો વાગ્યો અને હાથમાંનું પાકીટ પડી જતાં એના હાથ હવામાં આમતેમ ફંગોળાયા. 'હું લઈ લઉં છું, ફુવા!' પેલા છોકરાએ ઉતાવળમાં પાકીટ લઈ લેતાં કહ્યું.

એની નજર એમની પાછળપાછળ છેક પ્લૅટફૉર્મના છેડા સુધી ગઈ અને પાછી વળીને દરવાજાની આડમાં પડી ગએલા પુસ્તક પર અટકી ગઈ. એણે ઝડપથી પુસ્તક ઉપાડી લીધું અને ઉઘાડયું:

'એકોત્તરશતી' —રવીન્દ્રનાથ ટાગોર

પ્રિય અલ્પાને —અનિકેત

એણે એકદમ બારી બહાર જોયું. ધુમાડાના ગોટેગોટા ઊડતા હતા. એમાં અટવાયેલી એની નજર કશું જોઈ ન શકી. એને થયું પેલો અંતરાલ છેવટે ધુમાડો બનીને બધે ફેલાઈ ગયો છે.

અનુસંધાન] **મોં દ્વારા કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ** [પૃ. ૩૬૨થી

દબાણ આપવું કે જેથી હોજરી હવાથી ભરાઈ ન જાય. એક મિનિટ-માં વીસેક વખત આમ કરવું.

કૃત્રિમ શ્વાસોચ્છ્વાસની બધી રીતોમાં યોગ્ય મહાવરાની જરૂર છે. એ માટે જાણકારના માર્ગદર્શન નીચે થોડો અનુભવ લેવો જોઈએ.

ક્વચિત ગંભીર ઈજાઓ અને દાક્તરની ગેરહાજરીમાં કલાકો પર્યંત કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવા પડે. પણ જ્યાં સુધી દાક્તર આવીને રોગી મરણ પામ્યાનું ન કહે ત્યાં સુધી એ ક્રિયા ચાલુ રાખવી. લાંબા સમય માટે એકલે પંડે આ કામ ઉપાડાય એવું ન હોઈ સહાયકોની પણ વ્યવસ્થા હોવી ઇચ્છનીય છે.

પ્રાથમિક સારવાર ઉપાડનારે મરણની સંજ્ઞાઓ પણ જાણવી જરૂરી છે. એવી સ્થિતિમાં શ્વાસોચ્છ્વાસ ચાલે છે કે નહિ એ જાણવા રોગીના નાક આગળ દર્પણ ધરવું. જો ચાલુ હશે તો અંગારવાયુના લીધે દર્પણ ઝાંખું પડશે આ ઉપરાંત, હૃદયના ધબકારા અતિ મંદ પડી નાડી હાથમાં ન આવવી, આંખની કીકી પહોળી બનવી (એના ઉપર બેટરીનો પ્રકાશ ફેંકવા છતાં ય તે સંકોચાતી નથી), પોપચાં ઉઘાડાં રહેવાં અને આંગળી અડકાડતાં પણ એ ન મીંચાવાં, અને શરીર ઠંડું પડવું એ બધી મરણની સામાન્ય નિશાનીઓ છે. ડૂબવાના યા ઝેરી વાયુ ને વીજળીના ઝટકાથી થએલા અકસ્માતમાં દાક્તર પોતે રોગીને તપાસીને મરણ થયાનું જાહેર ન કરે ત્યાં સુધી કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવાના પ્રયત્નો જારી રાખવા.

કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપતાં આપમેળે શ્વાસોચ્છ્વાસ શરૂ થાય પછી યે રોગીને સુવાડી જ રાખવો. જો આ અરસામાં દાક્તર આવી પહોંચ્યા ન હોય તો અને રોગી પૂરેપૂરો ભાનમાં આવ્યો હોય તો જ ગરમ ચા કે કૉફી આપવી યા ચમચાપુર સ્પિરિટ ઍમોનિયમ એરો-મૅટિક્સ પાણી નાખીને પાવું. પણ કદી દારૂ ન પાવો શ્વાસોચ્છ્વાસ ચાલુ થયા બાદ ક્યારેક ફરી બંધ પણ પડી જાય છે. આ માટે રોગીને જોતા રહેવું અને જો શ્વાસોચ્છ્વાસ બંધ પડે તો તરત જ ફરી કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવા.

પિંજર બહાર-અંતરમાં સૂનકાર

ચંદ્રવદન ચી. મહેતા

લુફ્થિયાના છોડી વિમાન હવામાં ઊપડયું. પંદરવીસ મિનિટ બાદ સ્વસ્થ થવાના પ્રયાસો કર્યા, મગજને સંકોરી, હૃદયમાં શાંતિ સ્થાપવાની મથામણમાં પડયો. નીચે પથરાએલો આદ્રિયન સાગર ઓળંગી ગયા; અને ઇટાલીનો કંઈક ડુંગરાળ કંઠાર પ્રદેશ નજરે પડયો. ત્યાં જ એકાએક જૅક રેશિન્યો સાંભર્યો. આખા યુરોપભરમાં ભલભલાં દુ:ખોમાંથી ઉગારનાર એ એક જ વ્યક્તિ છે. એનો સત્સંગ સાધતાં જ ચિત્ત પ્રફુલ્લાશે. આપણું પ્લેન મિલાનો–મિલાનમાં ઊતરવાનું છે તો આ સદ્‌મિલનનો લહાવો કેમ ન લેવો? જૅક વારંવાર પોતાને ત્યાં આવવા લખ્યા કરે છે, તો એની પાસે જઈ વાંસે હાથ કેમ ન પંપાળાવવો? ઇટાલીને અગાઉ ઘણી વાર તરછોડયું છે, કારણ અહીં ઠંડક ઓછી ને તડકો વધારે. પણ જૅક મિલાનમાં છે, તો એની આગળ દિલનો ભાર શા માટે ખાલી ન કરવો?

અને ઇટાલી માટે પૂર્વગ્રહો પણ શા માટે સંઘરવા? પ્રદેશ કલાકૃતિઓથી ભરપૂર છે. જેટલો જૂનો છે, એટલો જ નવો છે. ચિત્ર, શિલ્પ અને ધર્મ, એ ત્રણ થકી સેંકડો પ્રવાસી શતકોથી આકર્ષાઈ અહીં આવ્યા છે, પરંતુ એટલા જ કે કદાચ એથી પણ વધારે ઇટાલિયન રમણીઓથી મોહ પામી મુગ્ધ બની લટ્ટુ થવા પણ આવી ગયા છે. ઘણા પરદેશીઓ રસ્તે ચાલતી કોઈ છબીલીને જોઈ માંસ-મલીદાથી ભરી કોથળી લઈને જતા કોઈ ખાટકીની પાછળ કૂતરા દોડે એમ, પૂંઘે પડયા છે, એમાં કેટલાકની મુરાદો બર પણ આવી છે, કેટલાકે પ્રેક્ષકોની હાંસી પણ નોતરી છે, કેટલાક અભાગિયાઓએ સાનભાન સાથે દિલ ખોઈ, પ્રણયના પૂરમાં તણાતા રહી, યેનકેન પ્રકારેણ જિંદગીનો અંત પણ આણ્યો છે. હકીકત છે, અહીંની ધરતી ઉપર પ્રેમ-પ્રણય-ચેષ્ટા, ચારેકોર, બારેમાસ રંગીલી હવામાં સૂરજનાં ખુશનુમા કિરણોથી પોષાઈ આપમેળે ઊગેલા સૂરણની જેમ વવળતી રહી છે. ઉત્તરથી ઊતરતાં દક્ષિણ તરફ ચાલ્યા કરો, તો શહેરશેરીમા કે સાગરકાંઠાની રેતાળ ઓસરીઓ પર, ગિટારવાદન, નાચખેલ, રમતગમત, બજાર-વિહાર ઉદ્યાનમંડપ કે ખડિયેર ખૂણાના મોકાઠેકા ઉપર આંખ ચમકથી માડી ચુંબનઆલિંગનનાં દશ્યો વધતાં પ્રમાણમાં જોવા મળશે. ખરી વાત છે, રાજામહારાજા, અમીર-ઉમરાવ, શાહજાદી-શાહજાદાઓ અહીં દિલ બહેલાવવા આવ્યા ગયા છે, વધારે વાર રહી ગયા છે, ફરી ફરીને પણ આવ્યા છે. રાણી વિક્ટોરિયા, બ્રાઉનિંગ વહુવર, માર્કટ્વેન, આલડ્સ હક્સલી, લૉર્ડ બાયરન, રસ્કિન, વાગનર, શેલી, ગૉર્કી, ગ્યોટે–કે ગટે કવિ નવલકથા લેખક ચિત્રકાર સંગીતકાર ને કંઈક કલાધરોએ ઇટાલીમાં પ્રવાસ ખેડયો છે. પ્રવાસ ખેડવો આજે તો સહેલો ને સગવડભર્યો છે, પણ જ્યારે દોઢ-બે સદી પહેલાં ઇટાલીમાં ફરવું, એટલે લૂટાવાનો પૂરો ભો, જાન ખોવાનો એથી અદકો ભો, ત્યાં છેતરાવા ને ફૂડકપટના ભોગ બનવાના તો સામાન્ય પ્રસંગો, તો પણ ઢગલેબંધ મુસાફરોએ આવનજાવન કરી છે. હા, સલામતી શોધવા યા જાન બચાવવા ચાલાક મુસાફરોએ તરકીબો પણ અજમાવી છે. એક વિલિયમ ગ્રેનો દાખલો પ્રખ્યાત છે. એ ઘણો પૈસાદાર છે, એવી એની આબરૂ, પાછા ફરતાં રસ્તે લૂટાવાનો પાકો ભય, એટલે નીકળવાના દિવસ પહેલાં થોડા દિવસ એ માંદો પડી પથારીવશ બન્યો; રોજ સવાર-સાંજ દાક્તર આવે, માંદગીમાં કશું જ નહિ, પણ દાક્તરને એની ફી મળે, આમ માંદગીની હવા ફેલાવી એક દિવસ છાનોમાનો એ બેત્રણ મળતિયા સાથે ગચ્છંતિ કરી ગયો. તે દિવસ પછી પણ દસબાર દિવસ દાક્તરસાહેબે દિવસના બે વાર એના ખંડમાં એની ગેરહાજરીમાં પણ એને તપાસવા આવવાનું ચાલુ રાખ્યું. ફક્ત એક વિશ્વાસુ માણસ સિવાય બીજું કોઈ એના ખંડમાં દાખલ ન થઈ શકે એવો દાક્તરનો હુકમ હતો. અલબત્ત, દાક્તરને આગળથી ફીની રકમ આપી દીધી હતી. આમ, લોકોને ભ્રમમાં રાખી એ પોતાને મુલક પહોંચી જઈ શકયો. અહીં ફરી વાર ઊતરું, કોઈ ઇટાલિયન રમણી મને લલચાવવા નવરી નથી, અને લલચાવે તો જૅકભાઈ તૈયાર છે, આવી વિચારમાળા પરોવ્યો જાઉં છું ત્યાં તો મિલાનની હાક વાગી, અમે ઊતર્યા, ટ્રાન્સિટમાંથી જ જૅકસાહેબને ફોન કર્યો, અને પોણા કલાકમાં તો જૅક રેશિન્યો એરપોર્ટ ઉપર હાજર, પછી શું જોઈએ?

‘જૅક! બહુ ગમગીન છું. બેત્રણ દિવસ રહેવું છે. કયાંક રૂમ મળશે?’

‘એક તો મારા ઘરની સામેની આપણી જાણીતી હોટેલમાં રૂમ નક્કી કરાવીને આવ્યો છું પણ તમારે બીજા કેટલા રૂમ જોઈએ છે—કે, યુ વોન્ત એ સિરિઝ ઑફ હોટલ્સ, લાઈક મહારાજા! આઈ જસ્ત ફોન, ઍન્ડ યુ ગેત તુ થ્રી ઓર મે બી ફોર.’ જૅકનું અંગ્રેજી, ‘આલા તાલિયાના; ગ્રામર, નો કેર; મિનિંગ ડોન્ટ વોરી; ટૉક વી કેરી, ઓલ વી અન્દરસ્ટૅન્ડ’. અટકયા વિના, જે શબ્દો જીભે ચઢે તેને મીઠા અવાજમાં લસોટી પાણિનીના પિતાજીને પણ ભુલાવે એવાં વાક્યોની બાંધણીમાં બાંધતો સડસડાટ ચાલ્યો જાય.

ચોકાચોરા વટાવી બહાર નીકળ્યા, એટલે જૅક ઘડીક ઊભા રહ્યા. મારા હાથની નાડ પકડી, પૂછયું, ‘લવ સિકનેસ?’ મેં કહ્યુ, ‘લગભગ.’

તો કહે છે, ‘ચાલો પાછા–કયાં બીમારી લાગી, હિન્દુસ્તાન, બલુચિસ્તાન, તુર્કસ્તાન, અફઘાખાન કયાં?’

મેં કહ્યું: ‘તમારી પડોશમાં યુગોસ્લાવિયામાં.’

એકદમ સોહામણું અણિયાળા નાકવાળું એનું ગોરું મોઢું, માથે કાળા ભમ્મરિયા વાળ, ચામડી લીસી સુંવાળી ચકચકતી, આંખ તેજસ્વી, એવું સુંદર એનું મોં જેટલું કટાણું થઈ શકે એટલું કરી બોલ્યા. ‘સી.સી., પ્રેમમાં પડવા માટે તમે તે કેવોક દેશ શોધી કાઢયો? દુનિયાભરના લોકો પ્રેમમાં પડવા માટે ઇટાલી આવે છે, જ્યારે તમે અહીં આવતાં પહેલાં પ્રેમમાં પડયા? વળી બીમારી સાથે લેતા આવ્યા! લાખો લોકો અહીં પ્રેમમાં પડયા, પડે છે, પડશે. એને લાયકની ઈશ્વરે આ જ ભૂમિ બનાવી છે, અને એટલા માટે અમારા ધર્મનું મોટું દેવળ પણ અહીં જ એણે સ્થાપી આપ્યું છે. હમણાં હું ઇટાલીમાં આજ સૈકાઓથી પ્રેમમાં પડનારાઓની એક બિબ્લીઓગ્રાફી તૈયાર કરું છું. અમારી અકાડેમીએ એ કામ મને સોંપ્યું, અને એને છપાવવાનો ખર્ચ સરકારે આપવા વચન આપ્યું છે, પણ પહેલા અક્ષર એ–અ. એની ઉપરની સંખ્યા જ દોઢ વૉલ્યુમ જેટલી થઈ, અને એવાં ચાળીશેક વૉલ્યુમ થઈ જશે એટલે સરકારે છપાવવાના ખર્ચનું વચન પાછું ખેંચી લીધું. એમ એ વાઈ, મે બી, હિન્દુસ્તાનમાં આપણા દોસ્ત ફીકા ધીઆ ખર્ચ આપે કે કદાચ મોરારજી પણ આપે–આપશે?’

‘ફીકાભાઈ કદાચ આપત, પણ, નહિ આપે.’

'કેમ એ પ્રેમમાં માનતા નથી?'

'છટ્ છટ્, જૅક! એમ તું સૌ કોઈને અન્યાય ન કર. કોઈ પણ નહિ આપે, કારણ તમે ઇટાલિયનો હિટલરની પડખે રહી અમારી સામે લડચા હતા.' મેં કહ્યું એટલે તો તતડી ઊઠચા. 'ડોન્ટ ટૉરચર હિસ્ટરી.'

'યુ મીન ડીસ્ટૉર્ટ?'

'સી. સી. તમે પ્રોફેસર છો, હું નથી. શબ્દોની મારામારી ના કરો. પ્રેમમાં પડેલો માણસ આવી તકરારો નથી કરતો. એક મુસોલિની હિટલરની પડખે ઊભો હતો, અમે ઇટાલિયનો નહિ. સમજ્યા? મૂળ વાતે બધા જ ઇટાલિયનો પ્રેમમાં પડે છે, અને બહારથી જે કોઈ આવે છે, તે પણ પ્રેમમાં પડે છે.'

'તો જૅક તમે પણ પ્રેમમાં પડચા હશો!'

'ના, ઇન્ડિવિડચુલ નહિ. હું વ્યક્તિ છું. એટલે હું નહિ. ઇટાલિયનો કશું જ પ્રેમમાં સમજતા નથી, એટલે જ પ્રેમમાં પડે છે, એ એમની ખૂબી છે. પ્રેમમાં પડવા માટે લાયક ભૂમિ તે આ જ છે.'

'જૅક, ઇતિહાસને હવે તમે મચકોડો છો. અમારી ભૂમિ પર પણ લોક પ્રેમમાં પડે છે. રોઝાલિન હિન્દમાં આવી પ્રેમમાં પડચો.'

'આ...આ...ફિલ્મ પ્રોડચુસર! બરાબર-પણ એ ઇટાલિયન ને ફિલ્મ સ્ટાર, એને દુનિયાભરમાં ગમે ત્યાં પ્રેમમાં પડવાનો અધિકાર, એ પ્રેમમાં પડે, પરણે, છૂટાછેડા લે, ફરી પરણે, બાદ પ્રેમમાં પડે, અને એવું લડે કે ફરી છૂટાછેડા લે, પછી એકી સાથે બેના પ્રેમમાં પડે-'

'જૅક! મને લગભગ એવું જ થયું છે, મારા ચિત્તમાં હમણાં બે જણાંની છબિ ઘોળાય છે.'

'ત્યારે તમે પાકા ઇટાલિયન! ધન્ય છે. વેલ-કમ, ઓહો! જો મારી બિબ્લીઓગ્રાફી પૂરી થાય તો એમાં વૉલ્યુમ નંબર ત્રણમાં તમારું નામ આવશે –આહ સરસ! તમે અમારા વોલ્યુમમાં!' એમ કહી એણે એની બે શોભીતી આંગળી પોતાને મોઢે અડાડી એક ઊડતી ચૂમી બચકારી.

'જૅક! આ મિલાનોના એરપોર્ટની ફૂટપાથ ઉપર આપણે પ્રેમની ચર્ચા કર્યા કરીએ, એના કરતાં હોટેલ ઉપર જઈને વાતો કરીએ તો?'

'મે બી યુ આર હંગરી, ચાલો અહીં જ કશે ખાવા જઈએ. અમે ઇટાલિયનો એક ચર્ચા છ વર્ષ તો શું પણ છસો વર્ષ સુધી કર્યા કરીએ એવા છીએ. રાજા મોટા કે ધર્મગુરુ મોટા એ ચર્ચા અમે હજાર વર્ષ સુધી કરી. અને પ્રેમ–એ અમારે મન ચર્ચાનો વિષય છે જ નહિ. પ્રેમ કરવામાં જ અમે માનીએ છીએ. ચાલો, પણે મારી મોટર છે.'

રસ્તે ક્યાંક મેં એક હોટેલનું નામ 'હોટેલ ગટે' વાંચ્યું. એટલે મેં એને પૂછ્યું કે આ મહાન જર્મન કવિ ગટેના નામ પર હોટેલ છે? તો કહે. 'હાસ્તો, સિનોર જોહાન વુલ્ફગાંગ ગટેનું ઇટાલિમાં તો સાસરું.'

'તોપ નહિ માર, એનાં લગ્ન તો જર્મનીમાં થયાં હતાં.'

'સી. સી., લગ્ન વિના પ્રેમમાં પણ સાસરાં હોઈ શકે છે. કંઈક સુન્દર છોકરીઓને એણે પોતાની પ્રિયતમા બનાવી હતી કે ગણી હતી. ૩૭ની ઉમરે એ પહેલાં અહીં આવ્યો, અને પછી વારંવાર આવ્યો હતો. ૩૭ની વયે એણે એના દોસ્ત ચાન્સેલર મ્યુલરને ફરિયાદ કરી કે હવે એને ઇટાલીમાં ગમતું નથી, કારણ એના કહેવા મુજબ એ કોઈના પ્રેમમાં હવે પડી શકતો નથી, અને કોઈ એની સાથે પ્રેમ કરવા તૈયાર નથી. તમે તો નસીબદાર છો, હાથ મિલાવો.'

'મોટર હાંકતાં આવાં ચેડાં કાઢવાનું આપણે મોકૂફ રાખીએ તો?'

'સી. સી., જરાય ચિંતા ન કરો. મારી પાસે લાયસંસ છે, અને હું ઇન્સ્યોરંસનો ધંધો કરું છું. મારી ગાડી અને હું, બંનેના વીમા છે. મે બી કે તમારો વીમો નહિ હોય, પણ મારો અને મારી ગાડીનો વીમો તમને મળશે. અલબત્ત, સારે નસીબે તમે બચી ગયા હો તો!'

જૅક રેશિન્યોની હમેશની વ્યવસ્થા એવી કે એના રહેઠાણની પાસેના એના ઓળખીતાની હોટેલમાં ઉતારો, અને સાવરના નાસ્તા સિવાયની જમવાની ક્રિયા પોતાને ત્યાં 'સાન ગ્રેગોરીઓ'ના મોહોલ્લા-માં રાખે. હોટેલમાં સામાન મૂકી અમે એને ઘેર જમવા ઊપડચા. એની વહુ અને એનાં બે જોડિયાં સંતાને બારણું ઉઘાડતાં જ 'નમસ્તે' કહ્યું. જૅક સાહેબ હિન્દુસ્તાન બેત્રણ વાર આવી ગએલા, મૂળ ફીકા-ભાઈ ધીઆના મિત્ર, એટલે એમના કહેવા પ્રમાણે આખું કુટુંબ ગણતાં એમને બરાબર દસ હિન્દુસ્તાની શબ્દો આવડે; એમાં પોતાના આઠ, બાકીના કુટુંબના મળીને બીજા બે. અગિયારમો શબ્દ એક મીઠી ગાળ શીખેલા પણ તેનો ઉપયોગ કદી હિન્દમાં ન કરે, હિન્દની એકે ભાષા નહિ સમજનાર સૌ કોઈ ઇટાલિયન ઉપર જરૂર કરે!

જમતાં મેં એને બહુ ટૂંકમાં મારીબારની હકીકત કહી. લાંબી વાત-માં એને રસ પણ નહોતો. ગમે તે વાત હોય, એનો મુદ્દો પકડતાં એને વાર નહિ, જવાબ હમેશાં હાજર. એક વાતથી બીજે વળગતાં વખત લાગે નહિ. સાચી ચિંતા એણે જાણી નથી, નાહકની ઊભી કરવામાં તૈયાર, ખાવામાં રસિયા, પીવામાં મોળા, અનુભવ અને અવલોકનને પ્રતાપે ભલભલી પ્રજાનું પૃથક્કરણ કરવામાં એક્કા. ઇટાલિયન પ્રજાને ચકાસવામાં પારંગત, મારી બધી યુરોપની મુસાફરીમાં જામેલી દોસ્તી-ઓમાં અણીને ટાંકણે, ન ગમતું હોય ત્યારે, મૈત્રીની વફાદારી માણ-વામાં અને ભારેખમ લાગતા વખતને હળવો કરી પસાર કરવામાં યુરોપભરમાં જૅક રેશિન્યો એક અને અજોડ જ છે.

જમી રહ્યા. 'હવે આ લ્યો' કહી એણે મને એક ગોળી આપી. 'હાર્મલેસ, લ્યો.' મેં લીધી. અને દસ મિનિટમાં મને કહે 'ચાલો.' ચાલો એની બારાખડીનો પહેલો શબ્દ, બરાબર તોળીને બોલે. 'ચાલો હોટેલ પર. આ ગોળી અમારી ઇટાલીની અદ્ભુત બનાવટ છે. પણે જુઓ, મારી પાસે ડઝન બાટલીઓ છે. હું ડઝનબંધ જ ખરીદું છું, ચાલો.'

અમે નમસ્તે કરી ઊઠચા. પેલાં બે ચમલ બાળકોની વિદાય લીધી. લિફ્ટમાં મેં એને પૂછ્યું, 'તમે મને ગોળીની તો વાત જ ન કરી. એની અસર શી?' 'એની અસરને લઇને તો હું તમારી સાથે આવું છું. હોટેલ પર પહોંચશો કે તમને તરત ઊંઘ આવશે. હમણાં સાડાનવ થયા છે. દસે તમે ઊંઘશો ને બરાબર દસ કલાક એટલે આઠ પહેલાં તમે નહિ ઊઠો.' હોટલ પર આવી એના દફતરીને સવારના સાડા આઠે નાસ્તો આપવાની એણે જ સૂચના આપી. દસે મારે તૈયાર રહેવું, એવી મને સૂચના આપી, અને 'હવે તમે ઊંઘો, સવારના વાત' એમ કહી ચાલવા માંડચું, ત્યાં મેં પૂછ્યું, 'જૅક! પણ મને કહેવું તો હતું કે એ સ્લિપિંગ પિલ છે. હું ભાગ્યે જ એવી ગોળી લઉં છું.' તો કહે, 'હું કહું કે ન કહું બંનેમાં ફરક શું પડે? તમે ડોન્ટ વરી–જાઓ સૂઈ જાઓ, ગૂડ નાઈટ, પ્લીઝ રોસ્સિની! સિનોરને એનો રૂમ બરાબર બતાવજો. ગૂડ નાઈટ.'

સવારે મિલાનમાં ડુઓમોના પ્રખ્યાત ચૉક તરફ એની ઑફિસ-માં જતાં મેં કહ્યું, 'સિનોર જૅક! પેલી ગોળીની મને તો કશી અસર લાગી જ નહિ. અગિયારે સૂતો અને છએ ઊઠચો. ત્રણ કલાક ઓછા!' 'એ ઊંઘવાની ગોળી હતી એની શી ખાતરી? મેં કહ્યું એટલું જ, એને અમે મન મનાવવાની કલા કહીએ છીએ. તમને ઊંઘ તો આવી હતી ને? પછી હવે ગોળીની ચર્ચા શા માટે કરવી? મારો સગો ભાઈ કૅમિસ્ટની દુકાન ચલાવે છે. તમે એમ માનો છો કે એ બાર બાટલી મફતની મને ઊંઘની ગોળી પધરાવતો હશે? ગોળીઓ બધી જ ખોટી, એમાં એને ફાયદો. સાચી ગોળી આપે અને મારે ત્યાં કંઈ ગોટાળો થઈ

જાય તો એની ઉપર આફત. માટે હવે એ વાત ભૂલી જાઓ.'

'ના, પણ તમે આવું જૂઠાણું ચલાવો?'

'સિનોર સી.સી., કોને તમે જૂઠાણું કહો છો? લોકો પ્રેમમાં પડે છે, એ પણ એક તૂત છે, તરકટ છે, જૂઠાણું છે, મોટે ભાગે કંઈક બિલીવની માનસિક ક્રિયા છે. સાચા-જૂઠાની ચર્ચા કરવી હોય તો જાઓ બે હજાર વર્ષ પહેલાંના ગ્રીકમાં, અને વાંચો સૉક્રેટિસ. અથવા પચ્ચીસ વર્ષ પહેલાંના ભારતમાં વાંચો તમારા ગાંધી. અહીં, અમારે ત્યાં તો અમે આ માયાજાળમાં માનનારા છીએ. વિનયપૂર્વક ગળે ઊતરે એવાં જૂઠાણાં અને સમજણ પડે એવી ખુશામત તો અમે ડગલે ને પગલે કરવાના જ, એને અસત્ય ન કહેવાય. માનવ-વ્યવહારમાં જરૂરનાં પણ છે. હીંચકાની સાંકળના નકૂચામાં એ ચૂં ચૂં ન કરે એ માટે આપણે તેલ પૂરીએ છીએ, એમ માનવવ્યવહાર સીધો સરળ સૂતરો ચાલ્યા કરે એ માટે આવી તેલ પૂરવાની રીત જરૂરની પણ છે. તમે હજી નેપલ્સ નથી ગયા. ત્યાંની તો ભાષા જ જુદી; ત્યાં વળી ખુશામત એવી ખીલે છે કે પછી એનો કશો અર્થ જ રહેતો નથી. મારા એક દોસ્ત સાથે એક વાર અમે નેપલ્સ ગયા. ત્યાં તેના એક ઓળખીતા કહે, 'નામવર! મને આપના ખિદમતગારોના રસાલામાંના સૌથી નાનામાં નાના નોકરના ડગલાનું છેલ્લામાં છેલ્લું બટન માનજો.' મારો દોસ્ત તો આ સાંભળી ડઘાઈ ગયો. એનો જે લાયક જવાબ આપવો જોઈએ, તે એને બદલે મેં વાળ્યો. 'અરે શું બોલ્યા સાહેબ! અમારા નોકરચાકરોમાંના છેલ્લા નોકરના ડગલાના છેલ્લા બટનમાં તો દુનિયાનો સૌથી વધારે મૂલ્યવાન હીરો જડેલો રહે છે.' આપણે સાંજે સ્ટેશન ઉપર જઈશું. મોટાભાગની રેલવે-સ્ટેશનની ઘડિયાળમાં પાંચ મિનિટનો ફરક જ હશે. તમે ગાડી પકડવા વહેલા વહેલા દોડયા. ત્યાં જઈ જુઓ તો, 'હાશ! હજી પાંચ મિનિટની વાર છે!' મનને કેટલી રાહત મળી? હૃદય ઠબકા લેતું પાછું કેટલું સ્વસ્થ થઈ ગયું? અને ટ્રેઈનમાં જે ઘડિયાળો ચાલે છે, તે પાંચ મિનિટ મોડી રાખવાનો રિવાજ છે. ધારો કે ગાડી ત્રણ મિનિટ મોડી પહોંચી, યા વખતસર પહોંચી, તો એ વખતસર યા જરા વહેલા પહોંચ્યાનો મનમાં સ્ફુલ્લાતો કેવો આત્મસંતોષ! બોલો, આથી તમારો કયો કાંટો તૂટી ગયો જે, ઊલટું તમને બંને તરકટથી આનંદ થયો; સંતોષ થયો; એને જૂઠાણું કેમ કહેવાય? એ જ પ્રમાણે મેં આપેલી ગોળીનું સમજો.'

'ત્યારે એ બનાવટી જ ગોળી?'

'સી.સી., આટલું બધું તે કોઈ પણ વળી ચોળીને ચીકણું કરતું હશે. વ્હાઈ ડિસકસ? ચાલો, ઑફિસ આવી ગઈ.'

અમે ઑફિસમાં ગયા. ત્યાં કોઈ સદ્‌ગૃહસ્થ એમની વાટ જોતા હતા. એમને જોઈ મેં કહ્યુ: 'હું હવે નીચે કુઓમોના ચૉકમાં આંટા મારીશ, તમે આ ભાઈ સાથે વાત કરો.' તો જૅક ત્રાટકે છે.

'કંઈ વાત છે? એમને તમારે માટે જ બોલાવ્યા છે. હું તો કંઈ પ્રોફેસર નથી. એ પ્રોફેસર છે. પ્રોફેસર બોરોમિની. એમને હમણાં યુનિવર્સિટીમાં રજા છે. તમે પેલા સોફા ઉપર બેસીને વાતો કરો, હું આ ટપાલ પતાવી તરત ત્યાં આવ્યો. યુ.સી., સિનોર સી. સી. આ અમારી શૉમેનશિપ છે. પ્રોફેસર! એમને પેલી હિટલરની વાત કરો.'

અને અમે વાતે વળગ્યા. આ પ્રજા હિટલરને પણ છેતરી શકે છે. છેતરી શકી છે, એનો દાખલો આપતાં એમણે કહ્યું કે એક વાર હિટલરની સવારી રોમ આવવાની, એટલે એ રાતના મુસોલિનીએ જ્યાં જ્યાં હિટલરને ફેરવવાનો હતો તે આખે રસ્તે સેંકડો મકાનોને કાર્ડબોર્ડના ફિલ્મીસેટ થકી એવી ભભકથી શણગારી દીધાં કે ઇટાલીની આખી સમૃદ્ધિનો હિટલરને બહુ મોટો ખયાલ આવી ગયો, અને એ એ જ ભરમમાં રહ્યો. અમારા દેશના રાજકીય પુરુષોને કમ નહિ સમજતા. લડાઈ બાદ અમારું એક ડેલિગેશન ન્યૂ યૉર્ક ગયું, એમાં રસ્તે ઊડતાં જ યોજના વિચારી લીધી. એક ટોળીએ ત્યાં જઈ લડાઈને લઈને અમારા દેશમાં વિસ્તરેલો ભૂખમરો, વધેલી ગરીબાઈ, બેકારી વગેરેનો એવો તો હૃદયદ્રાવક ચિતાર આપ્યો, દુઃખિયારા મોઢે ગદ્‌ગદિત કંઠે વાતો કરી કે ઢગલાબંધ અનાજ રૂ, કોલસો, તેલ, કાચા માલના કોથળા ત્યાંની સરકાર પાસેથી કોડીની કિંમતે લઈ આવ્યા. બીજી બાજુ બીજી ટોળીએ અમારા દેશમાં લડાઈ બાદ જન્મેલો નવો ઉત્સાહ, દેશને ફળદ્રુપ કરવાની તમન્ના, નવી આશા ઉમેદોથી થનગનતા અમારા યુવક વીરો, નવા ઉદ્યોગો નાખવાની શક્યતા વગેરેનું સુંદર ચિત્ર રજૂ કર્યું. બૅંકો તેમજ એવે બીજે સ્થળેથી મોં માગી લોન પણ લઈ આવ્યા. અને સિનોર મહેતા! આવાં બંને કામો એક જ વ્યક્તિ બે જુદેજુદે ઠેકાણે કરી શકે એવા દાખલા પણ અમારે ત્યાં છે.'

એટલામાં જૅકે આવી ટાપશી પૂરી, 'એમાં છેતરપિંડી છે જ નહિ. તમારે ત્યાં નિશાળમાં ઇન્સ્પેક્ટર આવે છે, ત્યારે આવા ભભકા નથી કરતા? પ્રધાનો હરેફરે છે ત્યારે, પરદેશના મોટા માણસો ઍરપોર્ટ ઉપર ઊતરે છે ત્યારે, ફૂલછડી, વાવટા, રૂમાલ ઢગલેબંધ છોકરાઓ એકઠા કરી ઉમળકાના ઊભરાઓનું પ્રદર્શન નથી કરી બતાવતા? એ કેટલે દરજ્જે સ્વયંભૂ છે એનો તો તમને ખયાલ હશે જ, પણ એથી આ બધું બનાવટી છે કે જૂઠું છે, એમ નહિ કહેવાય. ભભકો એટલે ભભકો.'

બૉરોમિની કહે છે,'અમારી મોટરોમાંનાં સ્પીડોમીટર જજુઓને! આ બધાં ચોક્કસ કામ આપનારાં ચોકસાઈથી બનાવેલાં યંત્રો ઘડિઆળો જેવાં, પણ દશપંદર ટકા એ આંકડા વધારે જ બતાવવાના. જ્યારે આપ ગાડી હાંકો ત્યારે આપને મનમાં અભિમાન થાય કે કેવી આસાનીથી હું એંશીનેવું માઈલ ફટકારું છું! અને સાથેસાથે કોઈ અકસ્માતમાંથી બચવું હોય તો આપ ધીમી ગતિને લઈ આપોઆપ વેગ જલદીથી ધીમો પણ કરી શકો. સિનોર! આને જૂઠાણું નહિ કહેવાય.' અહીં વળી જૅક ફરી ઝુકાવે છે, 'ઘણે ઠેકાણે મુદ્દા માલને, અંદરના ગલને આગળ કરવામાં આવે છે, અમે ઉપરના છોતરાને રજૂ કરી બાંધી મૂઠીમાં લાખ બતાવીએ છીએ, એ પણ એક કળા છે, અઘરી કળા છે. જે હોય તે તો કોઈ પણ બતાવે; નથી છતાં છે કરી બતાવે-ઈંડાં હોય તો એનો પૂડો તો બધા બનાવે પણ વગર ઈંડાંએ પૂડો કરી ખવડાવે એ જ ખરું બુદ્ધિચાતુર્ય. તમે કોઈ પણ દરજીને ત્યાં જાઓ કે મોચીને ત્યાં જાઓ એ તમને છ કે સાત દિવસનો વાયદો આપશે. જાણે છે કે એનાથી કામ નથી થવાનું. પણ એટલા નાના જૂઠા વાયદાથી એના ઘરાકને પોતાની વસ્તુ વહેલી મળવાનો સંતોષ અને આનંદ થશે, એ મહત્ત્વની વાત છે.'

'એટલે રેતીમાં પણ વહાણ ચલાવો, એમ ને?'

'વાટ નોનસેન્સ! એ તો ઘણાં ચલાવે જ છે. અમે તો રેતીમાં આગબોટ ચલાવીએ.'

'બોરોમિની!' જૅક છેવટે કહે છે, 'તમે સિનોરને લઈ જાઓ. તમે સાહિત્યકાર છો. એને ડનાત્રિમેથી માંડી મોરાવિયા સુધીની વાતો કહો. સ્કાલા થીએટર અને એમાં ઓપેરા એણે જોયા છે. એને કોઈ સારા-આપણો દેશ જેમાં પ્રખ્યાત છે તેવા કૉમિક નાટકમાં લઈ જાઓ. એક છીંકમાં નીકળી જાય એમ, એની આખી ગમગીની કાઢી રાતે મારે ત્યાં લાવો. આપણે સાથે જમીશું. અહીં આપણા દેશમાં

(અનુસંધાન : પૃષ્ઠ ૩૫૬ પર)

મોં દ્વારા કૃત્રિમ શ્વાસોચ્છ્‌વાસ

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી


ડૂબવું, ગૂંગળાવું, ફાંસો ખાવો, સર્પદંશ, ઇલેક્ટ્રિક શૉક અને હાર્ટઍટેક વખતે મોં વાટે હવા પૂરવાની (માઉથ ટુ માઉથ બ્રીધિંગની) સારવાર સારી છે. આ સ્થિતિઓમાં ચાર મિનિટમાં જ પુનર્જીવન માટે જે કંઈ થાય તેથી રોગી બચી જાય છે. પહેલી બે મિનિટમાં ફેફસાંમાં હવા પુરાવી જોઈએ કે જેથી રુધિરાભિસરણમાં પ્રાણવાયુ મળતો રહે. ખોરાક વગર ત્રીસચાલીસ દિવસ અને પ્રવાહી વગર ત્રણચાર દિવસ જીવી શકાય, પણ પ્રાણવાયુ વિના એક મિનિટમાં બેભાનાવસ્થા આવી બે મિનિટ બાદ હૃદય ધબકતું બંધ પડે છે. ત્રણેક મિનિટમાં મગજના કોષોમાં વિક્રિયા પેદા થાય છે. જો વધુ બે મિનિટ આમ પસાર થાય તો એ જીવલેણ નીવડે છે. હાર્ટઍટેક વખતે પણ શરૂમાં મોં વાટે હવા પૂરી પછી છાતી ઉપર દબાણ કરવાથી રુધિરાભિસરણ પુનઃ શરૂ થાય છે. ઉપરના અકસ્માતો વખતે ઈજાની સારવાર કરતાં અગાઉ રોગીના શ્વાસોચ્છ્‌વાસ સંબંધી પ્રથમ તપાસ કરી યોગ્ય પગલાં લેવાં. વાહનની ટક્કર કે ઊંચેથી પડવા જેવા અકસ્માતોમાં ધીમા પણ શ્વાસોચ્છ્‌વાસ ચાલુ હોય તો પીઠ ઉપર દબાણ અને હાથ ઊંચકવાની રીતે કૃત્રિમ શ્વાસોચ્છ્‌વાસ આપવાથી નુકસાન થવાનો વધારે સંભવ છે. શારીરિક ઈજાથી શ્વાસોચ્છ્‌વાસ બંધ પડ્યા હોય તો કૃત્રિમ શ્વાસોચ્છ્‌વાસથી રોગીને જીવતદાન નથી મળતું છતાંય એમ કરવું હોય તો પ્રથમ રોગીના શ્વાસ ખરેખર બંધ હોવાની ચોકસાઈ કરી લેવી જોઈએ.



મોં વાટે હવા પૂરવાની રીતમાં રોગીને ચત્તો સુવાડવો. આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે તેનું માથું પાછળ ઢળતું રાખી એક હાથે એનું નાક બંધ કરી એના ઉઘાડેલા મોંની ચપોચપ તમારું મોં ગોઠવી તેમાં ઉચ્છ્‌વાસ કાઢવો. આથી રોગીની છાતી ફૂલશે. છાતી ઊંચી થાય એટલે તમારું મોં ખસેડી લેવું. અને રોગીની છાતીને બેસવા દેવી. રોગી પોતે શ્વાસોચ્છ્‌વાસ લેતો થાય ત્યાં સુધી અગર તો દાક્તર આવે ત્યાં સુધી દર ત્રણ કે ચાર સેકન્ડે આ ક્રિયા કરતા રહેવી.

રોગીના મોંના બદલે નાક વાટે પણ શ્વાસ પૂરી શકાય. એમાં રોગીનું મોં બંધ રાખી એના નાક વાટે હવા પૂરવી.

મોં દ્વારા હવા પૂરવા કરતાંય સારું કામ ઉપાડે એવું એક સાધન છે. તેમાં હવાની એક થેલી (એરબૅગ), મોં ઉપર મૂકવાનું મુખરખું (માસ્ક) અને સંકશન-પમ્પ હોય છે. બૅગ અને સંકશન-પમ્પ હાથ કે બગલમાં દબાવીને કામમાં લેવાય છે. પણ આ સાધન તૈયાર થાય તે દરમ્યાન વખત ન ગુમાવતાં મોં વાટે રોગીને હવા આપવા માંડવી.



'રેસ્યુસી-ટ્યૂબ' નામે એક બીજું સાધન પણ મળે છે. (જુઓ આકૃતિ) રોગીનું મોં ઉઘાડી એની જીભ ઉપર રેસ્યુસી-ટ્યૂબ મૂકવી. પછી એક હાથ વતી રોગીની હડપચી ઊંચી રાખી બીજા હાથે એનું નાક બંધ કરવું અને ટ્યૂબનો બહારનો છેડો પોતાના મોંમાં લઈ તેના વડે હવા પૂરવી. રોગી આપમેળે શ્વાસ લે અગર તો ઍમ્બ્યુલન્સમાં રોગીને હૉસ્પિટલમાં પહોંચાડતાં સુધી આ ક્રિયા ચાલુ રાખવી. ત્રણેક વર્ષની વયનાં બાળકોમાં રેસ્યુસી-ટ્યૂબ વાપરવી નહિ. મોટી ઉમરના માણસના મોંમાં એનો મોટો છેડો મૂકવો, જ્યારે બાળકો માટે નાનો છેડો એના મોંમાં મૂકવો.

ઘણી વાર નાનાં બાળકો કશું ગળી જતાં શ્વાસાવરોધ આવી પડે છે. એવું થાય તો આંગળી વતી મોંમાં ગએલી ચીજ કાઢી નાખવી. જો તે બહાર ન નીકળી જાય તો બાળકની જીભ પકડી રાખી એને ઊંધે માથે ખોળામાં સુવાડી એના બરડા પર ઠપકારવું. એથી મોટેભાગે તો શ્વાસમાર્ગમાં ભરાએલી ચીજ નીકળી જશે. આ પછી તુરત બાળકને ચત્તું સુવાડી મોં વાટે એની છાતીમાં હળવેથી ને એકધારી ગતિથી શ્વાસ પૂરવા. સાથોસાથ બાળકની પાંસળીઓ નીચે પેટ પર હળવું (અનુ. પૃ. ૩૫૮)



બાળક કશું ગળી જતાં શ્વાસાવરોધ થાય તો: (૧) આંગળી વતી મોંમાં ગએલી ચીજ કાઢી નાખવી કે (૨) બાળકની જીભ પકડી એને ઊંધું રાખી એની પીઠ પર ઠપકારવું. અને (૩) મોંમાંની ચીજ નીકળી જાય એટલે ચતું સુવાડી મોં વાટે શ્વાસ પૂરવા.

ટિકિટસંગ્રહ





આગામી ઑક્ટોબરની ૨૭મી તારીખે ભગિની નિવેદિતાની જન્મશતાબ્દીનું વર્ષ પૂરું થવા નિમિત્તે બહાર પડનારી ભારતની ૨૦ પૈસાની કિંમતની લીલા રંગની ખાસ ટપાલટિકિટ. ◐ જમણી બાજુ મથાળે: ફ્રેન્ચ શોધસફરી લૂઈ ઍન્ટૉની બૅાગનવિલેની ઈ. ૧૭૬૮ની સામો આની મુલાકાતની ૨૦૦મી જયંતી નિમિત્તે એ ટાપુએ બહાર પાડેલી ચાર ખાસ ટિકિટો. એના પર બોગનવિલે, એનાં જહાજો, એનો સફર માર્ગ અને એના નામ પરથી ઓળખાતી બોગનવેલીઆ નામની ફૂલવેલનાં ચિત્રો છે. ◐ નૉર્મન મેશિને આલેખેલી રાણીની છબિવાળી ઓછી કિંમતની ટિકિટને બહુ સારો આવકાર મળ્યા પછી બ્રિટને એવી જ ભારે કિંમતની ટિકિટો પણ આ માસની ૯મી તારીખે બહાર પાડી છે. આ ટિકિટ પર પણ માત્ર રાણીની છબિ અને ટિકિટની કિંમત સિવાય બીજું કંઈ ન મૂકીને સાદગીભર્યું ગૌરવ જાળવ્યું છે. (જુઓ વચ્ચેની પહેલી ટિકિટ) ◐ ગયા માસમાં બ્રિટને ચાર પૂર્ણરંગી ટિકિટો પર સુંદર કલાકૃતિઓ આપી છે. એમાં (જમણી બાજુ છેડે) ચિત્રકાર કૉન્સ્ટેબલનું એક દૃશ્યચિત્ર, (નીચે અનુક્રમે) રાણી ઇલિઝાબેથ-૧ (ચિત્રકાર: અજાણ), 'પિન્કી'–મિસ સારાહ મોલ્ટન-બૅરેટ (ચિત્રકાર: સર ટૉમસ લૉરેન્સ) અને છેલ્લી ટિકિટમાં ઈ. ૧૯૪૦ના બૉમ્બમારા પછીના બ્રિસ્ટલનાં ખંડેર (ચિત્રકાર: જોન પાઈપર), (પ્રેષક: રમણિકલાલ સોલંકી–લંડન)







કલાવાર્તા

કલાકાર છગનલાલ જાદવ

અમદાવાદમાં ગઈ તા. ૧૧મી ઑગસ્ટે ખુલ્લા મુકાએલા એકલ-ચિત્ર પ્રદર્શન સમયે શ્રી રવિશંકર રાવળે કહેલાં આદિવચન:

ગાંધીયુગે સમાજના કંઈક ઉપેક્ષિત જનો માટે ઉચ્ચ કોટિનાં અભ્યાસ, જ્ઞાન, ધંધા, જીવનપ્રણાલી તેમજ પદવીઓ માટે દ્વાર ખોલી દીધાં હતાં. ગુજરાત વિદ્યાપીઠ ગાંધીજીના નૂતન શિક્ષણપ્રયોગોનો યજ્ઞમંડપ બની હતી. ત્યાંથી પુરાણી સમાજવ્યવસ્થા અને ભેદોનું નિરસન કરવાનો પ્રારંભ થઈ ચૂક્યો હતો. એ જમાનામાં મારી પાસેં આવેલા શિષ્યવૃંદમાં ભાઈ કનુ દેસાઈ પણ તેમના પ્રાથમિક કલાસંસ્કાર મારા છાપરા નીચે ખીલવી રહ્યા હતા. તે જોઈ ગુજરાત વિદ્યાપીઠે તેમને વિશેષ વ્યાપક શિક્ષણ આપનારી સંસ્થા માટે છાત્રવૃત્તિ બક્ષી અને અસહકારના વ્રતના કારણે મુંબાઈની સરકારી કળાશાળામાં તેમને ન મોકલતાં રાષ્ટ્રભાવના અને સાંસ્કૃતિક પરંપરાથી સભર એવા શાંતિનિકેતનના કળાભવનમાં શ્રી નંદબાબુની છાયામાં તેમને મોકલ્યા. નાણાંની તંગી છતાં ગુજ૦ વિદ્યાપીઠ જ ત્યારે એક એવી સંસ્થા નીકળી કે જેણે શિક્ષણમાં કલાનું મહત્ત્વ પિછાન્યું અને આવકાર્યું. ઉપર્યુક્ત પ્રસ્તાવમાં ડૉ. હરિપ્રસાદ અને પ્રો. મલકાનીનો મુખ્ય ટેકો હતો તેનું અહીં સ્મરણ કરવું જોઈએ.

શાંતિનિકેતનનો અભ્યાસક્રમ તો ચાર વર્ષનો હતો; તો પણ બે જ વર્ષમાં કનુ દેસાઈ



એ શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે ત્યાં છાપ પાડી હતી અને તેમનાં સૌપ્રથમ ચિત્રો 'કુમાર'માં પ્રગટ થવા માંડચાં હતાં. ગુજરાત તેમની પ્રગતિમાં રસ લેતું થયું હતું. કુમાર કાર્યાલયમાં વિકસતું કલાવૃક્ષ વિસ્તરતું જતું હતું. અને ભારતના એક મહત્ત્વના કલાકેન્દ્ર તરીકે ગુજરાતનું નામ આગળ આવ્યું હતું.

આર્થિક સંકોચોના કારણે કનુ દેસાઇને બે વર્ષે શાંતિનિકેતન છોડી ગુજરાત વિદ્યાપીઠના કળાવર્ગો સંભાળવાનું સ્વીકારવું પડ્યું. તે વખતે આજના જેવી પ્રવેશમર્યાદાઓ ત્યાં ન હોતી, તેથી વિદ્યાપીઠના શાળા–સમયો સંભાળતા ત્યાંના કર્મચારી છગનલાલ જાદવ પણ તેમાં જોડાયા. તેમની આ વિષયમાં સાચી લગન જોઈ ને કનુ દેસાઇએ તેમને કુમાર કાર્યાલયના કલાસાધકોમાં દાખલ કર્યા ને ધીમેધીમે પ્રગતિ કરતાં કરતાં તેમની આશાઓ સિદ્ધ થઈ.

કુમાર કાર્યાલય સાથેના ઘનિષ્ઠ સંબંધના કારણે શ્રી ગિરિજાપ્રસાદ ચિનુભાઈ(બૅરોનેટ)એ તેમનું એક ચિત્ર ખરીદ્યું અને ઇન્દોરની આર્ટ સ્કૂલમાં આગળ અભ્યાસ કરવા છાત્રવૃત્તિ આપી. તે વખતે ઇન્દોરમાં તેમના સહાધ્યાયી તરીકે શ્રી નારાયણરાવ બેન્દ્રે હતા જે પાછળથી ભારતમશહૂર ચિત્રકાર અને વડોદરા કલાવિદ્યાલયના આચાર્ય થયા.

મારી શિક્ષણનીતિમાં હું વ્યક્તિગત સાધનાને ઉત્તેજન આપતો અને અભ્યાસમાં પુખ્ત બનેલા વિદ્યાર્થીઓને વિવિધ કલાક્ષેત્રો તેમજ ત્યાંની કાર્યપ્રણાલીનો અનુભવ મેળવવા તથા એકબે વર્ષનો સામુદાયિક અભ્યાસક્રમ શીખવા માટે મારી લાગવગ અને ભલામણો વાપરીને મોકલતો. એ રીતે બે વર્ષ પછી જાદવને લખનૌ આર્ટ સ્કૂલમાં મોકલવાનો પ્રબંધ મેં કર્યો તેમાં કુમાર કાર્યાલયની છાત્રવૃત્તિની સહાય પણ હતી લખનૌમાં બહારના પ્રાંતોના વિદ્યાર્થીઓનો પ્રવેશ અશક્ય હતો પણ તેમના પ્રવેશ માટે ઉત્તર પ્રદેશના ત્યારના કમિશનર અને મારા મિત્ર શિવલાલ પાનચંદ શાહે મારી ભલામણથી સારી મદદ કરી હતી.

છગનભાઈ લખનૌમાં એક જ વર્ષ રહ્યા; પણ તેમની કળાની સમજ, ચીવટ અને આવડતથી તેમજ ચિત્રનિયોજન-શક્તિથી ત્યાંના વિદ્યાર્થીઓ અને શિક્ષકો મુગ્ધ થઈ ગયા હતા આજે પણ ત્યાંના પ્રૌઢ વિદ્યાર્થીઓ અને નિવૃત્ત અધ્યાપકો તેમને યાદ કરે છે

પાછા આવીને તુરત છગનભાઈએ જ્યોતિસંઘના ચિત્રવિભાગના અધ્યાપકનું સ્થાન લીધું. ત્યાં ઘણી પ્રવીણ અને પ્રતિભાસંપન્ન બહેનોએ તેમની પાસેથી ચિત્રકર્મ (અનુસંધાન પાછળ)



રંકના કલા : છગનલાલના આ ચિત્રને ૧૯૩૭માં બૉમ્બે આર્ટ સોસાએટીનું શ્રેષ્ઠ જલરંગી ચિત્ર તરીકે અરધે ભાગે પ્રથમ ઈનામ મળેલું ત્યારે 'કુમાર' અંક ૧૫૮માં એ પ્રકટ થએલું.

નીચે: એમનાં ચિત્રોના છેલ્લા પ્રદર્શનમાંની બે કૃતિઓ. પહેલી 'મનોમંથન અને સંઘર્ષ' આ ચિત્રમા ગાંધીજીની હત્યા થઈ એ સમયના રાષ્ટ્રનેતાઓનું સંયુક્ત આલેખન હોવાનું તેઓ જણાવે છે. બીજું ચિત્ર 'રાજસ્થાની યોદ્ધો.' એમની કલાની આ 'પ્રગતિ' છે.





શીખી પ્રગતિ બતાવી છે, તેમાં શ્રી શાંતાબેન દેશાઈ, શ્રી પેરીનબેન મિસ્ત્રી, શ્રી રત્નપ્રભાબેન કમોદિયા વગેરે અનેક જાણીતાં થયાં છે.

ઈ. ૧૯૩૮માં મારા જાપાનના પ્રવાસ પછી મેં શ્રી છગનભાઈને (અને વ્રજલાલ દવેને પણ) જાપાનની કલાપ્રણાલી શીખવા મોકલવા ઘણો પ્રયત્ન કર્યો. સરકારમાં પછાત કોમને સહાય કરનારા અધિકારીને મારી જાતજામીનગીરી આપીને પણ તેમને છાત્રવૃત્તિ આપવા વિનંતી કરી પણ એ કાળે યુનિવર્સિટી ડિગ્રીને જ મહત્ત્વ અપાતું એટલે મને નિરાશા સાંપડી સરકારને કળાની પ્રગતિમાં રસ જ નહોતો.

પણ છગનભાઈએ કલાસાધના આત્મસાત્ કરવાને નિરંતર પ્રયાસ અને અભ્યાસ ચાલુ રાખ્યાં હતાં અને તે પ્રગતિ કરી રહ્યા હતા. જ્યોતિસંઘમાંથી કવિ સુંદરમ્ તેમજ ઉત્સવભાઈ પરીખ જેવા વિદ્વાન મિત્રોના તે સાથી અને મિત્ર બન્યા હતા. શ્રી સુન્દરમ્‌ના સહવાસથી તેઓનું વલણ પૉંડિચેરી આશ્રમ પ્રતિ વધ્યું અને આધ્યાત્મિક સાધનાના પંથે ચડયા.

દરમિયાન તેમનાં ચિત્રો મુંબાઈ, દિલ્હી વગેરેનાં પ્રદર્શનોમાં આદર અને ઇનામ પામ્યાં જતાં હતાં. શ્રી બેન્દ્રે કાશ્મીરની ટૂરિસ્ટ બ્યૂરોમાં હતા ત્યારે તેઓ તેમના સહવાસમાં કાશ્મીરનો પ્રવાસ કરી ત્યાંનાં સુંદર દશ્યો ઉતારી લાવ્યા હતા. એમની કલાસિદ્ધિથી આકર્ષાએલા અમદાવાદના ઘણા અભિજાત પરિવારોમાં તેમનાં ટ્યુશનો ને સંબંધો સ્થપાયાં છે.

છગનભાઈ સ્વભાવે આલ્હાદ અને પ્રસન્ન જીવનના અનુરાગી છે. તેમણે ઉત્તર ભારતના કુલુ પ્રદેશનાં ઉઠાવદાર અને પ્રભાવી હિમાચ્છાદિત સુંદર દશ્યો કર્યાં છે. ઉપરાંત ચિત્રકળાની વિસ્તરતી કાર્યશૈલીઓના પ્રયોગો તેઓ કરી ચૂક્યા છે, એ તેમની કૃતિઓની સળંગ હારમાળા જોનારને સહજ સમજાશે. તેમનામાં સમજશક્તિ સાથે ભાવુકતા ભરપૂર છે. હજુ પણ એ નિત્ય અભ્યાસી ને પ્રયોગશીલ છે. એમનામાં કાર્યની સચ્ચાઈ છે; અને દંભ કે આડંબરનો અભાવ છે અને તેથી તે સર્વ જનોના પ્રિયપાત્ર છે. એમની સાધનાપ્રવૃત્તિ સર્વથા અભિનંદનીય છે, અને નવયુગના વિદ્યાર્થીઓને માટે દૃષ્ટાંતરૂપ છે.

પ્રો. વિષ્ણુભાઉ ન. અડારકર



પચ્ચીસ વર્ષની જ્વલંત કલાસેવા આપીને મહારાષ્ટ્ર સરકારના કલાનિયામક–આર્ટ ડિરેક્ટર પ્રો. વિષ્ણુભાઉ ન. અડારકર ગયા ઑગસ્ટ માસમાં નિવૃત્ત થયા, પણ હજી યે દેશને કર્મરત સેવાઓ આપી નવાં ક્ષેત્રો અજમાવી શકે એવા આરોગ્ય અને ઉત્સાહથી સભર છે. એમની ૨૫ વર્ષની સતત જાગૃતિપૂર્ણ દોરવણી નીચે 'સર જે. જે. કૉમર્શિયલ આર્ટ ઇન્સ્ટિટ્યૂટ' અસ્તિત્વમાં આવ્યું અને ત્યાં હજારો વિદ્યાર્થીઓ દ્વારા ધંધા અને વ્યવસાય ક્ષેત્રે કલાસ્વરૂપો આદર પામ્યાં. પોતાના અનુભવ અને જ્ઞાનથી મહારાષ્ટ્ર સરકારમાં એમણે પ્રથમ કલાનિયોજકની જગ્યા પ્રાપ્ત કરી એટલું જ નહિ, પણ દિલ્હી, કલકત્તા અને રાજ્યયોજિત સંસ્થાઓમાં સક્રિયપણે કામ કર્યું છે. એમની જીવન તવારીખ એમના ઉત્તરોત્તર વિકાસની સાક્ષી છે.

ઈ. ૧૯૦૮ની ૨૩ ઑગસ્ટે એમનો જન્મ; ૧૯૩૦માં ચિત્રકળાનો ડિપ્લોમા મેળવ્યો. અને સ્ટ્રેનાક ઍન્ડ કંપનીમાં ચિત્રકાર બન્યા. ૧૯૩૨ થી '૩૮ ટાઇમ્સ ઑવ ઇન્ડિયામાં ચિત્રકાર. કલાશિક્ષણના અનુભવાર્થે ૧૯૪૬-'૪૭માં એમણે સરકાર તરફથી યુનાઈટેડ કિંગડમ અને યુરોપનો પ્રવાસ કર્યો. ૧૯૪૮ થી '૫૮ એમણે સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટમાં ઍપ્લાઈડ આર્ટ વિભાગના અધ્યક્ષ તરીકે સેવા આપી. એ પછી ૧૯૫૮માં એ વિભાગના પ્રિન્સિપાલ અને ડીન નિમાયા તથા ઑલ ઇંડિયા બોર્ડ ઑવ ટેકનિકલ એડ્યુકેશનના ચેરમૅન થયા. ૧૯૬૫માં મહારાષ્ટ્ર રાજ્યના પ્રથમ કલાનિયામક બન્યા. ૧૯૪૭થી લંડનની સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઑવ આર્ટના તેઓ આજીવન સભાસદ બન્યા. ૧૯૬૫માં ઍડવર્ટાઇઝિંગ આર્ટના પ્રસારમાં નોંધપાત્ર ફાળો આપવા બદલ સોસાએટી ઑવ ઍડવર્ટાઈઝર્સ તરફથી એમને ઍવૉર્ડ અપાયો. ૧૯૬૬માં એમને 'જે.પી.'નું બહુમાન મળ્યું. આ ઉપરાંત અનેક પારિતોષિકો તો જુદાં.

ગાંધી શતાબ્દી પ્રદર્શનના 'ભારત મારું સ્વપ્ન' વિભાગના તેઓ ચેરમૅન છે. વળી, દિલ્હીની લલિત કલા અકાદમી અને રાજ્યની યુનિવર્સિટીઓનાં વિવિધક્ષેત્રો, જાહેર સંસ્થાઓ, મેળાઓ અને ઇનામી કલાસ્પર્ધાઓના નિર્ણાયક તરીકે પણ એમની સેવાઓ જાણીતી છે. 'આર્ટ એડ્યુકેશન' અને 'ટીચિંગ ઇન ઇન્ડસ્ટ્રીઅલ ડિઝાઈન' એ બે એમનાં લખેલાં પુસ્તકો છે.

ર. મ. રા.

ગણેશમૂર્તિનાં કેટલાંક સ્વરૂપ

ભારતના શિલ્પીઓએ ગણપતિની મૂર્તિઓ ઘડવામાં કલા સાથે ભક્તિનું મિશ્રણ કર્યું હોઈ કેટલીક બેનમૂન ગણેશ-મૂર્તિઓ આપણને જોવા મળે છે. શચીન્દ્રમ્‌ના મંદિરમાં અમ્મા સન્નાધિ સામેના થાંભલામાં ગણપતિના સુખાસન વાળેલા નારીસ્વરૂપની સુંદર પ્રતિમા છે, જેમાં એમના બે હાથમાં અનુક્રમે પાશ ને અંકુશ છે અને બીજા બે હાથમાં અભય અને વરદ મુદ્રા છે.


વ્યાઘ્રપાદ ગણેશજી એ માત્ર મદુરાઈના મંદિરમાં જ જોવા મળતું એમનું અદ્વિતીય સ્વરૂપ છે. કામપટ્ટી મંડપમાં સુંદરેશ્વર મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર પાસે દ્વારપાળની જગ્યા પર શોભેલા, વાઘના વાહનવાળા આ ગણપતિને માત્ર બે જ હાથ છે, જેમાંના એકમાં કમળ છે અને બીજો મીનાક્ષીની જેમ મુક્ત છે.

વેલોર કિલ્લાના જલગંડેશ્વર મંદિરમાં કલ્યાણ મંડપના અત્યંત કલાત્મક રીતે કોતરેલા થાંભલાઓમાં બાલકૃષ્ણ જેવા ગણપતિ ઘૂંટણિયે ચાલતા આકાર પામ્યા છે.

સિંહ પર સવાર થએલી અને પાંચ મુખવાળી ગણપતિની બે પ્રતિમાઓ મદ્રાસ પાસેના તિરુવોત્તીરૂર અને તાંજોર જિલ્લાના નાગપત્તિનામ મંદિરમાં જોવા મળે છે, જેમાંની પહેલીમાં પાંચે મુખ એક જ હારમાં છે; જ્યારે બીજીમાં ચાર દિશામાં ચાર મુખ છે અને એક ઉપરની બાજુએ છે.

મદુરાના મીનાક્ષી, તિરુચંદુરના મુરુગાંવ અને તિરુવણિકનાં મંદિરોમાં 'મુકકુરુની વિનાયક'-વિશાળ દેહવાળા ગણપતિ જોવા મળે છે. નૈવેદ્ય માટે જેમાંથી એક જ મોદક તૈયાર થઈ શકે એવા ભાતના મોટામાં મોટા જથ્થાના માપને મુકકુરુની કહે છે.

તાંજોર જિલ્લાના તિરુનાલ્લોરમાં શાલિગ્રામને ગણપતિ તરીકે પૂજવામાં આવે છે. મ્હેસુરના હોયશલેશ્વરમાં ગણપતિની નૃત્ય કરતી, સ્વામીમલાઈ પાસેના તિરુવલાનઝુઝી મંદિરમાં વિરુદ્ધ દિશામાં સૂંઢવાળી આરસની અને આંધ્ર પ્રદેશમાં શ્રી આઈલામમાં કૃષ્ણની જેમ બંસીવાદન કરતી ગણેશની મૂર્તિઓ છે. સામાન્યતઃ શંકરના મંદિરમાં શંકરની જમણી બાજુના ગોખલામાં બિરાજતા ગણપતિને રામનાથપુરમ્ જિલ્લાના કરાઈકુ પાસેના પિલ્લૈર પટ્ટીમાં આખું સ્વતંત્ર મંદિર મળ્યું છે. ગણપતિપૂજા માત્ર ભારત પૂરતી મર્યાદિત નથી. ભારતીય સંસ્કૃતિનો ફેલાવો દર્શાવતી એ



Wood Carving of Gujarat 'સેન્સસ ઑાવ ઇંડિયા–૧૯૬૨'નું પાંચમું પુસ્તક. ભાગ VII–A (2); તૈયાર કરનાર શ્રી રમણભાઈ કે. ત્રિવેદી, સુપરિન્ટેન્ડેન્ટ ઑાવ સેન્સસ ઓપરેશન્સ–ગુજરાત, ગાંધીબાગ, અમદાવાદ-૯. રૂ. ૨૧/– (પૃ. ૧૪૪, ચિત્ર પ્લેટો ૧૫૫)

સરકારી અધિકારીઓ તરફથી તેમના કાર્યપ્રદેશનું જ્ઞાન અને વૃત્તાન્ત આપતાં જે પ્રકાશનો જોવા મળે છે તેમાં ગુજરાત રાજ્યના સેન્સસ ઓપરેશન દ્વારા શ્રી રમણભાઈએ એક અપૂર્વ અપવાદ સર્જ્યો છે.

ગુજરાતના કાષ્ઠશિલ્પ વિષે ઘણાંયે છૂટક છૂટકચિત્રો જોવામાં આવ્યાં છે, પણ ગુજરાતનાં વનવૃક્ષો અને સંખ્યાબંધ કાષ્ઠશિલ્પનાં ઓજારોથી માંડી નાનીમોટી અસંખ્ય સંસ્કારપ્રભૃત કલાકોતરણી સુધીનો એક કલારસિકની દૃષ્ટિથી યોજાએલો આ વિવેચનાત્મક ગ્રંથ ગુજરાતમાં અપૂર્વ છે. એમાં ગુજરાતના કાષ્ઠશિલ્પના ઉત્કૃષ્ટ નમૂનારૂપ સ્તંભો, ઝરૂખા, પોખરા, જાળીઓ, ગોખો, દેવઘરો, ગૃહોપસ્કારો અને પ્રાણી તેમજ માનવ-આકૃતિઓ આદિ નાનાવિધ નમૂનાઓનો વિપુલ ચિત્રસંગ્રહ પહેલી જ વાર જોવા મળે છે. અને તે સાથે જ આવું અદ્‌ભુત શિલ્પકામ કરનારી આખી જમાત ક્યાં સમાઈ ગઈ તેની ચિંતા થાય છે. પાટણ, અમદાવાદ, ખંભાત, વડોદરા અને બીજાં નગરોની હવેલીઓ, બજારો ને ઘરોમાં કાષ્ઠમાંથી એક નવી પ્રતિસૃષ્ટિ ઊભી કરનારી ગુર્જર સુથારોની આખી પરપરાનો વિનાશ શા કારણે થયો, કઈ બુદ્ધિ અને સંસ્કારમાંથી આ શિલ્પકળાના સ્વામીઓનો લોપ સર્જાયો એ ચિકિત્સા માગી લે છે. એમની અપ્રતિમ નિર્માણશક્તિ, રચના વિધાન અને ક્રિયાકૌશલ્ય તથા તેને પોષતી પ્રજાની કલાપ્રીતિની નિઃશંક પ્રતીતિ આપતો આ ગ્રંથ જોયા પછી પશ્ચિમી સંસ્કૃતિએ આપણને કંઈ આપ્યું હશે કે નહિ એવો પ્રશ્ન થવા સાથે આટલો વિરાટ બુદ્ધિભ્રંશ જે આપણા પર મહાન શાપરૂપ બન્યો છે એ વાત પણ ખટકે છે.

જેમને હૈયે ભારતીય સંસ્કૃતિનાં વિલુપ્ત થએલાં કે થતાં કલાસ્વરૂપો માટે જરા યે ઝંખના હોય, સ્વદેશી સર્જનશક્તિ માટે ગૌરવ હોયં તેમણે આ ગ્રંથ જાતે કે પોતાની વગની સંસ્થાઓ, પુસ્તકાલયો, હાઈસ્કૂલો કે કૉલેજમાં અવશ્ય આદરપૂર્વક વસાવવો જોઇએ. આવા ગ્રંથની સુપ્રાપ્યતા કરવા રાજ્યે તેના લેખકને યોગ્ય સહાય કરી દેશી ભાષામાં તેનું અવતરણ કરાવવું જોઈએ અને મૂલ્ય ઓછું થાય તે માટે સહાય કરવી જોઈએ. આ ગ્રંથ લેખકને સુયશ અપાવે એવી શુભેચ્છા.

ર. મ. રા.

નેપાળ, તુર્કસ્તાન, તિબેટ, બ્રહ્મદેશ, સિયામ, હિંદીચીન, જાવા, બલી, બોર્નિયો, ચીન અને જાપાન, એમ લગભગ આખા પૂર્વ એશિયામાં પ્રચલિત છે.

બૌદ્ધો અને જૈનો પણ વિનાયકને પોતાના દેવ તરીકે સ્વીકારે છે. ભારત, નેપાળ ને તિબેટની બૌદ્ધ કલાપ્રતિમાઓમાં વિનાયક માત્ર દેવ જ નહિ, દાનવ તરીકે પણ સાકાર થયા છે! ચીન-જાપાનમાં ગણેશનાં બે સ્વરૂપ પ્રચલિત છે : એક ભારત જેવું ને બીજામાં નરનારીનાં બે સામસામે નિહાળી રહેલાં ગજશિર છે, જે સૂચવે છે કે એ લોકો ગણપતિને સદ્‌ભાગ્ય ઉપરાંત પ્રેમના પ્રતીક તરીકે પણ સ્વીકારે છે. કોન-કિટન તરીકે જાણીતા એમના આ ગણપતિની મૂર્તિ ઈ. પૂ. ૫૩૧માં બંધાએલા કિંગ-શેન નામના ખડકમંદિરમાં આવેલી છે.

નેપાળમાં પાંચ ગજમુખવાળા ગણપતિની પ્રતિમાઓ છે અને અફઘાનિસ્તાનમાંથી વિઘ્નેશ્વરની બે સુંદર પ્રતિમાઓ મળી આવી એ સૂચવે છે કે એ પુરાતન કાળમાં હિંદનો એક ભાગ હોવો જોઈએ.

એક કાળે શૈવો, વૈષ્ણવો ને બૌદ્ધોના કેન્દ્રસ્થાનરૂપ ગણાતા મધ્ય જાવામાં ૧૩મી સદી પછી ઇસ્લામનું જોર વધ્યા છતાં જાવાવાસીઓની મનોભૂમિમાં તો ગણપતિ હજી રાજ્ય કરે છે. એમના ખયાલમાં ગણપતિની સમાધિ-અવસ્થામાં શાંત બેઠેલી પ્રતિમા જ છે.

એક સમસ્યા ?

—સુહાસ અલમૌલા—

લંડનનાં ટીનએજર્સ–૧૩ થી ૨૦ વર્ષની ઉંમરના તરુણો વિષે મેં ઘણું સાંભળ્યું હતું એટલે એમને જોવાની મને ખૂબ જ ઇચ્છા હતી અને મને એ તક મળી પણ ગઈ. લંડન પહોંચી એ જ દિવસે સાંજે ટ્રફાલ્ગર સ્ક્વેર ફરવા ગઈ હતી. જાતજાતના અને ભાત ભાતના લોકોનું આ મિલનસ્થાન યુવકવર્ગમાં વિશેષ માનીતું લાગ્યું. કંઈ કેટલાંય છોકરા-છોકરીઓ અહીં ફરવા આવ્યાં હતાં. છોકરાઓ છોકરીઓ જેવા લાગે અને છોકરીઓ છોકરાઓ જેવી. કહેવાય છે કે ટીનએજ ફૅશનમાં લંડન દુનિયાને મોખરે છે. હશે જ. પચરંગી વસ્ત્રો પહેરેલ, છેક ખભા સુધીના લાંબાલાંબા વાળવાળા યુવાનોમાં કોઈકના કાનમાં બુટ્ટી તો કોઈકના ગળામાં હાર જોવા મળ્યા. છેક નજીક જઈએ ત્યારે ખબર પડે કે એ યુવક છે કે યુવતી! અને ત્યાંની યુવતીઓનાં અત્યંત ટૂંકાં-ઘૂંટણથી યે છ થી આઠ ઇંચ ઊંચાં મિનિસ્કર્ટ જોઈ નવાઈ લાગે. મનમાં થાય કે ઠંડીમાં તેઓ થીજી નહિ જતી હોય! અમેરિકા અને પારી(સ)માં યે મેં ટીનએજર્સ જોયાં પણ લંડનનાં ટીનએજર્સની તોલે કોઈ ન આવે.

સ્ક્વેરમાં થોડેથોડે અંતરે છ ફૂટ ઊંચા કદાવર અને સશક્ત પોલીસ પહેરો ભરતા હતા. લગભગ આખું કપાળ ઢંકાઈ જાય એવી એની ટોપી જોઈ વિચાર આવે કે એને દેખાતું શી રીતે હશે? પેલા તરુણોનાં ટોળાં ઉપર એ કરડી નજરે ધ્યાન રાખતા હતા. એમને આ બધા ચેનચાળા પસંદ નહોતા એમ જણાતું હતું. મને ખાતરી છે કે આ તરુણોનાં મા-બાપને એમનો આ પહેરવેશ રુચિકર તો નહિ જ લાગતો હોય. ખુદ એ તરુણોમાંથી યે કદાચ કેટલાકને એ બહુ પસંદ નહિ હોય, પણ તરુણ સમાજ એવો ક્રૂર છે કે જો મૉડર્ન થવું હોય તો અદ્યતન ફૅશન પ્રમાણે ચાલવું જ પડે. પાશ્ચાત્ય દેશોમાં આપણા કરતાં ફૅશનને અનેકગણું સ્થાન અપાય છે, પહેરવા–ઓઢવામાં તમે આધુનિક ન રહો તો તરુણવર્ગમાં તમને કોઈ પૂછે પણ નહિ.

આવી તરેહતરેહની વેશભૂષા કરવા માટે આ વર્ગ પૈસા ક્યાંથી લાવતો હશે? આનો ઉત્તર સહેલો છે. આજે બ્રિટનમાં કોઈ છોકરો ૧૫, ૧૬ કે ૧૮ વર્ષની ઉંમરે નિશાળ છોડે ત્યારે એને તરત જ નોકરી મળી શકે છે. અને એ પણ સારા પગારવાળી. પોતાના ભરણપોષણ માટે મા-બાપને ખર્ચ આપ્યા બાદ પણ એની પાસે સારી પેઠે પૈસા બચે છે. એટલે એ જાતજાતની વાળની ફૅશન, ભાતભાતનાં કપડાં, છેલ્લામાં છેલ્લી બહાર પડેલી રેકૉર્ડ, મોટર સાઈકલ, ગિટાર વગેરેના શૉખ સહેલાઈથી સેવી શકે છે. જાતે કમાય અને જાતે ખરચે પછી મા-બાપ શી રીતે ડખલગીરી કરી શકે?

બ્રિટનના યુવક વર્ગમાં આજે અસલ જેવા સામાજિક ભેદભાવ હવે રહ્યા નથી. ધનિક અમીરનો નબીરો અને સામાન્ય મજૂરનો દીકરો એક જ વર્તુળમાં હળેમળે છે. એટલે જ આ વર્ગ આટલો વિશાળ થઈ ગયો છે. મજૂરવર્ગનો યુવક પણ જાતકમાઈના પૈસાના બળે અમીરના દીકરાના જેવાં જ વસ્ત્રો, મોટર-સાઈકલ, રેકૉર્ડ વગેરે વસાવી શકે છે. એટલું જ નહિ, બલ્કે નવી ફૅશનના ચીલા આજનો મધ્યમ અને મજૂરવર્ગનો યુવક પાડે છે, ધનાઢ્ય વર્ગનો નહિ.

થોડા દિવસ લંડનમાં રહ્યા બાદ મને લાગ્યું કે ત્યાંનો યુવાનવર્ગ મોટેરાંઓથી દિનપ્રતિદિન વધુ અને વધુ દૂર જતો જાય છે. મોટાંઓનાં સૈકાજૂનાં મૂલ્યાંકનો એને માન્ય નથી. સમાજનાં નૈતિક બંધનો એ સ્વીકારતો નથી. લાંબા વાળ રાખવા, વિચિત્ર વેશભૂષા સજવી, મનને ફાવે એમ વર્તવું આ બધું સમાજની રૂઢિઓ અને બંધનો તરફનો યુવકોનો વિરોધ દર્શાવે છે. મોટાંઓના આચારવિચારમાં એમને ખોટો ડૉળ વર્તાય છે.

બ્રિટનમાં અને અમેરિકામાં આજે ઘણાં યુવક-યુવતીઓ 'ડ્રગ્સ' (ગાંજો, અફીણ, મારીજ્યુઆના, એલ. એસ. ડી., કેનાબિસ વગેરે) પણ લે છે. તેઓ માને છે કે દારૂ કરતાં ગાંજો અફીણ શાં ખોટાં! લગ્ન પહેલાં જાતીય સંબંધ બાંધવો એ પશ્ચિમમાં અતિ સામાન્ય હકીકત છે. બ્રિટનની ઘણી યુનિવર્સિટીઓમાં અપરિણીત વિદ્યાર્થીઓને સંતતિનિયમનનાં સાધનો છૂટથી અપાય છે. ઘણી અપરિણીત યુવતીઓ માતા બને છે. સમાજ શું કહેશે એની એમને ચિંતા નથી કારણ કે એમને મન તો યુવકજગત જ એમનો સમાજ છે અને આ વર્ગનાં આચાર-વિચાર જ એમને કબૂલ છે.

પાશ્ચાત્ય દેશોમાં ટીનએજ પ્રશ્ન ખૂબ જ જટીલ બની ગયો છે. મોટાંઓ એમનાં માનસને સમજી નથી શકતાં. આજના યુવાનો ક્યાં જઈ રહ્યા છે એ કલ્પના માત્રથી તેઓ ધ્રૂજી ઊઠે છે. આજે બ્રિટનના યુવકવર્ગ અને ઇતર સમાજ વચ્ચે એટલું સામ્ય નથી જેટલું અમેરિકાના અને બ્રિટનના યુવકવર્ગ વચ્ચે છે. સ્ટૅમ્પની અદલાબદલી અને અન્ય પત્રવ્યવહારને બદલે આજનો યુવકવર્ગ પોતાના પરદેશી મિત્રો સાથે ફૅશન અને નવા આચાર-વિચારની આપલે કરે છે.

આ કોયડાનો હજી સુધી તો કોઈ ઉકેલ મળ્યો જણાતો નથી. બહુ થાય તો કાયદાને આધારે એમને કોઈ વાર શિક્ષા કરવામાં આવે છે. ઘણુંખરું તો સમાજ એને રસ્તે અને યુવકવર્ગ પોતાને રસ્તે ચાલ્યો જાય છે. પરંતુ આમ ક્યાં સુધી ચાલશે?

સમાજનાં નૈતિક ધોરણો અને બંધનો ભલે આ યુવકોને માન્ય ન હોય, ભલે એ આ સર્વને દંભ તરીકે માને અને આમ માનવામાં તેઓ સાવ ખોટા છે એમ પણ કેમ કહી શકાય? તો પણ એ બધાંને સ્થાને એમની પાસે શું છે? ક્યાં નૈતિક બળો એમને સ્વીકાર્ય છે? ક્યાં મૂલ્યાંકનોથી દોરાવા એ તૈયાર છે? ખેદની વાત એ છે કે પાશ્ચાત્ય જગતના આજના યુવાન પાસે આ પ્રશ્નનો જવાબ નથી.

આપણો યુવકવર્ગ પણ થોડાં વર્ષ બાદ આ જ રસ્તે નહિ જાય એની કોઈ ખાતરી નથી. કોઈ પણ ક્ષેત્રમાં આપણે ત્યાં પાશ્ચાત્ય દેશોની અસર ઉત્તરોત્તર વધતી જાય છે, ઓછી થતી નથી. બિટલ્સનું અનુકરણ માત્ર સંગીતમાં જ નહિ, કેશભૂષા અને વેશભૂષામાં પણ ક્યાં નથી નજરે પડતું? કેટલાંય ધનિક અને મધ્યમ વર્ગનાં કુટુંબોનાં સંતાનો આજે કિશોર વયમાં દારૂ-સિગારેટ પીતાં થઈ રહ્યાં છે.

આપણો યુવકવર્ગ પણ શું આપણા ઇતર સમાજથી દૂર નથી જતો? રોજ સવારે છાપું ખોલીએ તો એકાદ ઠેકાણે તો યુવકોએ કરેલાં તોફાન અને નુકસાનના સમાચાર અચૂક વાંચવા મળે.

આ બધું શું બતાવે છે? આપણે ત્યાં પણ યુવકવર્ગમાં ઘેરો અસંતોષ છે. એની પ્રત્યક્ષ કોઈ ધ્યેય નથી જેને અનુલક્ષીને એ પોતાનું ભવિષ્ય ઘડી શકે. એટલે એ ગમે એ દિશામાં દોરાય છે જ્યાં એને પ્રસિદ્ધિ પ્રાપ્ત થાય અને એનું અહમ્ સંતોષાઈ શકે.

આજના યુવકવર્ગમાં શી ખામીઓ છે એ અહીં તેમજ પશ્ચિમમાં સૌ કોઈ જોઈ શકે છે, પરંતુ આ ખામીઓ દૂર કરવા માટે વિશેષ

પગલાં લેવાતાં નથી. હું તો માનું છું કે સૌપ્રથમ આપણે આપણા યુવકવર્ગને સમજવા અંતઃકરણપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ. એમની આંખો વડે જગતને અને આપણને પોતાને જોવા જોઈએ. એમના આચારવિચારમાં જે સારું સાચું ને યોગ્ય હોય એ સ્વીકારવું જોઈએ. ઊંચે સિંહાસને બિરાજીને ફરમાનો છોડવાથી કે વાંક કાઢવાથી કંઈ જ વળવાનું નથી. બલ્કે એમ કરવાથી તો યુવાનવર્ગ વધુ દૂર ધકેલાઈ જશે. જ્યારે એમને ખાતરી થશે કે આપણે સાચા દિલથી એમનામાં રસ લઈએ છીએ ત્યારે જ તેઓ આપણને સાંભળવા તૈયાર થશે.

આ ભૂમિકા તૈયાર કર્યા બાદ આપણે એમને એમના ફાજલ સમયને સદુપયોગ કરવા પ્રત્યે આકર્ષવા જોઈએ. એમનાં તન મન અને શક્તિને રચનાત્મક કાર્ય કરવા પ્રત્યે દોરવાં જોઈએ. બ્રિટનમાં ઘણી યુથક્લબો (યુવક સંસ્થાઓ) છે જ્યાં યુવક-યુવતીઓ માટે વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે. આપણે ત્યાં પણ એની ખૂબ આવશ્યકતા છે. આ યુથક્લબોનું પ્રથમ ધ્યેય યુવકોને પોતા પ્રત્યેના, પોતાના પડોશીઓ પ્રત્યેના તથા સમાજ પ્રત્યેના કર્તવ્ય અંગે જાગૃત કરવાનું છે અને બીજું એમને પુરવાર કરી આપવાનું છે કે આ કર્તવ્યનું પાલન એક આનંદદાયક કાર્ય છે, કંટાળાજનક અને બોજારૂપ નહિ.

બ્રિટનમાં અનેકવિધ યુવકસંસ્થાઓ છે. જેને જે પ્રકારના કાર્યમાં રસ હોય એ સંસ્થામાં એ જોડાઈ શકે છે. જાતજાતની રમતો ને પ્રોત્સાહન આપતી ક્લબો, તરેહતરેહનાં વ્યાસંગ કેળવતી ક્લબો, સંગીત, નાટક, ચિત્રકલા, શિલ્પ ઇત્યાદિને પ્રોત્સાહન આપતી સંસ્થાઓ, જાતજાતનાં મૅાડેલો તથા રમકડાં બનાવનારાંની ક્લબો એમ અસંખ્ય જાતની સંસ્થાઓ છે. ડ્યૂક ઑાવ એડિનબરાના ઍવૅાર્ડની યોજના અને 'આઉટવર્ડ બાઉન્ડરી' યોજના ખૂબ જ સુંદર છે. ડ્યૂક ઑાવ એડિનબરાના ઍવૅાર્ડની યોજનામાં અનેક શાળાઓ, યુવકસંઘો, ઔદ્યોગિક પેઢીઓ વગેરે ભાગ લે છે. યુવક-યુવતીઓએ એમના ફાજલ સમયમાં કંઈક ખૂબ કપરું કામ કરવા માટે અને અમુક નિયત કક્ષાએ પહોંચવા માટે બીડું ઝડપવું પડે છે. એમાં સફળ થનારને ઇનામ અપાય છે. યુવકો સમાજકલ્યાણ, રમતગમત, સાહસો અને પર્યટનો તથા શારીરિક સ્વાસ્થ્યનાં ક્ષેત્રમાં ઇનામ મેળવી શકે છે તો કન્યાઓ માટે ગૃહકાર્ય, સેવા અને સાહસિક પ્રવૃત્તિઓનાં ક્ષેત્રો છે. ૧૪થી ૨૦ વર્ષની ઉંમરના તરુણો આ યોજનામાં ભાગ લે છે.

આઉટવર્ડ બાઉન્ડ ટ્રસ્ટ પણ આવું જ કાર્ય કરે છે. બ્રિટનમાં એની પાંચ શાખાઓ છે. અહીં ચારિત્ર્યઘડતરનો પાઠ્યક્રમ હોય છે જેમાં મુખ્યત્વે સાહસિક કાર્યો અને વિષમ અનુભવોનો સમાવેશ થાય છે, છોકરીઓ માટે અલગ શાખાઓ અને જુદા પાઠ્યક્રમો છે.

આપણે ત્યાં શું આવી યોજનાઓ ન થઈ શકે? તમે કહેશો કે બ્રિટનમાં આ બધી યોજનાઓ હોવા છતાં પણ 'ટીનએજ પ્રૅાબ્લેમ' તો છે જ ને! પરંતુ ત્યાં જો આવી યોજનાઓ ન હોત તો આ કોયડો આજે છે એથી યે વધુ ગૂંચવાડાભરેલો અને વધુ વિસ્તૃત હોત આજે બ્રિટનમાં કંઈ બધા જ યુવકયુવતીઓ ઉપર વર્ણવ્યા છે એવા નથી. ઘણાંને રમતગમત, વિજ્ઞાન અને કલામાં કપડાં અને ફૅશન જેટલો જ રસ છે. એમનામાંથી ઘણા આગળ ભણે છે અને ઘણાં ઉપયોગી સામાજિક કાર્યો કરે છે. આ સર્વ મોટે અંશે બ્રિટનની યુવક સંસ્થાઓને જ આભારી છે. આ બધું જોયા જાણ્યા પછી આપણે પાણી પહેલાં પાળ શા માટે ન બાંધવી? આપણા યુવકોને જ્યાં ત્યાં અથડાવવાને બદલે શા માટે બરાબર ન દોરવા? એમના ઊછળતા લોહીની શક્તિનો સુમાર્ગે વ્યય કરતાં શીખવવું એ સમાજનું કર્તવ્ય છે, નસીબજોગે પાશ્ચાત્ય દેશો જેવી હાલત આપણે ત્યાં હજી સુધી નથી થઈ પરંતુ દાયકા બે દાયકામાં એ સ્થિતિએ નહિ જ પહોંચીએ એવું કેમ કહી શકાય?

શાસ્ત્રીય સંગીત (અનુ૦ સામેના પાનેથી) કેટલાક રાગો એકબીજાને એટલા મળતા છે કે તેમની છાયા એકબીજામાં ન આવી જાય તેનું ખાસ ધ્યાન રાખવું પડે છે. છાયાનટ ને કામોદ, કાલિંગડા ને રામકલી, ભીમપલાસ ને પટદીપ, મુલતાની ને તોડી, ભૂપાલી ને દેશકાર, બસંત અને પરજ, આ બધા એકબીજાને બહુ મળતા રાગો છે.

નિયમિત રિયાઝ, સરળ નિષ્પાપ જીવન, ગુરુભક્તિ, પ્રભુમાં શ્રદ્ધા, સંગીત સાંભળવાની ટેવ, સંગીતની આરાધના કરનારમાં હોવાં જરૂરી છે. સાધનામાં ઠીકઠીક પ્રગતિ થયા બાદ જ્યારે સભા સમક્ષ ગાવાનું હોય ત્યારે પણ ગાયકે પોતાની સમક્ષ ઉપસ્થિત શ્રોતાવર્ગની કક્ષાનો વિચાર કરવાનો રહે છે. સમાજનો એક વર્ગ એવો છે જે શાસ્ત્રીય સંગીતનો અભ્યાસી ન હોવા છતાં તેની કદર કરી શકે તેટલો બુદ્ધિશાળી જરૂર છે. જ્યારે બીજો વર્ગ એવો પણ છે જે શાસ્ત્રીય સંગીતનું નામ સાંભળી કાનમાં આંગળી ભરાવી દે છે. શ્રોતાઓની સમજશક્તિનો અંદાજ કાઢી ગાયકે સંગીતને લોકભોગ્ય કે વિદ્વદ્ભોગ્ય રીતે રજૂ કરવું ઘટે. ગાયનના આરંભ પહેલાં જે જે ગુરુએ સંગીતવિદ્યા શીખવી હોય તે તે દરેકને તથા આસપાસની જડ-ચેતન સૃષ્ટિના ગર્ભમાં છુપાયેલા પરમાત્માને મનોમન વંદન કરવા જેટલી નમ્રતા પણ ગાયકે કેળવવી જોઈએ.

શાસ્ત્રીય સંગીત અને સાધના

લેખિકા · શારદાબહેન શાહ

સંગીતની સાધના એટલે બ્રહ્મની સાધના. પરમાત્માની સાધના કરવા માટે જે એકાગ્રતા, શાન્તિ ને ધ્યેયનિષ્ઠાની જરૂર છે તે બધાંની જરૂર સ્વર-સાધના માટે પણ અનિવાર્ય છે. એક રીતે એ જીવનની સાધના છે. સંગીત જો જીવનનો ઉત્કર્ષ કરવામાં મદદરૂપ ન બને તો પછી તે એક સામાન્ય પ્રવૃત્તિ જેવું બની રહે છે. સંગીતનું માધુર્ય આપણાં વાણી, વ્યવહાર અને વર્તનમાં પણ પ્રગટવું જોઇએ. સુંદર રીતે ગાઈ-બજાવી શકે છે એવા કેટલાયે સંગીતજ્ઞો તેમની બીજી પ્રવૃત્તિઓમાં શિથિલ, બેદરકાર જોવા મળે છે. એમના જીવનમાં સંગીતનો સંવાદ જોવા મળતો નથી. આવી સાધનાને સાધના કહી શકાશે, પણ બ્રહ્મસાધના નહિ કહી શકાય. બ્રહ્મ એટલે પરમાત્મા. જો સંગીત એ પરમાત્માની સાધના હોય તો જીવનની નાનામાં નાની ક્રિયામાં પણ તે પ્રકટ થવી જ જોઈએ. માનવનું સારું યે જીવન સુમધુર ગીત જેવું બનાવે તો જ એ સાચું સંગીત, અન્યથા એ આજના નાટક-સિનેમા જેવું મનોરંજનનું એક સાધન જ બની રહે.

શાસ્ત્રીય સંગીતની સાધના સરળ નથી. બે-પાંચ વર્ષમાં સિદ્ધિ મળી જાય એટલી એ સહેલી કલા નથી. કંટાળ્યા સિવાય એકેએક સ્વરની બરાબર સાધના કરવી જોઈએ. આ પ્રકારની દીર્ઘ સાધના પછી જ દરેક સ્વર સુરેખ અને સફાઈદાર નીકળે છે. એટલે જીવનની પૂર્ણતા વધવાની સાથે કલાની અભિવ્યક્તિમાં પણ પૂર્ણતા આવે છે. એટલે બંનેની એકબીજા પર અસર પડે છે. આમ પૂર્ણતા તરફ જઈ રહેલી વ્યક્તિના કંઠમાંથી જે સંગીત વહે છે તે શ્રોતાઓનાં હૃદય સોંસરવું નીકળી ચિરસ્થાયી અસર પાડે છે.

શાસ્ત્રીય સંગીતમાં ગવાતી જુદીજુદી ગાયન-પદ્ધતિ, રાગો, તેમનું સ્વરૂપ, પ્રકૃતિ, નિશ્ચિત થએલાં છે.

સંગીતશાસ્ત્રમાં ખ્યાલ ધ્રુપદ, ધમાર તરાના, ઠુમરી, હોરી, ટપ્પા વગેરે બધા ગાયનના પ્રકારનો સમાવેશ થાય છે. એમની લયપ્રકૃતિ તથા રસ પ્રમાણે કેટલીક ગાયકી ખાસખાસ રાગોમાં જ ગવાય છે. તાલ પણ એમની પ્રકૃતિને અનુકૂળ હોય છે મોટા ખ્યાલમાં શબ્દોનું પ્રાધાન્ય હોતું નથી. તેમાં આલાપ, બોલઆલાપ, બોલતાન સરસ રીતે બતાવી શકાય છે. તાનમાં આપણી તૈયારી કેટલી છે તેની પરીક્ષા નાના ખ્યાલમાં થાય છે. કારણ કે નાના ખ્યાલની લય ઉતાવળી હોઈ તાન લેવા માટે એમાં ઘણી અનુકૂળતા છે. ધ્રુપદમાં લયના બધા પ્રકારો બતાવવાના હોઈ તે ઘણું ધીમે ગવાય છે. તાન-આલાપ તેમાં હોતા નથી. ઠુમરીમાં શબ્દોનું પ્રાધાન્ય અને અંતરના ભાવો પ્રગટ કરવાની ખૂબ મોકળાશ છે. તરાનામાં શબ્દો પુષ્કળ હોય છે પણ તેનો કોઈ ચોક્કસ અર્થ હોતો નથી. 'ના દીર તોમ તનન...' એવા તરાનાના અટપટા શબ્દો જલદ લયમાં કેટલી ત્વરાથી ઉચ્ચારી શકાય તે જ આ ગાયન-પદ્ધતિની ખૂબી છે.

ગઝલ, કવાલી, રાસ, ગરબા, ગીત, લોકગીત, ભજન, અભંગ, ભાવગીત, પોવાડા, વગેરે પ્રકારો પણ સંગીતની એક હળવી બાજુ રજૂ કરે છે. આ બધાંમાં તાલ, સૂર અને લય તો જોઈએ જ, પરંતુ તેમાં તાન આલાપ, બોલતાન વગેરે લેવાતા નથી, એટલે કે શાસ્ત્ર બતાવવાનું હોતું નથી. કેટલાક ગાયકો ભજનમાં વચ્ચે તાન લે છે જે ખરી રીતે આવશ્યક નથી. કારણ કે ભજનમાં શબ્દો અને તેનો અર્થ એ મુખ્ય વસ્તુ છે. ભજન આપણને કશુંક કહે છે. એમાં જો વચ્ચે તાન આવે તો સળંગસૂત્રતા તૂટી ભજનનો શાન્ત ભક્તિરસ માર્યો જાય છે. કારણ કે તાનમાં એક પ્રકારની ગરમી છે જે વાતાવરણને ઉત્તેજિત કરી ચમકીલું બનાવે છે. આથી ભજન કે પ્રાર્થના દ્વારા જે ભવ્ય શાન્ત વાતાવરણ સર્જાવું જોઈએ તે ડહોળાઈ જાય છે. અલબત્ત, તેમાં આલાપ કે બોલઆલાપ લઈ શકાય, પરંતુ તેમાં પણ અર્થહાનિ ન થાય એ રીતે તેના સ્થાનની પસંદગી કરવી જોઈએ.

સંગીતમાં દરેક રાગની વિશિષ્ટ પ્રકૃતિ મનાય છે. સ્વર એક જ હોય, પરંતુ જુદાજુદા રાગમાં તેની પ્રતિભા ભિન્નભિન્ન હોય છે. ભૈરવી અને ભૈરવ આ બંને રાગોમાં 'ઋષભ' અને 'ધૈવત' કોમળ છે છતાં ભૈરવીના ઋષભ ધૈવતને જે આંદોલન અપાય છે તે ભૈરવના ઋષભ ધૈવતને નથી અપાતું. સ્વરોને વધતાઓછા પ્રમાણમાં જે આંદોલન અપાય છે એમાંથી જ રસનિષ્પત્તિ થાય છે. ભૈરવીના કોમળ સ્વરોના આંદોલનમાંથી કરુણ રસ વહે છે. દરબારી કાનડા અને કાફી આ બંને રાગોના ગાંધાર કોમળ છે પણ દરબારીના ગાંધારને જે આંદોલન અપાય છે એ જ રાગની વિશિષ્ટતા છે. આ આંદોલન આપવામાં એની આગળ કે પાછળના સ્વરનો ધીમો સ્પર્શ કરવામાં આવે છે જેને 'કણસ્વર' કહે છે. આપણે હિંડોળા પર ઝૂલીએ છીએ ત્યારે તેની ગતિ સામસામી દિશામાં રહે છે તેમ સંગીતમાં પણ સ્વરને જે આંદોલન અપાય છે તેમાં કાં તો સ્વર થોડો આગળની દિશામાં ગતિ કરે છે અથવા તો પાછળની દિશામાં જાય છે. આ ગતિમાં જેટલી વધતી ઓછી તીવ્રતા હોય તે પ્રમાણે રાગમાં રસ પ્રગટે. ભૈરવી, ગુર્જરી તોડી, જોગિયા આ બધા કરુણ રસથી ભરપૂર રાગો છે. એમનો પ્રવાહ ધીર ગંભીર છે. તો એનાથી ઊલટા કેટલાક રાગો તેજ પ્રકૃતિના છે. અડાણા, શંકરા, સોહની, બહાર વગેરે આ જાતના રાગો છે. એમનું વ્યક્તિત્વ કેસરિયાં કરી યુદ્ધ ખેલવા જતાં વીર યોદ્ધા જેવું છે. પોતાના અડગ અને ટટ્ટાર વ્યક્તિત્વ પ્રમાણે આ રાગોનો પ્રવાહ મધ્ય અને તાર સપ્તકમાં વહેવાથી એમની ઝળકતી ખુમારી બરાબર પ્રગટે છે. તાર સપ્તકના ષડ્જ, ગાંધાર અને પંચમ પર પહોંચી શંકરાનો વીરરસ વાતાવરણને શક્તિથી સભર બનાવે છે. આવા રાગોમાં ગવાતાં ગીતોમાં પણ શૌર્ય, દેશભક્તિ, દેવીદેવતાઓનાં વર્ણનો, ઈશ્વરની ભવ્ય સ્તુતિ વગેરે હોય છે. ધ્રુપદ ઘણા રાગોમાં ગવાય છે, પણ શંકરા એને માટે ખૂબ અનુકૂળ ગણાય છે. ધ્રુપદની મૂળ લય ઘણી ધીમી હોય છે પણ તેની ગતિમાં સ્થિરતા અને ભવ્યતા એટલી બધી હોય છે કે તેને શંકરા જેવા રાગો જ પૂરો ન્યાય આપી શકે. શૃંગારયુક્ત રાગોમાં કૃષ્ણલીલાનાં પુષ્કળ ગીતો છે. કેટલાક રાગો ઋતુપ્રધાન છે. બસંત અને બહાર વસંતઋતુના અને ગૌડમલ્હાર, મિયાંમલ્હાર વર્ષાના રાગો છે જેમાં તે ઋતુઓનું વર્ણન અને વિરહ વેદનાનો ધ્વનિ હોય છે. કાફી, ખમાજ, ભૈરવી, પીલુ, તિલંગ આ રાગો ઠુમરી માટે ખાસ યોગ્યતા ધરાવે છે. આમ, દરેક રાગ સુંદર છે.

દરેક રાગની પ્રકૃતિનો સંપૂર્ણ અભ્યાસ હોવા સાથે તાલ અને લયનું જ્ઞાન રાગના થાટ, વાદી-સંવાદી, જાતિ, રસ, ગાવાનો સમય, વિશ્રાંતિસ્થાન, રાગનું મુખ્ય અંગ, સ્વરોની વિશિષ્ટતા આ બધાનો ખ્યાલ હોવો ઘણો જરૂરી છે. દરેક રાગની પ્રકૃતિ પ્રમાણે તેના સ્વરોની માવજત થવી જોઈએ. દરબારી જેવા ધીરગંભીર સાત્ત્વિક રાગ સાથે લડાઈ-કુસ્તી થઈ શકે જ નહિ, તો હમીરનો ધૈવત, કેદારનો મધ્યમ, જયજયવંતીનો ઋષભ એમના વ્યક્તિત્વ પ્રમાણે પ્રગટી ન શકે તો એ રાગો માર્યા જ જાય. દરેક રાગના અભ્યાસ સાથે તેના સમપ્રકૃતિ રાગો વિષે પણ જાણવું જોઈએ. (અનુસંધાન સામેના પાને)

સાહિત્યસંપર્ક

ઝિંદાદિલ કવિ અને વાર્તાકાર
રાવજી પટેલ

ઓગણત્રીસ વર્ષની વય નાની ગણાય. આ યુગમાં તો ખૂબ જ નાની. એવી કાચી વયમાં એક તરુણ કવિ અને વાર્તાકાર આ દુનિયાને છેલ્લી સલામ કરી ગયો. એનું નામ રાવજી પટેલ. બીજા વિશ્વયુદ્ધનાં ભીષણ નગારાં બજી રહ્યાં હતાં તે કાળે-૧૫મી નવેમ્બર ૧૯૩૯ને રોજ ડાકોર નજીકના વલ્લભપુર ગામમાં તેમનો જન્મ થયો હતો જાનપદી ધરતીની ધૂળમાં આળોટેલા રાવજીને શબ્દનો ઇલમ પણ ત્યાંથી જ પ્રાપ્ત થયો હશે! વિદ્યાર્થી અવસ્થામાં એ હતા ત્યારથી જ એમના સંવેદનશીલ ચિત્તમાં શબ્દ થન થન થઈ રહ્યો હતો. એમની શબ્દશક્તિ પ્રગટ થવા મથી રહી હતી. કાચીપાકી રચનાઓ રચતાં રચતાં રાવજી પટેલ વિદ્યાલયનો અભ્યાસ પૂરો કરી મહાવિદ્યાલય સુધી પહોંચ્યા. બી. એ.ના પહેલા વર્ષ સુધી ભણી શક્યા. એમની આર્થિક સ્થિતિ સારી નહિ છતાં ઉચ્ચ શિક્ષણ પામવાનો એમનો ઉત્સાહ જબરો. પરંતુ એમના દુર્ભાગ્યે ક્ષય અને ડાયાબિટીસ જેવા દુઃસાધ્ય રોગ તેમને ઊગમ પામતી જુવાનીના કાળે જ વળગી પડયા. ખરાબ તબિયત અને આર્થિક વિટંબણા–આવી ભારે આપત્તિમાં પણ રાવજીની સર્જકતા ફોળતી જતી હતી. એમની આ સર્ગપ્રવૃત્તિ જ કદાચ એમને આ ઝંઝા સામે ઝૂઝવાની હિંમત આપતી હતી–પ્રાણવાયુ પૂરો પાડતી હતી. એમની કવિતા, નવલિકા તેમ જ નવલકથા ભાંગેલી તબિયતે પણ પ્રગટ થતી રહી. ગામડાની ધરતીની ધૂળમાંથી શબ્દનો કીમિયો શીખી આવેલો આ કવિ શહેરી ધુમાડાની સૃષ્ટિમાં, મૃત્યુ સામે જીતવા-જીવવા બાથોડિયાં ભરતો રહ્યો. અમદાવાદનાં ગુજરાત સમાચાર, સંદેશ આદિ વર્તમાનપત્રોમાં પણ રોટલો રળવા પ્રવૃત્તિ કરી જોઈ. 'કુમાર'માં પણ થોડો સમય આજીવિકા માટે કામ કર્યું. પરંતુ એના ચિત્તને ક્યાંય જંપ નહોતો. એક તરફ એમનો સૂકો-ક્ષીણ દેહ બે બે ખતરનાક રોગ સામે યુદ્ધ કરી રહ્યો હતો અને આ યુદ્ધકાળ દરમ્યાન એમની કૃતિઓ પ્રગટ થતી જતી હતી. 'અશ્રુઘર' એમની પહેલી નવલકથા–લઘુનવલ કહેવી ઉચિત ગણાય. એ નવલકથામાં નાયક સત્ય પણ ક્ષયનો દર્દી છે. એનો કથાપ્રવાહ ક્ષયના રોગી માટેના સૅનેટોરિયમની આસપાસ વહે છે. એ વાર્તાનાયક સત્યને અંતે ક્ષય ભરખી જાય છે. રાવજીની આ નવલકથા એમના અનિષ્ટ ભાવિની આગાહી હશે? ગમે તેમ પણ નાની શી નવલકથા વાચકોને તથા કેટલાક વિવેચકોને સ્પર્શી શકી હતી. અને ૧૯૬૭ના વર્ષનું ગુજરાત સરકારનું પારિતોષિક પણ એને પ્રાપ્ત થયું હતું. એ પછી તરત-ફેફસાં ધીમે ધીમે ચારણી જેવાં થઈ રહ્યાં હતાં ત્યારે–તેની બીજી નવલકથા 'ઝંઝા' બહાર પડી. એ ડાયરી રૂપે લખાયેલી કથા છે. તેની ત્રીજી નવલકથા અધૂરી જ રહી ગઈ! રાવજી પટેલની આ નવલકથાઓમાં એક વિવેચકે પન્નાલાલ જેવા સમર્થ વાર્તાકારની તેજ-છટા જોઈ હતી.

રાવજી પટેલે 'રુચિ', 'વિશ્વમાનવ', 'કૃતિ' વગેરે સામયિકોમાં વાર્તાઓ પણ પ્રગટ કરી હતી. એમની વાર્તાઓમાં એમની સંવેદનાનો પ્રગટતો આકાર કેટલાય રસિકજનોને રોચક લાગ્યો હતો. એમની અનુભૂતિનો રણકો, ચિત્તને અસર કરે તેવાં કલ્પનો, તળપદી બાનીની તાકાત–આ સહુ એના કવિમિજાજની પ્રતીતિ કરાવે તેવાં હતાં. પણ રાવજીની સફળતા સાચે જ કવિતામાં હતી. તેમાંનાં ઇંદ્રિયગ્રાહ્ય ભાવકલ્પનો આપણી કવિતામાં નવી ભાત પાડનારાં હતાં.

રાવજી પટેલ વધુ જીવ્યા હોત તો...પણ એવી બધી આગાહી કરવાનો ખાસ કશો અર્થ નથી. રાવજી ઝિંદાદિલ લેખક હતા. છેલ્લા શ્વાસ સુધી તેમણે શબ્દની ઉપાસના કર્યા કરી.

રોગના હુમલાઓએ તેમને જંપીને ક્યાંય ઠરીઠામ બેસવા દીધા નહિ. એક પછી એક સૅનેટોરિયમ, ઑસ્પિટલો, દવાખાનાંમાં રાવજીના ફેરા થતા જ રહ્યા. દવાખાનામાં પડયા પડયા પણ એમની સૌંદર્યદૃષ્ટિ વિલાઈ નહિ.

અંતે કાળના પ્રતિનિધિ જેવા રોગના ભોગ બનીને જીવન જીવવાના પ્રબળ અભિનિવેશ સાથે રાવજી પટેલે ૧૦મી ઑગસ્ટ ને શનિવારે પરોઢિયે સહુની છેલ્લી વિદાય લીધી.

રાવજી પટેલની કેટલીક યત્રતત્ર વેરાયેલી કૃતિઓ હવે પછી ગ્રંથાકાર પામશે. રાવજી પટેલના ઝિંદાદિલ કવિ આત્માનું શ્રેય વાંછીએ.

શબ્દકથા: કાકીડો, કાચંડો, સરડો, ગીંગોડો, જિંગોડો, જંગોડો

સૌરાષ્ટ્રમાં ગોહિલવાડમાં 'કાકીડો'; તળ ગુજરાતની કેટલીક બોલીઓમાં 'કાચિંડો', 'કાચંડો' વગેરે; સૂરતીમાં 'સરડો'—આ બધા એક જ પ્રાણી માટે વપરાતા શબ્દો છે.

પ્રાકૃત 'કક્કિડ' ઉપરથી 'કાકીડો' થયું. ચરોતરમાં ઈકાર અને યકારની પહેલાનો કંઠ્યવ્યંજન તાલવ્ય ઉચ્ચારાય છે (જેમ કે 'કાકી'નું 'કાચી', 'કયમ'નું 'ચમ') તે અનુસાર 'કાકિંડો'ને બદલે 'કાચિંડો' કે 'કાચંડો'.

સંસ્કૃત 'સરટ'ના પ્રાકૃત 'સરડ' ઉપરથી મરાઠીમાં 'સરડા' છે, અને સૂરતી ઉપર મરાઠીની અસર હોવાથી ત્યાં 'સરડો' પ્રચલિત છે.

જોડણીકોશે વ્યુત્પત્તિદર્શક મૂળ પ્રાકૃત શબ્દ 'કાકીડો'ની સાથે આપ્યો છે તે તો બરાબર છે–'કાચંડો' વગેરેના મૂળ માટે કોશે 'કાકીડો'નો નિર્દેશ પણ યોગ્ય રીતે જ કર્યો છે. પણ 'કાચંડો' વગેરે ચરોતરી ઉચ્ચારણ હોવાનો તેણે નિર્દેશ નથી કર્યો. એટલું જ નહીં, ઊલટું અર્થ આપવાની દૃષ્ટિએ 'કાચંડો'ને મુખ્ય ગણ્યો છે. કેમ કે 'કાકીડો'ના અર્થ તરીકે 'કાચંડો' આપ્યો છે, જ્યારે 'કાચંડો'નો અર્થ આપ્યો છે 'એક પ્રાણી'. આ દેખીતો જ દોષ છે.

પણ 'કાકીડો' અને 'કાચિંડો' બંને નોંધ્યા છે, એટલો પણ જે સંતોષ આ બાબતમાં આપણને મળે છે, તે બીજા એક શબ્દની બાબતમાં નથી મળતો. કૂતરાં, ગાય, ભેંસ વગેરેના કાન અને બીજાં અંગો પર બાઝતા જીવને સૌરાષ્ટ્રમાં 'ગીંગોડો' કહે છે, અને 'ચરોતરી વગેરેમાં 'જિંગોડો' (જોડણીકોશે 'જંગોડો' એવું ઉચ્ચારણ પણ નોંધ્યું છે). આમાં પણ 'ગી'નું ચરોતરીમાં 'જિ' થયું છે. એટલે માન્યની નિકટના ઉચ્ચારણવાળું રૂપ 'ગીંગોડો' હોઇને તે મુખ્ય તરીકે અપાવું જોઈએ. પણ એ શબ્દ જ જોડણીકોશે નોંધ્યો નથી.

આવી બાબતમાં (૧) પ્રાદેશિકતાના નિર્દેશ સાથે અમુક રૂપો આપવાની એક સુસંગત નીતિ અપનાવવી જોઈએ, (૨) નક્કી કરેલા ધોરણે તેમાંથી અમુક રૂપને મુખ્ય કે માન્ય તરીકે આપવું જોઈએ અને (૩) વિકલ્પ સ્વીકારવા માટેનાં પણ સુસંગત ધોરણો હોવાં જોઈએ. કોશકારોએ આ બાબતનો વ્યવસ્થિત વિચાર ન કર્યો હોવાના જે અનેક પુરાવાઓ કોશમાં પડયા છે, તેનાં જ આ એકબે ઉદાહરણ છે.

હરિવલ્લભ ભાયાણી

નરી કવિતાની નવી દિશા

પ્રો. ધીરુભાઈ પરીખ

શ્રી સ્નેહરશ્મિનો નવો કાવ્યસંગ્રહ 'સોનેરી ચાંદ રૂપેરી સૂરજ' એના પુરોગામી બે કાવ્યસંગ્રહો 'અર્ઘ્ય' અને 'પનઘટ' કરતાં જુદો તરી આવે છે; એમાં સંગ્રહિત કાવ્યોના નૂતન પદ્યસ્વરૂપની દૃષ્ટિએ. ૩૯૫ કૃતિઓના આ સંગ્રહમાં છે માત્ર 'હાઈકુ'-૭ 'તાંકા'ને બાદ કરતાં ૩૫૯ હાઇકુ.

જાપાનના કવિઓ અને કાવ્યપ્રેમીઓના લાડીલા આ લઘુ પદ્યસ્વરૂપે અંગ્રેજી કલ્પનવાદી–પ્રતીકવાદી કવિઓ પર પણ ભૂરકી નાખેલી છે. આપણે ત્યાં છેક હમણાં જ આ પદ્યસ્વરૂપનો વ્યાપક પ્રસાર શ્રી સ્નેહરશ્મિને હાથે થયો છે. આ સંગ્રહની ઘણી રચનાઓ આપણાં અગ્રગણ્ય સામયિકોમાં પ્રસિદ્ધ થતી હતી ત્યારથી જ વાચકો અને વિવેચકોનું ધ્યાન એ તરફ ખેંચાયું હતું. એની સ્વરૂપગત સરળતાને લઈને ઘણા કવિઓએ એના પર હાથ અજમાવી જોયો છે, અજમાવી રહ્યા છે; પરંતુ એ સ્વરૂપની લાક્ષણિકતાના પૂરતા જ્ઞાનના અભાવે રચાએલાં હાઈકુ કાવ્ય કોટિએ પહોંચી શકયાં નથી; જ્યારે આ પદ્યસ્વરૂપને સૂઝપૂર્વક સમજેલા સ્નેહરશ્મિની મોટા ભાગની રચનાઓ સફળતા સુધી પહોંચવાનું સામર્થ્ય બતાવી જાય છે. વળી, આજે જ્યારે આ નવા સ્વરૂપથી આકર્ષાઈ અનેક કવિઓ હાઈકુ લખી રહ્યા છે ત્યારે શ્રી સ્નેહરશ્મિના આ સંગ્રહની કેટલીક સારી રચનાઓ અને એમાં સામેલ કરાયેલાં હાઇકુ પરનો પરિચયાત્મક લેખ કંઈક ઉપયોગી બની રહેશે.

પ્રથમ તો આ હાઈકુ વાંચી જતાં એક વાત સ્પષ્ટ થયા વગર રહેતી નથી કે આમાંનાં ઘણાંખરાં ૩૫૯ પૈકી ૨૯૧ હાઈકુમાં ઉપાદાનસામગ્રી તરીકે પ્રકૃતિનો જ ઉપયોગ થયો છે. જાપાનીઓ પ્રકૃતિના પુત્રો અને પૂજકો છે, એટલે સામાન્યતઃ જ આ પદ્યસ્વરૂપમાં પ્રકૃતિને પ્રથમ સ્થાન અપાયું છે. વળી, બુદ્ધના ધ્યાનવાદની પણ એ પ્રજા પર પ્રગાઢ અસર; તેથી એ આંતરદૃષ્ટિનો બાહ્ય પ્રકૃતિ-દર્શન સાથે સુમેળ સાધવામાં હાઈકુ ત્યાં ખૂબ જ કામયાબ નીવડયું છે. ભારતની સંસ્કૃતિ પણ વન્ય સંસ્કૃતિ જ છે, એટલે એ સ્વાભાવિક છે કે ભારતવાસીને પણ આ પ્રકૃતિલીલામાં ખૂબ આનંદ પડે. ઋજુ પ્રકૃતિના આપણા આ કવિને પણ એથી જ આ નાનકડું રમ્ય પદ્યસ્વરૂપ ભાવી જાય અને ફાવી જાય એ સહજ છે.

પ્રકૃતિમાં જે ખૂબ ભમ્યો છે અને એનું ઊંડું ને સહૃદય નિરીક્ષણ કર્યું છે તેને આ સ્વરૂપની ઉપાદાન સામગ્રી માટે ફાંફાં મારવાં પડતાં નથી. આપણી ચોમેર પ્રકૃતિનાં અનેક તત્ત્વો વિસ્તરેલાં પડયાં જ છે—જરૂર છે એમને કાવ્ય-સ્વરૂપ આપનારી પ્રતિભાની. શ્રી સ્નેહરશ્મિએ અહીં પ્રકૃતિનો કાવ્યોચિત ઉપયોગ કર્યો છે. એમનાં હાઈકુમાં સમાવિષ્ટ પ્રાકૃતિક ઉપાદાન-સામગ્રીનું જો પૃથક્કરણ કરીશું તો જણાશે કે એમણે જળ, સ્થળ અને આકાશી પ્રકૃતિનો વૈવિધ્યસભર ઉપયોગ કર્યો છે. જળપ્રકૃતિમાં એમને સાગરે ખૂબ આકર્ષ્યા હોય તેમ લાગે છે. (જુઓ હાઈકુ ૨૪, ૩૯, ૪૦, ૪૩, ૭૩, ૧૨૧, ૧૩૭, ૧૬૨, ૧૬૫, ૨૭૪, ૨૮૦, ૨૮૩, ૨૯૧, ૩૨૯, ૩૩૧). એક કાવ્યમય ઉલ્લેખ તપાસીએ :

> શ્યામ જલધિ :
> ઊગે ચંદ્ર : રૂપેરી
> છલકે મોજાં.

કવિ કાન્તની 'આજ મહારાજ જલ પર ઉદય જોઈને / ચંદ્રનો, હૃદયમાં હર્ષ જામે'ની યાદ તાજી થાય છે, કવિએ આ દૃશ્યથી અલિપ્ત રહી એક ચિત્રકારનું કામ કર્યું છે. સમગ્ર ચિત્રને કવિએ એનાં ત્રણ ઘટકોમાં વહેંચી નાખ્યું છે. પ્રથમ એ ઉલ્લેખે છે 'શ્યામ જલધિ'. બસ, આ બે જ શબ્દોમાં તમિસ્રપ્લાવિત અનંત સાગરનું ચિત્ર લાઘવથી ખડું થઈ જાય છે. ત્યાર પછી 'ઊગે ચંદ્ર' એ બીજી પંક્તિના પૂર્વાર્ધમાં પણ બે જ શબ્દોમાં સાગર પરના ચંદ્રોદયનું ચિત્ર આંકી દીધું છે. અને પછી તો બીજી પંક્તિના ઉત્તરાર્ધ સાથે ત્રીજી પંક્તિ મળીને શ્યામ સાગરનું પલટાએલું રમણીય સ્વરૂપ–અને તે પણ ગતિશીલ ('છલકે' ક્રિયાપદથી ધ્વનિત) સ્વરૂપ–ત્રણ જ શબ્દોમાં આલેખી દીધું છે: શ્યામ સાગરના ફલક પર રૂપેરી મોજાંનું દૃશ્ય! અનંત સાગરના અતીવ સુંદર દૃશ્યને કવિએ સત્તર જ અક્ષરમાં બદ્ધ કર્યું છે.

બસ, કવિનો અભિધાવ્યાપર અહીં પૂરો થઈ ગયો. બાકીનું એણે વાચકના વ્યંજનાવ્યાપાર પર છોડી દીધું. એ ય તપાસીએ: ચિત્તસાગરમાં ઘોર અંધાર વ્યાપેલો હોય તેમાં જ્યારે કોઈ જ્ઞાનનો ચંદ્રોદય થાય ત્યારે એ જ સાગરમાંથી વૃત્તિઓ અને વિચારનાં જ્ઞાનપાશવાળાં રૂપેરી મોજાં છલકે છે! આ વાત કવિએ ઉપરના પ્રકૃતિચિત્રના પડદા પાછળ ગોપવી દીધી છે.

આ જ રીતે હોડી, માછલી, કરચલા, ફીણ વગેરે સાગરનાં જ અંગોનો ચિત્રાત્મક ઉપયોગ કવિએ અન્યત્ર પણ કરેલો છે. એક દૃષ્ટાંત:

> રાખી જળને
> બહાર, હોડી જળે
> તરતી જાય.

જળમાં મુકાએલી હોડી એ જળને પોતાનામાં પ્રવેશવા દીધા વગર તરતીતરતી આગળ ને આગળ સરતી જાય છે. આ સરળ ગતિચિત્રની પાછળ રહેલી વ્યંજના પારખીએ. સંસારના આ જળમાં માનવજીવનની નાવ તરતી મુકાઈ છે; પરંતુ એ જળથી જે અલિપ્ત રહે છે તે જ તરી જાય છે, એ જળમાં પડીને પણ એની પાર ઊતરી જાય છે.

પર્વતીય પ્રકૃતિએ પણ કવિને કંઈ ઓછા આકર્ષ્યા નથી. લગભગ ૨૮ જેટલાં હાઈકુમાં એમણે પહાડોનો ઉલ્લેખ કર્યો છે. જુઓ:

> શૃંગ પે શૃંગ
> ચઢું ઊતરું : વળી
> નવાં આ શૃંગ!

આમ તો આ ચિત્ર સાવ સાદું લાગશે; પરંતુ એ જે કંઈ કહી જાય છે તે આ છે: વિકાસશીલ જીવનયાત્રી અનેક સિદ્ધિઓનાં શૃંગ ચડતો-ઊતરતો આગળ વધે છે, પણ શૃંગો તો પૂરાં થતાં જ નથી! માનવીની મહેચ્છાનાં શૃંગો તો અનેક છે, અનંત છે! તો વળી બીજું એક ચિત્ર કવિ આ પ્રમાણે દોરે છે:

> અજાણ્યાં કો
> તરે ધુમ્મસે પણે
> શૃંગ ધવલાં!

ધુમ્મસઘેર્યા શ્વેત શૃંગનું આ ચિત્ર છે તો મનોહારી, પણ એ ભાવકના આંતરકર્ણમાં કંઈક જુદું જ કહી જાય છે: ધુમ્મસ જેવી વિટંબણાઓથી ઘેરાએલા જીવનપથમાં પણ કોઈ ને કોઈ 'ધવલાં શૃંગ' જરૂર હોય છે જ, અને એ જ આવા જીવનનો થાક હરી લે છે, 'ધુમ્મસ'થી વ્યાપતું નૈરાશ્ય અટકાવે છે.

આમ, પ્રકૃતિનાં વિવિધ તત્ત્વોનો અને સ્વરૂપોનો કવિએ અહીં સમુચિત ઉપયોગ કર્યો છે. એમાં છે સૂર્ય–ચંદ્ર–તારાનાં પ્રખરશીળાં તેજ અને ઉષા-સંધ્યા-મધ્યાહ્ન-રાત્રિની શોભા. એમાં વનોપવનની રમણીયતા અને રુદ્રતા દૃષ્ટિગોચર થાય છે; કાંટાળા થોરથી માંડીને લજામણીના નાજુક છોડની સૃષ્ટિ એમાં આવેલી છે; પારિજાતકનાં નાજુક નમણાં પુષ્પોથી માંડીને સૂર્યમુખી જેવાં વિશાળ ફૂલોની રમણા છે; ચંદન ચંપાથી મોગરા-રજનીગંધાની મહેક એમાં ફોરે છે, તો આગનવેલ–મધુમાલતી–સહકાર ત્યાં મ્હોરે છે.

કોયલ, બુલબુલ, મોરના રવ શ્રોતેંદ્રિયને સતર્પક છે તો ઘુવડનો કરડો રવ પણ છે; આગિયા અને પતંગિયાંની સાથે ભમરા અને તમરાં પણ છે; ખિસકોલી-બકરી-મૃગ જેવાં ગભરુઓ છે તો શ્વાન-વાઘ-ચિત્તા જેવાં ભયાનક પ્રાણીઓ પણ છે; કરોળિયા અને કરચલાની સાથે વાગોળ અને ચામાચીડિયાં પણ ક્યારેક આવી જાય છે. આવી વૈવિધ્યસભર છે પંખી-પ્રાણી-જંતુ અને ફૂલઝાડની સૃષ્ટિ.

કવિએ વસંત, ગ્રીષ્મ, વર્ષા અને પાનખર ઋતુનાં ચિત્રો પણ આલેખ્યાં છે; પ્રકૃતિનાં રુદ્ર અને રમ્ય બન્ને સ્વરૂપોને વિષયભૂત બનાવ્યાં છે. રમ્યથી સંગ્રહની શરૂઆત :

હિમ શિખરે
ફૂટે પરોઢ : અહો!
સૂર્ય હાઈકુ!

અને અંત પણ રમ્યમાં જ છે ને?

ઊગે સોનેરી
ચાંદ : સૂરજ થાય
રૂપેરી રાતો!

અને હવે વચમાં આવતું રુદ્ર સ્વરૂપ :

ભૂકંપ : દુર્ગ
પુરાણો પડ્યો : રેખા
ક્ષિતિજે નવી.

પણ આ તાંડવમાં ય કવિ તો તાજગી જ નિહાળે છે. એ ખંડનમાં ય એમને તો મંડન જ જણાય છે. નૂતન રેખાંકન માટે જીર્ણનો નાશ જ કરવો રહ્યો ને? અર્થાત્ જીર્ણના વિનાશની પાછળ જ નવસર્જનની ઝાંખી કવિદૃષ્ટિ કરી શકે છે. સુન્દરમે 'ઘણ ઉઠાવ' નામક સૉનેટમાં જે ૧૪ પંક્તિ દ્વારા કહ્યું છે તે અહીં સાંકેતિકરીતે ત્રણ જ પંક્તિમાં કહેવાયું છે.

કવિની આ હાઈકુ-સૃષ્ટિમાં ઊંડે ઊતરીશું તો એમાં અનેક ભાવોનું સંગોપન થએલું જોઈ શકાશે. સામાજિક-સાંસારિક સંદર્ભથી આધ્યાત્મિક-ગૂઢવાદ સુધીનો ધ્વન્યાર્થ આ હાઇકુમાં નાણી ને માણી શકાશે. સાંસારિક સંદર્ભની વાત કરીએ તો એમણે અપત્યવાત્સલ્યની ઝાંખી કેટલીક જગ્યાએ કરાવી છે. પાંત્રીસમા હાઈકુમાં કવિ કહે છે :

પારેવાં બેઠાં
કોટની રાંગે : ભાણ
નિરાંતે ડૂબે.

અહીં ડૂબતો ભાણ જુએ છે કે દિવસભરનો શ્રમ વેઠીને પારેવાં સહીસલામત રીતે કોટની રાંગે આવીને બેસી ગયાં છે; અને એથી જ જાણે ભાણના ચિત્તમાં જતાંજતાં 'નિરાંત' છે. કુટુંબનો વડીલ ચિરવિદાય લેતો હોય ત્યારે પોતાનાં સંતાનોની સારી પરિસ્થિતિ જોઈ જે પરિતૃપ્તિ અનુભવે એ અહીં ધ્વનિત છે.

પ્રણયના સાફલ્ય-વૈફલ્યના ભાવોને પણ કવિએ આ ચિત્રો પાછળ કાવ્યાત્મક રીતે ગોપવી દીધા છે. જુઓ હાઈકુ ૩૧મું :

ઝરૂખે ચાંદો :
ઝરે ઝાકળ બિંદુ :
ચૂંદડી ભીંજે.

કોઈ ચંદ્રમુખી વિરહિણીનાં ઝાકળ શાં અશ્રુબિંદુઓથી ભીંજાતી ચૂંદડીના ચિત્ર દ્વારા

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



લીલાવતી મુનશી

અમદાવાદમાં ઈ. ૧૮૯૯માં જન્મ. ગુજરાતી ચાર ધોરણ સુધી શાળામાં ભણી ઘેર અંગ્રેજી અને સંસ્કૃતનો અભ્યાસ કર્યો. ૧૯૧૩માં મુંબઈમાં શેઠ લાલભાઈ ત્રિકમલાલ સાથે લગ્ન, પણ તેમાં ઉંમર અને સંસ્કારે ઘણો મોટો તફાવત હતો. શ્રી કનૈયાલાલ મુનશી સાથેના હિંમતભર્યા પુનર્લગ્ન પછી 'ગુજરાત પ્રભાવશાળી બને, ગુજરાતી સાહિત્ય સમૃદ્ધ થાય અને નવા ગુજરાતના સંસ્કારનું દર્શન થાય એ દિશા તરફ' એ બંનેએ અનેક પ્રયાસો સાથોસાથ કર્યા. આજે તેઓ શ્રી મુનશીએ સ્થાપેલા 'ભારતીય વિદ્યાભવન'નાં ઉપપ્રમુખ તરીકે એ સંસ્થાની બધી પ્રવૃત્તિઓમાં વાત્સલ્યભર્યો રસ લઈ રહ્યાં છે. 'રેખાચિત્રો અને બીજા લેખો' તથા 'કુમારદેવી' એ એમની વર્ષો પહેલાં લખાએલી સાહિત્યકૃતિઓ છે.

૧ કેળવણીનું કર્તવ્ય?

ઉ વિદ્યાર્થીઓને ફક્ત શીખવવાનું નહિ, પણ એમના જીવનને કેળવવાનું, વિકસિત કરવાનું, નવપલ્લવિત, પ્રજ્ઞ ને પ્રેરક બનાવવાનું.

૨ અન્ય પ્રાન્તની સ્ત્રીઓની સરખામણીમાં ગુજરાતી સ્ત્રીઓ માટે આપનો શો અભિપ્રાય છે?

ઉ અન્ય પ્રાન્તોના મુકાબલામાં ગુજરાતી સ્ત્રીઓ કોઈ પણ રીતે ઊતરતી નથી. પણ જો કાર્યશક્તિ ને જવાબદારીનું ભાન ખીલવે તો હાલ છે તેના કરતાં પણ ઘણી પ્રગતિ સાધી શકે.

૩ આદર્શ યુગલ કોને કહેશો?

ઉ જે અન્યોન્યની ન્યૂનતા પૂરે, જે સ્નેહ ને સમજણને જીવનના મહત્ત્વના સિદ્ધાન્ત તરીકે સન્માને.

૪ માનવજીવન કયા પ્રકારનું લાગે છે?

ઉ જીવન એ સમુદ્રમંથન જેવું છે. એમાંથી અમૃત અને ઝેર ને એવું એવું ઘણું નીકળે. માનવી શું મેળવે છે એ પર ઘણો આધાર છે.

૫ શુભ જીવન માટે આપ શું કહો છો?

ઉ શુભ આદર્શો ને ધ્યેયોથી સભર છે એ શુભ જીવન છે. જિંદગી એટલે કાર્યક્ષેત્ર.

૬ કયા પુસ્તકમાં કયા પાત્ર તરફ વધુ આકર્ષણ?

ઉ 'કૃષ્ણાવતાર'માં શ્રીકૃષ્ણ ખરેખર ખૂબ આકર્ષક છે.

૭ આપનો શૉખ?

ઉ પહેલાં સંગીતનો હતો. હવે તો જીવન અન્ય અનેક પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત બની ગયું છે ને બધીય પ્રવૃત્તિઓ ગમે છે.

૮ સંગીત માટેનું આપનું મતવ્ય?

ઉ માનવની સૂક્ષ્મ રસવૃત્તિને સંતોષવાનું કાર્ય સંગીત કરે છે.

૯ કઈ કલા આપને વધુ ગમે છે?

ઉ મને લગભગ બધી કલા ગમે છે. પણ આધુનિક કલાને નામે આજે જે ચાલી રહ્યું છે તેમાં મને બહુ સમજણ પડતી નથી. પીંછીના પલટા દેખાય છે.

૧૦ ગુજરાતની અસ્મિતા કઈ રીતે વધે?

ઉ જો દરેક ગુજરાતી ગુજરાતનાં સંસ્કાર અને સમૃદ્ધિને સબળ કરે તો ગુજરાતની અસ્મિતા વધે.

૧૧ આજનું ભારત સુખી છે કે પુરાણું ભારત સુખી હતું?

ઉ સુખ એ મૃગજળ જેવી વસ્તુ છે. દૂર દૂરથી વધુ સારું લાગે.

કવિએ અહીં વિપ્રલંભ શૃંગાર નિષ્પન્ન કર્યો છે. તો મિલનનાં ચિત્રો પણ આસ્વાદ્ય બની રહ્યાં છે. એક આ રહ્યું :

પૂર્ણિમા મથે
સમાવા અબ્ધિ-હૈયે—
ચૂંદડી લ્હેરે.

અહીં પૂર્ણિમા–અબ્ધિનાં પ્રતીકો દ્વારા નાયક-નાયિકા અભિવ્યંજિત છે તે ભાગ્યે જ સ્પષ્ટ કરવાનું રહે.

અધ્યાત્મવાદ અને ગૂઢવાદ પણ એમનાં અનેક હાઈકુમાં ગોપાઈને પડયો છે. સહેજ ઝીણી નજરે જોનારને એ જડયા વગર રહેવાનો નથી. જીવનમુક્તની દશાનો એમણે ૨૬૪ અને ૨૭૨મા હાઇકુમાં અણસારો કર્યો છે તો ૧૭૩ અને ૧૭૮ જેવાંમાં ગૂઢવાદનો ગંધ મહેકે છે. સજ્જનનો સ્વભાવ (૧૧૬), માનવજીવનનાં સુખદુ:ખ (૧૧૮), સ્વપ્નોનો ભંગાર (૮૮), સંન્યાસ (૧૯૩), ઊર્ધ્વ જીવનયાત્રા (૫૦), ધ્યેયપ્રાપ્તિની મૂંઝવણ (૨), આત્મોન્નતિ (૭), પતન (૩૦), ખલસ્વભાવ (૯૨), ઈશ્વરકૃપા (૩૧૩), જ્ઞાનપરબ (૩૩૨), અજ્ઞાની જીવની દશા (૨૧૮), ક્રાંતિ (૩૪), યુદ્ધ પછીની શાંતિ (૩૪૬), સ્વજનની વિદાયની કરુણતા (૨૦૦, ૨૯૬, ૩૧૧) વગેરે અનેક વાતો કવિએ વિવિધ નૂતન પ્રતીકકલ્પનો દ્વારા અહીં કુશળતાથી અને કાવ્યક્ષમ રીતે કરી દીધી છે. આમ દેખીતી રીતે કવિ પોતે પ્રવેશ કર્યા વગર જ પ્રતીકાયોજન દ્વારા પોતાનું વક્તવ્ય ચોટદાર રીતે કહી જાય છે.

આ માટે કવિએ અખત્યાર કરેલી શૈલી કંઈક આવી છે: એમણે હાઈકુની દશ્યયોજના ત્રિવિધ કરેલી છે. ક્યારેક એમના એક હાઈકુમાં માત્ર એક જ ચિત્ર આવે છે (૬૪, ૯૦, ૨૭૨ વગેરે) તો ક્યારેક વળી તેઓ બે દશ્યોને પણ પાસેપાસે મૂકી દે છે. જેમ કે;

શિખરે વેરે
સૂરજ સોનું: નીચે
ખીણ અંધારી.

આવી જ રીતે ક્યારેક ક્યારેક ત્રણત્રણ ચિત્રો પણ એકીસાથે રજૂ કરી દીધાં છે.

ટોચે ગરુડ:
સૂર્ય રૂપેરી વચ્ચે:
ડાળીઓ સૂની.

આ ચિત્રાંકનોમાં એમણે સમરીતિ અને વિષમરીતિનો આશ્રય લીધો છે. ૮૧મા હાઈકુમાં ક્રિયાસાતત્યનું ચિત્ર આંકયું છે તો ૧૪૫, ૧૬૯, ૩૨૨, ૩૬૨ જેવાં હાઈકુમાં ક્રિયાના અભાવથી પણ ચિત્રો ઊભાં કર્યાં છે.

૨૫૨, ૨૬૯, ૩૫૭ જેવાં હાઈકુમાં વર્ણમાધુર્ય છે તો ૨૮૬, ૩૧૯ જેવાંનું નાદમાધુર્ય પણ શ્રુતિસંતર્પક બની રહે છે. આ ઉપરાંત અનેક હાઈકુનું લયમાધુર્ય આપણું ધ્યાન ખેંચ્યા વગર રહેતું નથી.

આમ તો હાઇકુ માટે કોઈ છંદનું બંધન આવશ્યક મનાયું નથી; છતાં ય અહીં કેટલાંયે હાઈકુ અનાયાસે જ સવૈયાની, કટાવની કે ઉભયમિશ્ર ચાલમાં ચાલે છે અને ચિત્રમાં ચાક્ષુસ સૌંદર્યની સાથેસાથે નાદસૌંદર્યનું પણ ઉમેરણ કરે છે.

આ સંગ્રહની આવી અનેક સિદ્ધિઓ હોવા છતાં ય એમાં નજરે ચડી જતી કેટલીક નાની-મોટી ક્ષતિઓ પ્રત્યે બેધ્યાન રહી શકાય તેમ નથી. ૧૦૦મા હાઇકુમાં જેમ વ્યંજના અતિ સ્પષ્ટ બની ગઈ છે તેમ બીજાં કેટલાંક હાઈકુમાં પણ બનવા પામ્યું છે. જ્યારે આવી સ્પષ્ટ વ્યંજના હાઇકુમાં આવી જાય છે ત્યારે એ નાજુક-નમણા ફૂલ જેવા હાઈકુને ભારેખમ બનાવી દે છે અને એને કોઈ સૂત્રોક્તિની કક્ષાએ પહોંચાડી દે છે. હાઈકુ એ સ્પષ્ટપણે પરલક્ષી કાવ્યપ્રકાર હોવા છતાં ક્યાંકક્યાંક એક યા બીજી રીતે આપણને એમાં કવિનો સીધો પ્રવેશ થઈ ગએલો જોવા મળે છે, જે ખૂંચ્યા વગર નથી રહેતો. ૭૮મા હાઇકુમાં કવિની શંકા જુઓ—

ધોબીઘાટમાં
'હે રામ!'—કો બોલ્યું એ-
શિલા કે વારિ?

કોઈ કોઈ સ્થળે કવિએ આપેલાં કલ્પનામંડિત અલંકારયુક્ત ચિત્રો પણ હાઇકુના સાચા સ્વરૂપને વિઘાતક નીવડયાં છે. ૧૨૦મા હાઈકુમાં કવિ કલ્પે છે—

બીડમાં ગ્રીષ્મ:
વાસન્તી સોહાગની
કજળે ચિતા.

જ્યારે ૨૫૫ જેવા હાઇકુમાં કવિએ સ્પષ્ટ વિચારનું તારણ પણ લાદી દીધું છે:

જાગતા નર
સેવું હું: પોઢયા તેને
સુણાવું ગીત.

આવાં હાઈકુનું ભાવમૂલ્ય ગમે તેટલું હોય પણ હાઈકુની સ્વરૂપગત ચિત્રાત્મક લાક્ષણિકતાનો હ્રાસ કદાપિ સહ્ય ન બની શકે.

હાઈકુના બાહ્ય બંધારણની દૃષ્ટિએ જોવા જઈએ તો બિચાર હાઈકુમાં એકાદ શ્રુતિની સહ્ય વધઘટ પણ જોવા મળે છે. જેમ કે ૫૫મા હાઈકુની ત્રીજી પંક્તિમાં ૬ અને ૨૫૪મા હાઈકુની બીજી પંક્તિમાં પણ ૬ શ્રુતિ છે તો ૨૮૪મા હાઈકુની બીજી પંક્તિમાં ૮ ને ૩૫૪મા હાઈકુની પ્રથમ પંક્તિમાં ૪ શ્રુતિ છે.

કોઈ કોઈ સ્થળે ચિત્ર પાછળનો દોહરાતો ધ્વનિ તો ક્યારેક ખુદ ચિત્રની જ પુનરુક્તિ પણ ખૂંચ્યાં વગર રહેતાં નથી.

આવા અલ્પ દોષોને બાદ કરીએ તો આ હાઈકુસંગ્રહ સાદ્યંત આસ્વાદ્ય બની રહ્યો છે. આ સંગ્રહથી ગુજરાતી કાવ્યસાહિત્યમાં એક નવું પ્રસ્થાન મંડાય છે. 'અર્ધ્ય' ને 'પનઘટ'ના સ્નેહરશ્મિ 'સોનેરી ચાંદ રૂપેરી સૂરજ'માં નવું જ રૂપ ધારણ કરીને આવે છે. નરી કવિતાની અહીં નવી દિશા ઊઘડે છે એ આનંદની વાત છે હાઈકુના સ્વરૂપ વિષેની એમની ઝીણી સૂઝની આ સંગ્રહનાં મોટા ભાગનાં હાઈકુ આપણને પ્રતીતિ કરાવી જાય છે અને એટલે જ કાકાસાહેબ કાલેલકર એમના પર એક પત્રમાં વારી ગયા છે: 'હવે તમારે નાનાં હાઈકુઓનો ધોધ વરસાવવો જોઈએ ' પ્રકૃતિએ જ નિરંકુશ એવા કવિને આમ ફરજ પાડી શકાય નહિ, છતાં ય કાકાસાહેબના એ વાક્યની વ્યંજિત સદ્ભાવના કળીને આપણને પણ, આ હાઈકુસંગ્રહ જોયા પછી, કહેવાનું મન થયા વગર રહેતું નથી કે શ્રી સ્નેહરશ્મિ પાસેથી આપણને ઉત્તરોત્તર વધુ ને વધુ સારાં હાઈકુ પ્રાપ્ત થતાં રહો.

નવાં પ્રકાશનો

આર. આર. શેઠની કંપની
ગાંધીમાર્ગ - અમદાવાદ - ૧

જૂઠા સચ ભા. ૧, ૨–યુગાંતર ભા. ૧, ૨: હિન્દી સાહિત્યના નામી નવલકથાકાર શ્રી યશપાલની 'જૂઠા સચ' નામક નવલકથાના 'વતન અને દેશ' અને 'દેશનું ભાવિ' એ બે ભાગોનો શ્રી સુભદ્રા ગાંધીએ ચાર ભાગમાં કરેલો આ અનુવાદ સ્વરાજ્ય પ્રાપ્તિના પ્રારંભકાળના મધ્યમવર્ગી શહેરીઓના જીવનનો વાસ્તવિક ચિતાર આપી એ સમયની વાસ્તવિક પરિસ્થિતિ ને રાજકીય વાતાવરણને શબ્દાંકિત કરવાનો સબળ પ્રયાસ છે. પૃ. ૪૩૨, ૪૨૦, ૫૭૯, ૫૪૬, પાકું પૂઠું, રૂ. ૧૦-૨૫, ૧૦-૨૫, ૧૪-૦૦, ૧૩-૦૦ (સેટના રૂ. ૨૦-૫૦, ૨૭-૦૦)

સમાજ વિજ્ઞાનમાળા: સમાજશાસ્ત્રના અધ્યયનને વિદ્યાર્થીઓમાં અને એ વિષયના રસિકોમાં વ્યાપક અને રસપ્રદ બનાવવા ડૉ. અક્ષયકુમાર ૨. દેસાઈ અને ડૉ.

નીરા દેસાઈના સંપાદન હેઠળ આરંભાએલી સમાજ વિજ્ઞાનમાળાના પ્રથમ બે મણકા. ૧. ભારતીય સમાજ અને સંસ્કૃતિ અને એના અભ્યાસ પ્રવાહોનું ક્રમબદ્ધ વિહંગદર્શન કરાવતી આ વિષયની અધિકારી વ્યક્તિ ડૉ. અક્ષયકુમાર દેસાઈએ લખેલી પુસ્તિકા. પૃ. ૨૪૧, રૂા. ૩-૫૦ અને ૨. ભારતીય નગરનું એની ઐતિહાસિક અને ભૌગોલિક ભૂમિકા સાથે એની સાંસ્કૃતિક મહત્તા બતાવી સમાજ-શાસ્ત્રીય અન્વેષણ કરતાં, ડૉ. લલિતપ્રસાદ ક. વિદ્યાર્થીનાં પુસ્તકોનું અનુવાદિત સંપાદન. પૃ. ૧૩૮, રૂા. ૪.

બાળસાહિત્ય

નવરસ વાર્તાવલિ: નામે પ્રગટ થએલી શ્રી જીવરામ જોશીની, બાળકોને રસ પડે એવી પુસ્તિકાઓ: (૧) ઘોઘો ઘાંચી (૨) સોનાનો હડો (૩) કાળવન (૪) દાસી પતિ (૫) આંસુનાં મોતી (૬) સોના-ઘડૂલો (૭) અક્કલના ઘડા (૮) કાળો ને કાણો (૯) અમ્બુ (૧૦) ભૂતિયા ખીણ-દરેકનાં પૃ ૬૪, કાચું પૂઠું, રૂા. ૧-૬૦ (સેટના રૂા. ૧૬).

રૂપકથામાળામાં પ્રસિદ્ધ થએલી શ્રી ધનંજય ર. શાહ લિખિત બાળકોની સાહસ વૃત્તિને પોષતી પુસ્તિકાઓ: (૧) રાતો ઢિંગુજી (૨) ચાલીસમારખાં માથો (૩) રઝળતી રાજકુમારી (૪) લાલ સાકર (૫) બિહામણો બાહુક (૬) સોનેરી લટ (૭) પોયણી (૮) સોનેરી પાંદડાં (૯) બહાદુર વિકાજી (૧૦) મોતીનાં ફૂંડાં-દરેકનાં પૃ. ૬૪ આશરે, કાચું પૂઠું, ૧-૨૬, સેટના રૂા. ૧૨.

સ્વાતંત્ર્ય કથામાળા: ઈ. ૧૮૫૭ની ક્રાંતિથી આરંભીને ઈ. ૧૯૪૭માં સ્વાતંત્ર્ય આવ્યું ત્યાં લગીમાં અંગ્રેજોની ધૂંસરી ફગાવી દેવા અનેક જંગો ખેલી ભારતને આઝાદ કરવા જાત નિ:શેષ કરનારા વીર શહીદ યુવકોની કુરબાનીની કથા કહેતી, બાળકો ને દેશભક્તોનાં ચરિત્રો, ને આઝાદીનો મૂલ્યવાન ઇતિહાસ આપતી કથાઓના ૩૬ સચિત્ર પુસ્તિકાઓ ધરાવતા ત્રણ સેટ. **સેટ ૧:** ૧) આગના ઝબકારા પૃ. ૪૮, રૂા. ૧; ૨) સત્તાવનનો સેનાની પૃ. ૫૧, ૧-૨૫; ૩) મોતનો ખેલ પૃ. ૩૫, રૂા. ૧; ૪) સહોદરોની શહાદત પૃ. ૪૮, રૂા. ૧; ૫) એક પુસ્તક માટે પૃ. ૩૬, રૂા. ૧; ૬) વાઘની મૂછ પૃ. ૫૦, રૂા. ૧; ૭) મોતનો મરજીવો પૃ. ૪૪, રૂા. ૧; ૮) કસાઈ ન્યાયાધીશ પૃ. ૫૨, રૂા. ૧-૨૫; ૯) દેશ ખાતર દુનિયા ખૂંદી પૃ. ૪૧, રૂા. ૧; ૧૦) શૂરવીર સુફીજી પૃ. ૩૯, રૂા. ૧; ૧૧) ધરમ માટે ધાડ પૃ. ૪૧, રૂા. ૧; અને ૧૨) શૂરો સપૂત પૃ. ૩૭, રૂા. ૧.-સેટનું મૂલ્ય રૂા. ૧૨-૫૦. **સેટ ૨:** ૧) આગનો ગોળો પૃ. ૪૧, રૂા. ૧; ૨) દેશભક્તોની ટોળી પૃ. ૩૯, રૂા. ૧; ૩) નાપાક ન્યાયાધીશ પૃ. ૩૪, રૂા. ૧; ૪) સોહનલાલની શહાદત પૃ. ૩૯, રૂા. ૧; ૫) આગનો તણખો પૃ. ૩૬, રૂા. ૦-૭૫; ૬) એકલવીર પૃ. ૩૬, ૭૫ પૈસા; ૭) આગગાડી લૂંટી પૃ. ૪૮. રૂા. ૧; ૮) નામ મારું છે 'આઝાદ' પૃ. ૩૮, રૂા. ૧; ૯) મોતનો મુકાબલો પૃ. ૩૦, ૭૫ પૈસા; ૧૦) ડાકુમાંથી દેશભક્ત પૃ. ૪૩, રૂા. ૧; ૧૧) હસતે મુખે પૃ. ૩૫, ૭૫ પૈસા અને ૧૨) ફાંસીનો બદલો પૃ. ૪૩, રૂા. ૧.-આખા સેટનું મૂલ્ય રૂા. ૧૧. **સેટ ૩:** ૧) છેલ્લો ઝબકારો પૃ. ૩૬, રૂ. ૦ાા; ૨) વાઈસરોય પર બૉંબ. પૃ. ૪૦ રૂા. ૧; ૩) હત્યારાની હત્યા પૃ. ૪૬, રૂા. ૧; ૪) અંગ્રેજો ટળો પૃ. ૩૬, ૭૫ પૈસા; ૫) અબલા-પ્રબલા પૃ. ૩૭, રૂા. ૧; ૬) શહીદની સહચરી પૃ. ૪૨, રૂા. ૧; ૭) અડાસના અત્યાચાર પૃ. ૪૨, રૂા. ૧; ૮) ચલાવ તારી ગોળી પૃ. ૪૦, રૂા. ૧; ૯) હેન્ડ્ઝ અપ પૃ. ૩૮, રૂા. ૧; ૧૦) જેલમાંથી નાઠા પૃ. ૩૭, રૂા. ૧; ૧૧) શૂરો સેનાની ભાગ-૧ પૃ. ૩૫, ૭૫ પૈસા અને ૧૨) શૂરો સેનાની ભાગ-૨ પૃ. ૩૬ પૈસા.-સેટનું મૂલ્ય રૂા. ૧૧. ત્રણે સેટના લેખક: ધનંજય ર. શાહ.

સુંદરબોધ કથામાળા-ગુચ્છ ૧: (૧) ધરતીનું વાજિંત્ર સ્વર્ગનું માન (૨) લક્ષ્મીનું વરદાન (૩) રાજાઓનો રાજા (૪) પશુપુત્ર (૫) સ્વપ્નનું હરણ કે હરણનું સ્વપ્ન (૬) ચોથું ચરણ ચોરનું (૭) ત્રિભંગલ (૮) સોનાની કુહાડી (૯) ઔરંગઝેબની શંકા (૧૦) જૂનું સ્વર્ગ. દરેકના લે. હરીશ નાયક. પૃ. ૪૦ દરેકનાં રૂા. ૦ાાા. સેટના રૂા. ૭ાા, કાચું પૂઠું.

ગુચ્છ ૨: (૧) પહેલો શહીદ (૨) બીજો ચબૂતરો (૩) ત્રીજો કાન (૪) ચોથો પાયો (૫) પાંચ ગધેડાં (૬) છઠ્ઠી આંગળી (૭) સાત ઋષિ (૮) આઠ થાળ (૯) નવ રોટલા (૧૦) દસમો સૂરજ. દરેકના લે. શ્રી હરીશ નાયક. પૃ. દરેકનાં ૪૦, દરેકના રૂા. ૦-૭૫ સેટના રૂા. ૭-૫૦, કાચું પૂઠું.

પ્રેરક પ્રસંગ વાર્તાવલિ: (૧) અધરું દાન (૨) ઘોડીનો ચોર (૩) એક હાથ (૪) રૂપનું અમી (૫) સુખની સીડી (૬) ચોથું કોણ? (૭) સાચા દેવ (૮) માયાજાળ (૯) ચોર કવિ (૧૦) ઊંધી ડાળ (૧૧) બુદ્ધિની તલવાર (૧૨) અરગની ડાબલી (૧૩) અઘોર પિશાચ (૧૪) કડવું અમી (૧૫) રાજરાણી (૧૬) ઠગની માયા (૧૭) મોતને લાત (૧૮) મંકૂક બુદ્ધિ (૧૯) કાળું પૂતળું (૨૦) જીતે કોણ? દરેકના લે. શ્રી જીવરામ જોશી, દરેકનાં પૃ. ૪૦, રૂા. ૦-૭૫, સેટના રૂા. ૧૫-૦૦, કાચું પૂઠું.

લોકકથા વાર્તાવલિ: બાલકિશોર અને પ્રૌઢ વાચકોને રસતરબોળ કરી શકે તેવી વર્તમાન જીવનને ઉપયોગી એવી વસ્તુ ગૂંથણીવાળી શ્રી જીવરામ જોષીની મૌલિક લોકકથાના રૂપની કહાણીઓનો સેટ: ૧) મોરલીનો મણિ: પૃ. ૧૨૪, રૂા. ૩-૦૦; ૨) કંચનનગરી: પૃ. ૧૪૦, રૂા. ૩-૫૦; ૩) ગધ્ધાના લાડુ: પૃ. ૧૬૬, રૂા. ૪-૦૦; ૪) ફૂલબાળા: પૃ. ૧૩૧, રૂા. ૩-૨૫; ૫) એક્કાનો ગુલામ: પૃ. ૧૪૦, રૂા. ૩-૫૦; ૬) મગરકુંડ: પૃ. ૧૫૪, રૂા. ૩-૭૫; ૭) નવરતન: પૃ. ૧૩૬, રૂા. ૩-૫૦; ૮) ચાતુરીનો ભેદ: પૃ. ૧૪૭, રૂા. ૩-૫૦. પ્રત્યેક પાકા પૂઠામાં. સેટના રૂા. ૨૮

અમૃતમાર્ગ: હિંદુધર્મ, ગીતા, મહાભારત અને રામાયણ વિષેના શ્રી ઈશ્વર પેટલીકરના 'સ્ત્રી' સાપ્તાહિકમાં પ્રકટ થએલા ધર્મને વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુથી સમજાવતા સ્વાધ્યાય લેખો. પૃ. ૪૨૮. રૂા. ૧૦-૨૫.

અજાણ્યાં બે જણ: 'નવનીત'માં ત્રણ હપ્તે પ્રગટ થયેલી શ્રી મોહમ્મદ માંકડની નવલકથા, સાથે 'આસમાની રંગનું સપનું' નામની લઘુનવલ. પૃ. ૨૦૦, રૂા. ૫-૦૦

સન્નિષ્ઠ પ્રકાશન

માવળંકર હવેલી • ભદ્ર • અમદાવાદ

આરઝૂ: શ્રી જશવંત લ. દેસાઈનાં કાવ્યોનો સંગ્રહ. પૃ. ૪૦, રૂા. ૧-૫૦.

દાદાસાહેબ માવળંકર: સ્વતંત્ર ભારતના પહેલા સ્પીકર ને આપણા એક અગ્રગણ્ય આગેવાન શ્રી દાદાસાહેબના મહારાષ્ટ્રી લેખક શ્રી દા. ન. શિખરેએ લખેલા જીવનચરિત્રનો શ્રી હીરાલાલ શાહે કરેલો ગુજરાતી અનુવાદ. પૃ. ૧૭૦, કાચું પૂઠું, રૂા. ૪-૫૦.

માનસિક સ્વાસ્થ્ય: માનસિક સ્વાસ્થ્યની ચળવળનો ઇતિહાસ આલેખી કૌટુંબિક સંબંધો અને માનસિક સ્વાસ્થ્યની ચર્ચા કરતી અને તે અંગે જરૂરી માર્ગદર્શન આપતી પુસ્તિકા. લે. એહમદહુસેન આઈ. લાલીવાલા. પૃ. ૩૪, કાચું પૂઠું, રૂા. ૧-૨૫.

જ્ઞાનોદય સાહિત્યમંદિર • ભાવનગર

પ્રેરણા: મહેન્દ્ર ગોહિલ, સુરેશકુમાર શાહ અને નટવર મહેતા સંપાદિત ગઝલસંગ્રહ. પૃ. ૩૮, રૂા. ૧.

પ્રતિભા: ગુજરાતી ગઝલોના અનિયતકાલિકનો દીપોત્સવી અંક. પૃ. ૨૦, ૫૦ પૈસા.

ત્રિપાર્શ્વ કાચ દ્વારા તપાસ

પુષ્કરભાઈ ગોકાણી

રશિયાના લાંબા અંતર માટેનાં નવાં બૉમ્બર વિમાનો વિષે માહિતી મેળવવા અમેરિકા પ્રયત્ન કરતું હતું. એ વિષે કેટલીક માહિતી મળી પણ હતી, પણ આ વિમાનો વધુમાં વધુ કેટલા ટન બૉમ્બ ઉપાડી શકે તથા તે કેટલે દૂર નિશાન લઈ શકે તે માહિતી ન મળે ત્યાં સુધી અમેરિકાનું સંરક્ષણ અધૂરું હતું. એક એવી માહિતી મળી હતી કે રશિયન કારખાનામાં આ બૉમ્બરની પાંખ બનાવતાં વધેલા કચરાની ધાતુને ગાળી તેમાંથી કોટનાં હૅંગર બનાવાતાં હતાં જે રશિયાનાં પ્રવાસી વિમાનોમાં વપરાતાં. યેનકેન પ્રકારે અમેરિકાએ એવું એક હૅંગર હાથ કર્યું અને સ્પેક્ટ્રો-ઍનાલિસીસથી (ત્રિપાર્શ્વ કાચ દ્વારા હૅંગરની ધાતુના પ્રકાશના પૃથક્કરણથી) એની બનાવટમાં કઈ ધાતુનું કેટલું પ્રમાણ હતું એ જાણી શકાયું. આના પરથી ખબર પડી ગઈ કે રશિયન બૉમ્બરની પાંખો કઈ ધાતુમાંથી બનતી હતી. એના પરથી એની ભારવાહક શક્તિ અંદાજી શકાઈ. પાંખની લંબાઈ અને તેના આકાર વગેરેની માહિતીના આધારે એ કેટલાં અંતરેથી કેવડા બૉંબ ફેંકી શકે તેની ગણતરી થઈ શકી. અને આમ, પોતાના સંરક્ષણાર્થે અમેરિકાએ જોઈતી માહિતી મેળવી લીધી.

મુંબાઈમાં કસ્ટમ સુપરિન્ટેન્ડન્ટ દીક્ષિતે સાદા ડ્રેસમાં ન્યૂ કટલરી માર્કેટમાંથી એક દાણચોરીનું જાપાનીસ ટેઈપ-રેકૉર્ડર ખરીદ્યું. જ્યાંથી એ મળી શક્યું એ દુકાન તથા એના ગોડાઉન પર પાછળથી એમણે દરોડો પાડચો પણ એમને જોઈતા કોઈ પુરાવા મળી શક્યા નહિ. પેલા ટેઈપ-રેકૉર્ડરને એમણે વધુ તપાસ અર્થે લૅબોરેટરીમાં મોકલ્યું. ત્યાં એના પરની બારીક રજને એકઠી કરી સ્પેક્ટ્રોસ્કૉપની સહાયથી તપાસવામાં આવી અને જાણવા મળ્યું કે તેમાં તાંબા-પિત્તળ ને એલ્યુમિનિયમની રજોટણ પણ હતી. મતલબ કે આ ધાતુઓ સાથે સંકળાએલી બહુધા વાસણનો વેપાર કરતી કોઈ પેઢી આમાં સંકળાએલી હોવી જોઈએ. હવે એ ક્ષેત્રમાં ખાનગી તપાસ ચાલુ થઈ. આખરે એક પેઢી પર ધ્યાન કેન્દ્રિત થયું અને ત્યાં દરોડો પાડતાં દાણચોરીનો ઘણો માલ હાથ લાગ્યો. વાસણોની જથ્થાબંધ લેવડ-દેવડ સાથે ખાનગીમાં એ માલ પણ હેરફેર થતો હતો. જોકે આ લેખ સાથે સંબંધ નથી, છતાં એ પછીની વધુ તપાસ કઈ રીતે આગળ વધી તે પણ જોઈએ. પેલા વેપારીને ત્યાંથી દાણચોરીની જે કેટલીક ચીજો હાથ લાગી તેની સાથે ચાંદીની પાટો પણ મળી આવી. દાણચોરીનો માલ ક્યાંથી આવ્યો એ પૂછતાં વેપારીએ કોઈ અજાણ્યા માણસો એ વેચી ગયાનું જણાવ્યું. ચાંદીની પાટો તો એમણે વાસણો બનાવવા રાખેલી હતી એમ કહ્યું, પણ એ ખરીદ્યાનું બિલ વેપારી રજૂ કરી ન શક્યો. સંભવ હતો કે એ પેલા માલના બદલામાં ચૂકવવાની હશે.

અંદાજ બંધાયો કે વાસણો અથવા બીજા કોઈ માલની સાથોસાથ દાણચોરીની ચીજોની પણ હેરફેર થતી હશે. પરદેશી ચીજોની હેરફેર દરિયામાર્ગે થવાનો વધુ સંભવ હતો એટલે તપાસ હવે એ તરફ વળી ને બંદર પર ચડતાઊતરતા માલ પર ખાનગી નજર રખાવા લાગી.

એક રાતે બંદર પર એક વહાણમાં કંઈક વધુ પડતી ચૂપકીદીથી માલ ભરાતો જોવા મળ્યો. દીક્ષિતને ખબર પહોંચી ગઈ અને તે પોલીસ પાર્ટી સાથે ત્યાં પહોંચી ગયા. રાત્રે માલ ભરવાની પરવાનગી લેવાઈ હતી અને વહાણમાં મસાલાની પેટીઓ ભરાતી હતી. નાખવાએ પેટીઓમાં મસાલા સિવાય કંઈ હોય તો એની પોતાને ખબર નહિ હોવાનું જણાવ્યું. મસાલાના વેપારીને ત્યાં રાતોરાત તપાસ કરી. કંઈ વાંધાજનક મળ્યું નહિ. દીક્ષિતે વધુ તપાસ કરી. વહાણની માલ ઉપાડવાની મર્યાદા તપાસી ને જોયું તો નાખવાએ એની મર્યાદા કરતાં ઓછો મસાલો ભર્યો હતો. શા માટે? નાખવાએ તો 'આખર' હોઈ દરિયો તોફાની હોય એટલે ઓછો માલ લીધાનું બહાનું કાઢ્યું, પણ મસાલા ઉપરાંતની એવી જ બીજી પેટીઓ એણે વહાણમાં ભરી હતી તેનું શું? આખરે દમદાટીથી ઢીલા પડી ગએલા નાખવાએ એ વધારાની પેટીઓવાળાનું સરનામું આપ્યું અને મરીન ડ્રાઈવ પરના એક શ્રીમંતની તપાસ થઈ. દીક્ષિતને ત્યાંથી જોઈતા પુરાવા મળી ગયા.

સ્પેક્ટ્રો-ઍનાલિસીસે બતાવેલી ધાતુની રજોટણે સમગ્ર તપાસને કેવો વળાંક આપ્યો એનું આ ઉદાહરણ છે.

પ્રાથમિક વિજ્ઞાન સમજનારા પણ સૌ જાણે છે કે શ્વેત જણાતો પ્રકાશ ત્રિપાર્શ્વ કાચમાંથી પસાર કરવામાં આવે તો એ વિવિધ રંગોમાં છૂટો પડી જતો દેખાય છે. આ વિવિધ રંગો જુદીજુદી તરંગ-લંબાઈ ધરાવે છે. આ રંગીન કિરણોને એક પડદા પર ઝીલવામાં આવે તો તે 'વર્ણપટ'માં અનુક્રમે મેઘધનુષના રંગો—જાંબલી, ગળી જેવો બ્લ્યુ, આસમાની, લીલો, પીળો, નારંગી અને રાતો રંગ દેખાશે. સૂર્યપ્રકાશને જ્યારે આ રીતે વિભાજિત કરી જોઈએ ત્યારે વર્ણપટમાં સાત રંગ ઉપરાંત કેટલીક રેખાઓ પણ જોવા મળશે. સૂર્યમાં રહેલા કેટલાક પદાર્થોને કારણે એ રેખાઓ પડે છે. કોઈ પણ પદાર્થને અતિશય ગરમ કરતાં એમાંથી પ્રકાશનાં કિરણો નીકળે છે. અને એ કિરણોનો એક આગવો જ રંગપટ સર્જાય છે. આ વર્ણપટમાં દેખાતી કેટલીક રેખાઓ જે તે પદાર્થ પ્રમાણે સંખ્યા અને તીવ્રતામાં ઓછીવત્તી હોય છે. દરેક પદાર્થના વર્ણપટમાંની આવી રેખાઓ નિશ્ચિત હોઈ આ હકીકતમાંથી ગુનાશોધનની પ્રયોગશાળા—ફૉરેન્સિક લૅબોરેટરીમાં 'સ્પેક્ટ્રોસ્કૉપ'નો ઉપયોગ ઉમેરાયો છે. એના પરથી એ પદાર્થની ઓળખ થઈ શકે છે. અલબત્ત, આ એક અટપટું કાર્ય છે પણ દરેક વર્ણપટની ફોટોનકલ કરી શકાતી હોઈ એવી નોંધના આધારે આ કામ સરળતાથી ઉકેલી શકાય છે. આવા પૃથક્કરણ વડે જાણી શકાય છે કે ગુનેગારનાં કપડાં પરની રજોટણ એણે ચોરી કરેલા ઘરની રજોટણ સાથે મળતી છે અથવા મોટરગાડીનો રંગ અને એને અથડાએલી સાયકલ પર ચોંટેલો રંગ એક જ છે. આવી જ રીતે વર્ણપટના પરીક્ષણ દ્વારા હોજરીમાંથી મળેલા ઝેરની પણ તપાસ થઈ શકે. એક ઉદાહરણ જોઈએ.

મુંબાઈમાં મુકુંદરાય એક સવારે મૃત્યુ પામેલા મળી આવ્યા. પોસ્ટમૉર્ટમમાં જણાયું કે એમણે ઊંઘની ગોળીઓ લીધી હતી. આપઘાતનો બનાવ જાહેર થયો. મુકુંદરાયનો લાખ રૂપિયાનો વીમો હતો, પણ તેમાં હજી દસેક હજાર રૂપિયા જ ભરાયા હતા. આપઘાત જાહેર થયો એટલે એ દસેક હજાર પણ માંડમાંડ મળે એમ હતા. પણ એમના સાળા ડૉ. ધીમંતરાયે વધુ તપાસનો આગ્રહ રાખ્યો. એમણે ઊંઘની દવાનું હોજરીમાં કેટલું પ્રમાણ હતું એ જણાવતું ડૉક્ટરનું સર્ટિફિકેટ માગ્યું. પ્રયોગશાળામાં વધુ તપાસ ચાલી. પેટમાંના પદાર્થમાંથી ઊંઘની દવાનું પ્રમાણ તારવતાં જણાયું કે એ તો મુકુંદરાય સ્વાભાવિક રીતે જેટલું લેતા એટલું જ હતું; એટલે કે એનાથી મરણ થયું નહોતું. અંતે મોત ઊંઘમાં હૃદય બંધ પડવાથી થયાનું ડૉક્ટરે સર્ટિફિકેટ આપ્યું ને મુકુંદરાયની વિધવાને વીમાની પૂરી રકમ મળી શકી.



પચ્ચીસ વર્ષ પહેલાં


વાચિક ભાષાઓ ઉપરાંત માણસે નિશાનીઓ ને ઇશારાની પણ અનેક ભાષાઓ વિકસાવી છે. એ વિષે એક રસમય લેખ પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં પ્રકટ થએલો તે જોઇએ:

પોતાની પાછલી જિંદગી શાંતિથી વિતાવવાના હેતુથી એક ગૃહસ્થ પોતાના મૂળ વતન ગામડામાં રહેવા ગયા. આજુબાજુમાં ડફેરની રાડ બહુ હતી. ત્યાં તેણે પોતાના ઘરના રક્ષણ માટે એક સારો લાવરો કૂતરો પાળ્યો હતો. એક રાત્રે આંગણામાં કોઈ ડફેર આવેલો માલૂમ પડતાં ઘરધણીએ કૂતરાને સિસકારી મૂક્યો અને તેને પરિણામે પેલા ચોરને એક ઝાડ ઉપર ચડી જવું પડ્યું. ઘરધણી મદદ માટે બૂમ પાડવા જતો હતો, એટલામાં ડફેરે ઘરધણીને કહ્યું કે, 'જો તમે બૂમ પાડીને મને ફસાવો નહિ તો, એ ઉપકારના બદલામાં તમને હું એવી ગોઠવણ કરી આપું કે અમારી કોઈ પણ ભટકતી ટોળીનો માણસ હવે પછી તમારા ઘરમાં ન આવે.' આ વાત પેલા ગૃહસ્થને એટલી બધી નવાઈભરેલી અને આકર્ષક લાગી કે તેણે તે કબૂલ્યું. ચોર તો તરત જતો રહ્યો, પણ બીજે દિવસે સવારના તે ગૃહસ્થના આંગણામાં, સડકની સૌથી નજીક આવેલા ઝાડ ઉપર તરત જ નજર ખેંચે તેવી કેટલીક નિશાનીઓ કરેલી માલૂમ પડી. આ નિશાનીઓમાં એક મોટું ચક્કર, ચોરસ, ચોકડી અને ત્રિકોણ હતાં. ત્યાર બાદ ઘણાં અઠવાડિયાં પસાર થયાં, પણ તેવા રખડુ સદ્‌ગૃહસ્થોમાંના કોઈએ ફરી ત્યાં ખરેખર દેખા દીધી નહિ.

છેવટે ઘણા મહિના પછી એક વાર એક વાઘરી જેવો લાગતો માણસ તે ઝાડ પરની નિશાનીઓ તરફ તાકીને જોતો દેખાયો. આ નિશાનીઓનો ભેદ ઉકેલવા તે ઘરધણીને એટલી તાલાવેલી લાગેલી હતી કે તેણે, જો તે વાઘરી આ નિશાનીઓનો ભેદ ઉકેલી આપે તો, એક રૂપિયો બક્ષિશ આપવા કહ્યું. તેથી તે વાઘરીએ સમજાવ્યું કે, 'આ નિશાનીઓનો અર્થ એ થાય છે કે આ મકાનમાં એક પાજી બુઢ્ઢો રહે છે, તેની પાસે એક દુષ્ટ કૂતરો છે ને ત્યાં જવું સલામત નથી!'

કહેવાની ભાગ્યે જ જરૂર છે કે દરેક ભટકતી ટોળી પોતાની નિશાનીઓની ભાષા વાપરે છે. જંગલી દેશની ભટકતી ટોળીઓથી માંડીને યુરોપ અમેરિકાની 'જિપ્સી' ટોળીઓ પાસે પણ આવી નિશાનીઓની ભાષાઓ હોય છે. આપણે ત્યાં શિયાળવાંની લાળીની પણ એક ભાષા છે. અમેરિકાની 'હૉબો' (Hobo) ટોળીની પણ આવી એક વિશાળ ભાષા છે. તેમાંની કેટલીક નિશાનીઓના નમૂના જોવા જેવા છે. આ નીચેના ચિત્રમાં તે આપેલા છે.

ઇંગ્લાંડના 'જિપ્સી'ઓ વિષેના જ્ઞાનમાં નિષ્ણાત અને તેમનાં રીતરિવાજથી વાકેફ ફ્રાન્સિસ ગ્રોમો તેના 'ઇન જિપ્સી ટેન્ટ્સ' નામના પુસ્તકમાં એક વાર્તામાં લખે છે કે એક ચોરી થયા બાદ લંડનના કેટલાક ડિટેક્ટિવો તપાસ કરવા ભેગા થયા હતા. તેમાંના એક ડિટેક્ટિવની નજરે એક નિશાની પડી. આ નિશાની ઉપરથી ચોરોને પકડી કાઢવાની પોતાની યોજના તેણે પોતાના સાથીદારોને સમજાવી. તેણે કહ્યું: 'આ નિશાની જિપ્સીઓની ભાષાની છે. ચોરોએ પોતાની પાછળ આવનારા સાથીદારોને તેમાં પોતાની પાછળ આવવાનું જણાવ્યું છે. એટલે તેમણે પોતાને રસ્તે નિશાનીઓ મૂકી હશે.' ત્યાર બાદ રસ્તે જતાં એક થાંભલા ઉપર એક ડાંખળી ભરાઈ ગએલી માલૂમ પડી. આવી ડાળી રસ્તે જનાર બીજાઓનું ધ્યાન ન ખેંચે, પણ તે યે જિપ્સી નિશાની હતી. થોડે દૂર જતાં બૂટના ઘસારાથી રસ્તા ઉપર ધૂળમાં અંગ્રેજીમાં 'વી' જેવી નિશાની કરેલી માલૂમ પડી. ત્યાંથી થોડે દૂર ઘાસની સળીઓની એક નિશાની માલૂમ પડી. આ રીતે નિશાનીઓ પકડતાં આગળ જતાં ચોરો પકડાઈ ગયા.




ચીનની ચિત્રલિપિ પણ મૂળ તો સંજ્ઞાત્મક ચિત્રો ઉપરથી ઉદ્ભવેલી ભાષા છે. આરંભમાં જે જે પદાર્થ દર્શાવવો હોય તેનાં ઝડપી ચિત્રો આલેખાતાં ને તે પછી તે પીંછી વડે ઝડપથી લખતાં કેવાં રૂપ પામ્યાં એ અહીં પહેલી અને બીજી હારમાં દર્શાવ્યું છે. ત્રીજી હારમાં તેના અર્થ છે.

આ ચોરો તો ઠીક, પણ કુદરતે ય નિશાનીઓ વાપરે છે. મેઘધનુષ્ય સ્વચ્છ વાતાવરણની નિશાની છે 'ઇશાનની વીજળી' વરસાદની નિશાની છે, અને વૃદ્ધ ખેડૂતો હજી યે પવનની અમુક દિશા ઉપરથી વરસાદની આગાહી આપે છે આપણા બિચારા વાયુશાસ્ત્રીઓ પણ કુદરતની નિશાનીઓ ઉપર ટાંપતા બેઠા હોય છે. આપણે પણ નિશાનીઓનો ક્યાં ઓછો ઉપયોગ કરીએ છીએ? 'હા' કે 'ના' કહેતાં આપણે પાંચશેરિયું હલાવીએ છીએ, અને છોકરાને ચૂપ કરવા માસ્તર નાક ઉપર આંગળી મૂકી 'છિત છિત' કરે છે. પાણીપેશાબની રજા માગવા માટે શાળામાં વપરાતી નિશાનીથી પણ કોણ અજાણ્યું હશે?

સ્ટેશનોમાં ગાડી આવવા-જવાની, રીફ્રેશમેન્ટ રૂમની વગેરેની નિશાનીઓનો પાર હોતો નથી એ રીતે તો રેલવેની નિશાનીઓની એક ભાષા બની ગઈ છે. રસ્તા ઉપર વાહનવ્યવહારની સરળતા માટે પણ નિશાનીઓ વપરાય છે. વહાણવટાની અને સ્કાઉટોની પણ એક જુદી જ ભાષા છે. દીવાઓ, વાવટાઓ, વ્હિસલો વગેરે આ નિશાનીના ભાષા-

'હૉબો' નામના અમેરિકાના ભમતારામ લોકોની છૂપી ભાષા





માં અગત્યનો ફાળો પૂરે છે. માનવજાતિની ઉત્ક્રાંતિના ઇતિહાસના બે છેડા–પ્રાચીન અર્ધદગ્ધ માનવથી માંડીને અર્વાચીન યુગના સુધરેલા માણસ–સુધીની બધી માનવજાતિઓએ નિશાનીઓનો ઉપયોગ કર્યો છે. જંગલી જાતિઓમાં અમેરિકન ઇન્ડિયનોની નિશાનીની ભાષા ઘણી રસપ્રદ છે. ચીનની ચિત્રલિપિ એ નિશાનીઓની ભાષાનો એક સુંદરમાં સુંદર નમૂનો છે.

આજના જમાનામાં જો કોઈ પણ નિશાનીની ભાષા વધુમાં વધુ વપરાતી હોય તો તે 'મોર્સ કોડ' છે. એક વાર બે સ્કાઉટો એક બદમાશના હાથમાં સપડાયા હતા. થોડી વાર બાદ એકે પોતાના દોસ્તને આંખો મટમટાવતો જોયો. પણ આંખોનાં મટકાં નિયમસર થવાને બદલે ચોક્કસ રીતે લાંબાંટૂંકાં થતાં હતાં. પછી તો તરત જ મોર્સ કોડનો ઉપયોગ, અને બન્નેએ નાસી જવાની યુક્તિ વિચારી લીધી. કેટલીક વાર વેપારીઓના મંડળમાં પણ ઘોંઘાટ ઓછો કરવા આંગળીઓની નિશાનીથી દલાલોએ સોદા કરવાનો નિયમ રાખેલો હોય છે. પછેડી નીચેની ભાવતાલ ગણવાની એક ભાષા પણ આપણા દેશી વાણિયાઓ પાસે છે. હવે તો કચેરીઓમાં કારકુનોને લાંચ દેવા માટે પણ ઇશારાની ભાષા થઈ પડી છે!

બહેરામૂગાઓની પણ એક ભાષા છે. તેઓ આંગળાં અને ઇશારાથી વાત કરે છે. સાધારણ નિશાનીથી વાત કરતા મૂગાઓને તો દરેક જણે જોયા હશે. પણ મૂગાઓની હાથના ઇશારાની 'એ બી સી ડી' પણ છે. જેના બે પ્રકાર આ સાથે આપ્યા છે.

ઇશારાથી થતી વાતચીતમાં બંને માણસો નિશાનીઓથી પૂરેપૂરા વાકેફ હોવા જોઈએ; નહિતર કેટલીક વાર એવો સહજ ગોટાળો ઊભો થાય છે કે ન પૂછો વાત. રાજા ભોજના વખતની એક વાત છે કે એક વાર તેના દરબારમાં એક પંડિત આવ્યા. તેણે કહ્યું કે પોતે નિશાનીઓની ભાષામાં પારંગત છે. જો કોઈ પણ પંડિત તેની સાથે ઇશારાથી વાતચીત કરી તેને હરાવી ન શકે તો ભોજ રાજાએ તેને એક સોનાનું પૂતળું કરાવી આપવું, અને જો





બહેરામૂગાની ભાષાના બે નમૂના. ડાબી બાજુ: એક હાથના ઈશારા વડે અંગ્રેજી મૂળાક્ષરો દર્શાવતી ભાષા. જમણી બાજુ: બે હાથ વડે સંયુક્ત ઈશારાથી દર્શાવાતા અંગ્રેજી મૂળાક્ષરો.

પોતે હારે તો અનેક રાજાઓ પાસેથી મેળવેલાં પૂતળાં પોતાને હરાવનારને ચરણે મૂકી પોતે ચાલ્યો જાય.

કવિ કાલિદાસે આ બીડું ઝડપ્યું અને કહ્યું કે 'આવતી કાલે મારા ગુરુ આવવાના છે તેની સાથે પંડિતજી ભલે વાદવિવાદ કરે.' બીજે દહાડે કાલિદાસે એક ભરવાડને પંડિતનાં કપડાં પહેરાવી હાજર કર્યો. કાલિદાસે ભરવાડને બરાબર પઢાવી રાખ્યો હતો કે 'તારે બિલકુલ મૂંગા રહેવું અને માત્ર ઇશારાથી જવાબ દેવો.' પંડિતે ચર્ચાની શરૂઆતમાં ભરવાડ સામે એક આંગળી ઊંચી કરી. જવાબમાં ભરવાડે બે આંગળી ઊંચી કરી. પછી પંડિતે સામે પાંચ આંગળી ઊંચી કરી, એટલે ભરવાડે પાંચે આંગળીની મૂઠી વાળી બતાવી. આથી પંડિતજી ખુશ થયા અને સભામાં પોતાની હાર કબૂલ કરી.

ભોજરાજાએ પંડિતને વાદવિવાદનો અર્થ સમજાવવા આગ્રહ કર્યો એટલે પંડિતજીએ કહ્યું: 'આ શ્રીમાન ઘણા જ વિદ્વાન છે. મેં તેમને એક આંગળી ઊંચી કરી કહ્યું કે ઈશ્વર એક જ છે. ત્યારે તેઓશ્રીએ જવાબ આપ્યો કે પુરુષ અને પ્રકૃતિની બેલડી ભૂલવા જેવી નથી. પછી મેં કહ્યું કે આ પંચમહાભૂતના બધા પ્રપંચો છે. ત્યારે તેમણે કહ્યું કે એ પંચમહાભૂતનું કોકડું બહુ જ ગૂંચવાયું છે.' આ પછી પંડિતજી રવાના થયા ત્યારે કવિ કાલિદાસે ભોજરાજાને કહ્યું કે, 'મારા ગુરુદેવ પાસેથી પણ તમને આ વાદવિવાદ વિષે કાંઈક જાણવા મળશે.' પછી કાલિદાસના કહેવાથી ભરવાડે કહ્યું કે, 'માળો બામણ લુચ્ચો લાગ્યો. તેણે મને કીધું કે એક ઘેટું દે. તો મે'કું, ભઈ એકને બદલે બે લે, જો જાતો હો તો. તો માળે પાછાં પાંચ માગ્યાં, એટલે મેં તો મૂઠી દેખાડી કહ્યું કે આ જોઈ છે? છાનોમાનો હાલતો થઈ જા. એટલે પછી ભાગ્યો કાછડી વાળી!'



પેકિંગમાં, (અનુક્રમે) શ્રીમતી જુ પેંઓ, પેકિંગ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર સ્વ. ડૉ. હુ શાહ અને સ્વ. પ્રો. જુ પેંઓ સાથે.

ચીની પદ્ધતિમાં યજ્ઞેશ્વરભાઈએ કરેલાં ચિત્રો ખુદ ચીની કલાકારોની પણ પ્રશંસા પામવા જેટલું પીંછી પરનું પ્રભુત્વ દાખવે છે. જમણી બાજુ ઉપર 'અશ્વ અને પવન' (આ ચિત્ર દિલ્હીની 'નેશનલ ગૅલેરી ઑફ મૉડર્ન આર્ટના સંગ્રહમાં છે). નીચે: 'વાંસઝુંડમાં ચકલાં' (વડોદરાના એક ખાનગી સંગ્રહમાં) અને ડાબી બાજુ નીચે 'ચરતા ઘોડા' આ ત્રણે ચિત્રો એમની કલાશક્તિનાં દ્યોતક છે.



યજ્ઞેશ્વર શુક્લ (અનુસંધાન પૃ. ૩૫૪થી) જાણનાર કલાકારોમાં ગુજરાતમાં કદાચ તેઓને જ અગ્રસ્થાને મૂકી શકાય. અજંટા, બંગાળ–રાજસ્થાનની શૈલી જેવી ભારતીય ચિત્રપદ્ધતિમાં જ નહિ, પશ્ચિમની ચિત્રશૈલીમાં પણ એમણે એટલું જ સુંદર કામ કર્યું છે. ડ્રાઈપૉઈન્ટ, ઍચિંગ, ઍક્વાટિન્ટ, વૂડકટ, લીનોકટ વગેરે જેવાં મુદ્રણક્ષમ કળામાધ્યમો ઉપરાંત એમણે શિલ્પકળા પર પણ એટલી જ સફળતાથી હાથ અજમાવ્યો છે.

કલાશાળાનો અભ્યાસકાળ પૂરો કર્યા પછી જીવનની ભાવિ યોજના વિષે વિચારતા હતા એ અરસામાં કલાશાળાના પ્રિન્સિપાલ ગ્લૅડસ્ટન સૉલોમન નિવૃત્ત થયા. 'યંગ આર્ટિસ્ટ ઍસોસીએશન' તરફથી એમને અપાએલા વિદાયમાન પ્રસંગે મંત્રી તરીકે યજ્ઞેશ્વરભાઈએ સુંદર કામ કરી બતાવ્યું. એ પ્રસંગે મંડળના બધા સભ્યોએ ચીતરી આપેલાં ભારતીય શૈલીનાં ચિત્રોનો એક સંપુટ શ્રી સૉલોમનને ભેટ આપ્યો. સૉલોમન પણ યજ્ઞેશ્વરભાઈની કારકિર્દીથી સારી રીતે માહિતગાર હતા જ અને એમને માટે એમને ઘણું માન હતું. એમના પછી પ્રિન્સિપાલપદે આવનાર ચાર્લ્સ જિરાડ પણ યજ્ઞેશ્વરભાઈની શક્તિ પિછાનતા હતા એટલે એમણે તુરત યજ્ઞેશ્વરભાઈને કલાશાળામાં સમાવી લીધા.

જિરાડ પાસે યજ્ઞેશ્વરભાઈને એક સુંદર તક મળી. એ વખતે મુંબાઈના મૅટ્રો સિનેમામાં મ્યુરલ ચીતરવાનું મોટું કામ જિરાડને સોંપાએલું. જિરાડે મ્યુરલના વર્ગના વિદ્યાર્થીઓને આ કામમાં પ્રયોજ્યા એમાં યજ્ઞેશ્વર અગ્રસ્થાને હતા. જિરાડ પાસે એના સ્ટૂડિયોમાં એમણે એક વરસ જે વ્યવહારુ અનુભવ મેળવ્યો એ ઘણો જ કીમતી નીવડ્યો.







અશોકસ્તંભનું દિલ્હીમાં સ્થળાંતર નિર્દેશતું પાર્લામેન્ટ-ગૃહ માટે ટેમ્પેરામાં કરેલું એક મોટું(૪×૧૨ફૂટના કદનું) ભીંતચિત્ર.ચિત્રમાં જમણી તરફ એ સ્તંભને 'કોટલા'માં સ્થાપિત કરેલો દર્શાવ્યો છે

બીજી બાજુ વિખ્યાત સામાજિક ચલચિત્રો આપતી સંસ્થા 'બૉમ્બે ટૉકિઝ'ના માલિક સ્વ. હિમાંશુ રૉયે પોતાના પહેલા પૌરાણિક ચિત્ર 'સાવિત્રી' માટે કલાદિગ્દર્શન કરવા યજ્ઞેશ્વરભાઈને આમંત્રણ આપ્યું. હિમાંશુ રૉયે ઇટાલીના વિખ્યાત કલાવિવેચક, તિબેટના ધર્મસાહિત્યના અધિકારયુક્ત જ્ઞાતા, પ્રાચ્યવિદ્યાના વિદ્વાન જી. તુસ્સી સાથે એમનો પરિચય કરાવ્યો. પણ તેઓ 'સ્ટેલિયન ઇન્સ્ટિટ્યૂટ ફોર મિડ્લ ઍન્ડ ફાર ઈસ્ટ' સંસ્થાના સંચાલક હતા. યજ્ઞેશ્વરભાઈના કામથી તેઓ ઘણા પ્રભાવિત થયા અને એમની પ્રેરણા તથા પ્રયત્નોથી યજ્ઞેશ્વરભાઈને ઇટાલીમાં રોમ જઈ 'રૉયલ ઍકૅડેમી ઑાવ ફાઈન આર્ટ્સ'માં કલાનો વધુ અભ્યાસ કરવાની એક ઉમદા તક મળી.

ઇટાલીમાં પણ યજ્ઞેશ્વરભાઈએ પોતાના કામથી ઘણી સારી છાપ પાડી માન સાથે ત્યાંનો ડિપ્લોમા અને અનેક કીમતી કલાગ્રંથોની ભેટ મેળવી. ત્યાં એમણે મ્યુરલ ડેકોરેશન, એચિંગ અને ઇન્ટીરીઅર ડેકોરેશનનો તથા કલાના ઇતિહાસનો અભ્યાસ કર્યો. આ ઉપરાંત, એસિસી, ફ્લૉરેન્સ, વેટિકન, રોમ, વેનિસ, પાડુઆ, બૉલોના વગેરે ત્યાંનાં વિખ્યાત કલાધામો પણ જોયાં અને સંખ્યાબંધ ચિત્રનોંધો કરી.

ઇટાલીથી આવી તેઓ પાછા સર જે. જે. સ્કૂલ ઑાવ આર્ટમાં જોડાઈ ગયા. એ વખતે પ્રિ. જીરાડ એમને ઉપલા વર્ગો સોંપવા ઇચ્છતા હતા, પણ અન્ય શિક્ષકોની સંકુચિતતાને કારણે ઊભા થતા કચવાટને ટાળવા એમણે એમને શરૂઆતના વર્ગો લેવા વિનવ્યા અને એમણે પણ વિનાસંકોચ એ સ્વીકારી લીધું. અહીં એમની પાસે પલશીકર, પરબ, રસિક રાવળ, કે. એસ. કુલકર્ણી, પ્રફુલ્લા, સહગલ વગેરે જેવા આજના જાણીતા ચિત્રકારોએ તાલીમ મેળવેલી. વિદ્યાર્થી સાથેનો એમનો સંબંધ હમેશાં મૈત્રીભર્યો અને પ્રોત્સાહક રહેતો. આ કલાશાળામાં બત્રીસ વર્ષ સુધી સેવા આપી એ દરમિયાન ઉત્તરોત્તર પ્રગતિ કરતા જઈ છેલ્લે તેઓ 'વર્કશૉપના સુપરિન્ટેન્ડેન્ટ, પ્રોફેસર અને હેડ ઑાવ ધ ડિપાર્ટમેન્ટ ઑાવ આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટસ'ના ઉચ્ચ અધિકારપદે પહોંચ્યા હતા. દરમિયાન એમની અંગત કલાસાધના તો સતત જારી જ રહેલી અને હજી આજે યે તેઓ પોતાને કલાના વિદ્યાર્થી જ ગણે છે. કોઈ પણ નવા માધ્યમમાં તેઓ પોતાની કલાભિવ્યક્તિ અજમાવવા સદા તત્પરતા દાખવે છે. છતાં વગર સમજ્યે કોઈ પણ કલાપ્રવાહ કે શૈલીમાં એકદમ આવી જવાનો એમનો સ્વભાવ નથી. કદાચ એટલે જ તેઓ કલાક્ષેત્રે પોતાનું આગવું વ્યક્તિત્વ જાળવી શક્યા છે. ચિત્રકામ અને ગ્રાફિક્સમાં ખાસ કરીને એચિંગ એમના માનીતા હોવા છતાં શિલ્પ, નૃત્ય અને સંસ્કૃત સાહિત્ય પરત્વેનો ઊંડો રસ પણ એમણે હજી યે તાજો જ રાખ્યો છે. શિક્ષણ અને રિયાઝ એ એમનો જાણે કે જીવનમંત્ર છે.

સ્વાતંત્ર્ય પછી ચીનમાં સાંસ્કૃતિક આપલે કરવાના હેતુથી ૧૯૪૭માં ભારત સરકારે કેટલાક અભ્યાસીઓ ચીન મોકલ્યા હતા એમાં કલાના અભ્યાસ માટે યજ્ઞેશ્વરભાઈની પણ વરણી થએલી. ત્યાં પેઈપિંગની રાષ્ટ્રીય કળાશાળા—નેશનલ કૉલેજ ઑાવ આર્ટ્સમાં રહીને તે કલાશાળાના પ્રમુખ અને અશ્વોના ચિત્રકાર તરીકે જગવિખ્યાત કલાકાર જુ-પેંઓની દોરવણી નીચે એમણે ચીની કલાપદ્ધતિનો અભ્યાસ કર્યો. ૧૯૪૮ના એપ્રિલમાં યજ્ઞેશ્વરભાઈએ પોતાનાં ચીની શૈલીનાં ચિત્રો એક પ્રદર્શનમાં રજૂ કર્યાં તે સારી પ્રશંસા પામેલાં. (જુઓ 'કુમાર' અંક ૨૯૪). જુ-પેંઓ ઉપરાંત, પક્ષી અને પુષ્પોના વિખ્યાત ચિત્રકાર પાઈશર્ તથા તરતી માછલીઓ ચીતરવામાં ઉસ્તાદ વાંગ ફાંગ ચીંગનો તથા સાંપ્રત ચીની જીવનના આલેખક ચાંગ ચાઉ હોનો તેઓ અંગત પરિચય પામ્યા. નાનકિંગમાં પણ યજ્ઞેશ્વરભાઈએ પોતાનાં ચીની ઢબનાં ચિત્રોનું એક પ્રદર્શન કરેલું. આ અભ્યાસકાળ દરમિયાન ચીનનો

બહુમૂલ્ય અને પ્રાચીનતમ વિરાટ કલાસંગ્રહ ધરાવતી ચીનના અંતર-પ્રદેશમાં બહુ ઊંડે આવેલી તુન-હ્વાંગ સહસ્ર બુદ્ધની ગુફાઓ (કુમાર અંક ૩૯૫) જોવાની પણ એક અમૂલ્ય તક એમને મળી હતી.

મુંબાઈ રાજ્યથી અલગ પડેલા ગુજરાત રાજ્યના એ સમયના કેળવણી પ્રધાન શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈની ગુજરાત રાજ્યમાં અદ્યતન સાધન-સંપન્ન એક કલાશાળા સ્થાપવાની ઇચ્છા હતી. એ માટે ત્રણ વર્ષનો પરદેશનો અને બત્રીસ વર્ષનો કલાશિક્ષણનો વિશાળ અનુભવ ધરાવતા યજ્ઞેશ્વરભાઈની શક્તિનો લાભ ગુજરાતને મળે એ ગણતરીએ એમણે એમને ગુજરાત રાજ્યમાં કલાશિક્ષણના વડા થવા આમંત્રણ આપ્યું. પોતાના વિચારોને આકાર આપવા એમણે આ તક ઝડપી લીધી અને એક વિશાળ યોજના રાજ્ય સરકારને ઘડી આપી, પણ કોઈ કારણોસર આ યોજના એ માટેનો કેટલોક ખર્ચ મંજૂર થયા પછી ય આકાર લઈ શકી નથી. ગુજરાતમાં આવ્યા પછી એમણે કલાશિક્ષણની પરીક્ષાઓના સંચાલક તરીકે તથા રાજ્યની લલિતકલા અકાદમીના પ્રથમ મંત્રી તરીકેની જવાબદારીઓ સંભાળેલી. આ ઉપરાંત, રાજ્ય તરફથી કેન્દ્રીય લલિતકલા અકાદમીના સભ્ય અને એક કાર્યવાહક તરીકે, એની પ્રકાશન સમિતિમાં સભ્ય તરીકે તથા 'યુનેસ્કો'ના 'ઇંડિયન એસો. ઑવ પ્લાસ્ટિક આર્ટ્સ'માં સભ્ય તરીકે પાંચેક વર્ષ કામ કર્યું. ઈ. ૧૯૬૦માં વીએનામાં મળેલી 'ઇન્ટરનેશનલ કૉન્ફરંસ ઑવ પ્લાસ્ટિક આર્ટ્સ'માં ભારતની લલિતકલા અકાદમીએ મોકલેલા પ્રતિનિધિઓમાં પણ એમની પસંદગી થએલી. કલાકાર હોવા ઉપરાંત તેઓ દફતરી તથા યોજનાબદ્ધ કાર્ય કરનાર એક સમર્થ સંચાલક પણ છે. આજે ગુજરાત રાજ્ય તરફથી કલાની જે ગતિપ્રગતિ થઈ રહી છે એના આરંભમાં યજ્ઞેશ્વરભાઇનો પણ ઘણો ફાળો છે જ.

ઈ. ૧૯૩૪માં એમણે અમદાવાદમાં પોતાની ૬૪ કલાકૃતિઓ પ્રદર્શિત કરેલી, જે એમણે કરેલા અનેકવિધ માધ્યમો પરના સુંદર સફળ કલાપ્રયોગોને કારણે એ સમયના ગુજરાતના કલાપારખુ ગવર્નર સ્વ. મેહદી નવાઝ જંગને તથા પ્રજાને ઘણી પ્રભાવિત કરી ગઈ હતી. રાજકોટ અને સુરતમાં પણ એમની કૃતિઓ પ્રદર્શિત થઈ ચૂકી છે.

ગુજરાત રાજ્યમાંથી નિવૃત્ત થયા બાદ આજે હવે તેઓ રાજસ્થાનમાં જયપુરથી થોડે દૂર વનસ્થલિ વિદ્યાપીઠમાં ચિત્રકળા વિભાગના વડા તરીકે સેવા આપી રહ્યા છે. મુંબાઈમાં સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટ, અને પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમમાં, અને સચિવાલયમાં, વડોદરાના મ્યૂઝિયમમાં, દિલ્હીની લલિતકલા અકાદમી અને નેશનલ ગૅલેરી ઑવ મૉડર્ન આર્ટના સંગ્રહમાં, અમદાવાદના રાજભવનમાં તથા અનેક ખાનગી સંગ્રહોમાં એમની કૃતિઓ સંઘરાઈ છે. મુંબાઇ રાજ્યે અજંતાનાં ભીંતચિત્રોની નકલ પણ એમની પાસે ખાસ કરાવરાવેલી છે. વિખ્યાત કલાવિવેચક હર્મન ગટ્સે ખાસ એમની કલા પર એક નિબંધ-'આર્ટ ઑવ વાય. કે. શુકલ'-લખેલો. એવા જ બીજા કલામર્મજ્ઞ કાર્લ ખંડાલાવાલાની પ્રસ્તાવના સાથે 'પેઇન્ટિંગ્સ બાય વાય. કે. શુકલ' નામે એમનાં ચિત્રોનો એક સંપુટ પણ પ્રકટ થએલો છે. ઑક્સફર્ડ પ્રેસ પ્રકાશિત, શ્રીમતી હંસાબેન મહેતાના 'ઍડવેન્ચર્સ ઑવ કિંગ વિક્રમ' માટે પણ એમણે ચિત્રો કર્યાં હતાં.

એમની રેખામાં આગવું લાલિત્ય અને માર્દવ છે. એમની દૃષ્ટિ સ્વચ્છ, ઋજુ અને રૂપવૈવિધ્યની શોધક છે. કાર્યની ધગશ અને વર્તમાન કલાપ્રવાહોથી સદા સજાગ રહેવાની એમની વૃત્તિને લીધે તેઓ સતત પ્રગતિશીલ રહ્યા છે.

શતરંજ

લગભગ ૧૧૦ વર્ષ પૂર્વે શતરંજની દુનિયામાં એક સિતારો અચાનક ચમકીને બુઝાઈ ગયો. તેનું નામ હતું પોલ મૉર્ફી–Paul Morphy. બે વર્ષની ટૂંકી કારકિર્દીમાં પણ એ સુંદર રમતોનો એવો વારસો મૂકી ગયો છે કે આજે એક સદી પછી પણ કોઈ અપ્રતિમ કોમ્બિનેશનનું બહુમાન કરવું હોય તો તેને 'A touch of morphy' કહે છે.

એક સાધારણ ખેલાડીને હાથીના odds આપીને (એટલે કે રમતની શરૂઆતમાં પોતે એક જ હાથી રાખીને) જે રીતે હરાવ્યો હતો; તે રમત તેના અંતને હિસાબે આજે પણ જાણીતી છે. રમત ટૂંકી હોવાથી આપણે પૂરેપૂરી એ અહીં જોઈશું.

સફેદ: પોલ મૉર્ફી છે અને કાળો: એક શતરંજ-શોખીન છે.

સફેદનો વજીર તરફનો હાથી ખસેડીને રમતની શરૂઆત થાય છે.

1 P–K4, P–K4; 2 N–KB3, N–QB3; 3 B–B4, N–B3; 4 N–N5, P–Q4; 5 P×P, N×P; 6 N×BP!?

સાહસિક ખેલાડી આજે પણ આ ચાલથી

Amateur



MORPHY

14..., Q–Q5 પછીની સ્થિતિ.

આકર્ષાઇને મોકો મળ્યે આ ભોગ આપે છે.

6..., K×N; 7 Q–B3ch., K–K3. એ સિવાય સફેદ મ્હોરું પાછું મેળવી લે અને તેનો જોરદાર હુમલો તો ચાલુ જ રહે. 7..., K–N1??; પછી તો ત્રણ જ ચાલમાં મ્હાત થાય છે તે વાચકો જોઈ શકશે.

8 N–B3, N–Q5 9 B×Nch., K–Q3; 10 Q–B7!

રાજાને પાછો નીચે જતાં રોકતી સુંદર ચાલ; વળી, 11 N–K4 mateની ધમકી આપે છે તેથી વધુ અસરકારક બને છે.


10..., B–K3; 11 B×B, N×B; 12 N–K4ch., K–Q4; 13 P–B4ch., K×N; 14 Q×N, Q–Q5 (જુઓ ચિત્ર). હવે કાળા રાજાને સફેદના મેદાનમાં વધુ ને વધુ અંદર જવું પડે છે.

15 Q–N4ch, K–Q6; 16 Q–K2 ch., K–B7; 17 P–Q3 dis. ch., K×B. અહીં 17..., K–N8; ચાલીને કાળો રમત વધુ લંબાવી શકત અને મૉર્ફીને અનોખી રીતે મ્હાત કરતો પણ અટકાવી શકત પણ હવે 18 O–O mate.

કિલ્લેબંધી કરીને પણ મ્હાત થઈ શકે તે બતાવતો આ પહેલો જ દાખલો હશે. ત્યાર પછી કોયડાકારોએ કિલ્લેબંધીનો ઉપયોગ કર્યાના દાખલા જોવા મળે છે, પણ રમતમાં આવો ઉપયોગ તો જવલ્લે જ કરવાનું બને છે.

સુરેશ મોદી

વહાણકથા-૯



ઈ. ૧૦૪૨માં કૅન્યુટના મૃત્યુ પછી એડવર્ડ ધ કન્ફેસરે ઇંગ્લંડમાં ફરી સૅક્સન રાજ સ્થાપ્યું. એમાં અર્લ ગૅાડવિનનું અતિ ઘણું વર્ચસ્વ હતું. ગૅાડવિનનો પુત્ર હૅરોલ્ડ પોતાનું વહાણ ભાંગી જતાં નૉર્મંડીના રૉબર્ટના પુત્ર ડ્યૂક વિલિયમને આશરે જઈ પડેલો ત્યારે એડવર્ડ પછી એને ઇંગ્લંડની ગાદી મેળવવામાં મદદ કરવાનું હૅરોલ્ડે વચન આપેલું. પણ પછી હૅરોલ્ડે જ ઇંગ્લંડની ગાદી લીધી. આથી છંછેડાએલા વિલિયમે ઇંગ્લંડ પર ચડાઈ કરવા વહાણનો એક મોટો કાફલો તૈયાર કર્યો. ઇંગ્લંડના દક્ષિણ કિનારે એ ચડી આવ્યો. હૅસ્ટિંગ્સ મુકામે હૅરોલ્ડે એનો સામનો કર્યો. એમાં આંખમાં તીર વાગતાં હૅરોલ્ડ માર્યો ગયો. હૅસ્ટિંગ્સની એ લડાઈનું ઇંગ્લંડના ઇતિહાસમાં ઘણું મહત્ત્વ છે. એની કથા બાયેક્સના ભરતચિત્ર (બાયેક્સ ટૅપેસ્ટ્રી)માં આલેખાઈ છે. જેમાં નૉર્મન વહાણો પણ જોવા મળે છે. ઈ. ૧૧૨૦ લગભગમાં એનું ભરતકામ થયું છે.

એ કાળનાં નૉર્મન વહાણોમાં કૂવાથંભને બાંધેલાં દોરડાં જોવા મળે છે. વહાણના પડખા સાથે જોડાએલાં એ દોરડાંથી બાજુના પવન વખતે થંભને વધુ ટેકો મળતો. આગળ જતાં એ રસ્સાઓ વચ્ચેવચ્ચેથી જોડી નિસરણી બનાવાતી થઈ. વહાણ હાંકતી વખતે સઢને નીચલે છેડે બંધાતાં દોરડાં તંગ કે ઢીલાં કરી સઢમાં પવન ભરાતો હશે. આમ, પડખાના પવનનો પણ ત્યારથી લાભ લેવાવા માંડયો. સઢનો ઉપયોગ જેમ વધુ તેમ હલેસાંનો વપરાશ ઘટતો જઈ પશ્ચિમ યુરોપમાં એ લગભગ નહિવત્ બની ગયો. પણ ત્યારનાં એ તરફનાં વહાણોમાં હજી યે એક થંભ અને એક જ સઢનો વપરાશ હતો. જ્યારે ભૂમધ્ય સાગરમાં બબ્બે કે ત્રણત્રણ થંભવાળાં વહાણો પણ હતાં જેમાં આગળ-પાછળના થંભ પર ત્રિકોણ સઢ ચડતા અને એ વહાણને કાટખૂણે નહિ, પણ સમાંતર રહેતા હતા.



માધુકરી

મનાતું નથી એવું મન થઈ ગયું છે,
ગણાતું નથી એવું ધન થઈ ગયું છે.
ક્ષણિકતાએ ઘેરી લીધો છે સૂરજને,
દશેદિશ ઝાકળ ગહન થઈ ગયું છે.
ન જાણે કે શેનું નિધન થઈ ગયું છે,
જગત આજ આખું વિજન થઈ ગયું છે.


—રતિલાલ 'અનિલ'

સ્વ. છોટે સરદાર – ડૉ. ચંદુલાલ દેસાઈ

ગાંધીયુગની નેતાગીરીના ગૌરવભર્યા અવશેષ અને અડગ યોદ્ધા સમા ગુજરાતના 'છોટે સરદાર' તરીકે ઓળખાએલા ડૉ. ચંદુલાલ મણિલાલ દેસાઈનું ભરૂચમાં એમના નિવાસસ્થાને ગઈ તા. ૩૦ ઑગસ્ટના રોજ ૮૬ વર્ષની વયે દુઃખદ અવસાન થયું.

અમદાવાદમાં ઈ. ૧૮૮૨ની ૨૬ સપ્ટેમ્બરે એમનો જન્મ થયો. પિતા એ સમયમાં પાલનપુર સ્ટેટમાં ચીફ મૅડિકલ ઑફિસર હતા. ધાર્મિક સંસ્કારોવાળા એ સુખી કુટુંબમાં સ્વામી વિવેકાનંદના વિચારોનો ઘણો પ્રભાવ હતો. નાનપણમાં તોફાની ચંદુભાઈને એ સાથે કાવ્યાલેખનનો પણ શૅાખ હતો. ૧૯૦૬માં મૅટ્રિક પસાર કર્યા પછી ગુજરાત કૉલેજમાં અભ્યાસ કરતા હતા ત્યારે એમના 'વિધવા' નામના એક ખંડકાવ્ય માટે કવિ નાનાલાલની ખાસ પ્રશંસા પામી શકવા જેટલો એમણે એ શૅાખ વિકસાવ્યો હતો. આ સમયમાં દેશમાં ફેલાતી નવજાગૃતિની અસર એમણે પણ ઝીલેલી અને ૧૯૦૨માં અમદાવાદ કૅાંગ્રેસમાં સ્વયંસેવક તરીકે તથા ૧૯૦૪માં મુંબાઈ કૅાંગ્રેસમાં એમણે ભાગ લીધેલો. આ જ અરસામાં ચંદ્રમણિબેન સાથે એમનું લગ્ન થયું. ચારેક વર્ષ બાદ પ્લેગમાં પત્નીનું અને એના પછી એક માત્ર બાળકનું પણ અવસાન થતાં એમના ગૃહસ્થાશ્રમનો વિરામ આવી ગયો. આમ, કૌટુંબિક જંજાળથી મુક્ત બની ગએલા ચંદુભાઈ સ્વાતંત્ર્ય સંગ્રામોમાં કૂદી ન પડે એ સારુ પિતાએ એમને વિલાયત ભણવા મોકલવાનું ને ફરી પરણાવવાનું વિચાર્યું. ચંદુભાઇએ પિતાના પ્રથમ ખયાલને સ્વીકાર્યો અને એ રીતે દંતવિજ્ઞાનના અભ્યાસ માટે ઇંગ્લંડ ઊપડયા ત્યારે માર્ગમાંથી જ પત્ર લખી પુનર્લગ્નની પોતાની દૃઢ અનિચ્છા સૌને જણાવી દીધી.

વિલાયતમાં ડૉ. દેશમુખ, વીર સાવરકર અને સરદાર વલ્લભભાઈ જેવાની મૈત્રી સાંપડતાં ઈ. ૧૯૧૪માં હિંદ પાછા ફરતાં સુધીમાં તો તેઓ પૂર્ણતઃ દેશભક્તિના રંગે રંગાઈ ગયા હતા. આ ઉપરાંત, રમતગમત અને સાહિત્યના શૅાખીન ચંદુભાઈએ તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, એન્જિનીઅરિંગ વગેરે અનેક વિષયોમાં પણ ઘણું વાચન વધાર્યું હતું. દંતવિદ્યાની એલ. ડી. એસ.ની ઉપાધિ મેળવી વધુ પ્રાવીણ્ય મેળવવા બીજાં ત્રણ વર્ષ ત્યાં રહ્યા. દેશમાં આવી મુંબાઈમાં એમણે દાંતનું દવાખાનું શરૂ કર્યું તેના પહેલા જ દિવસથી એમને ઘણી સારી આવક થવા લાગી. બીજી બાજુ એમણે ડૉ. સાઠેના 'નેશનલ યુનિયન'માં જોડાઈને રાજકીય પ્રવૃત્તિઓમાં પણ રસ લેવા માંડયો. અને પછી ૧૯૧૮માં વ્યવસાય સમેટી લઈ સ્પેશ્યલ કૉંગ્રેસના એક કાર્યવાહક બન્યા તથા હોમરૂલ લીગનું સંચાલન સંભાળી લીધું. લોકમાન્ય ટિળકનો પણ નિકટનો પરિચય પામી તેઓ એમના પ્રિયભાજન પણ બની રહ્યા.



ઈ. ૧૯૧૯માં લાંબા સમય બાદ ફરી એમણે

લખવા માંડ્યું. 'કુમારિકા' નામે એક કથાકાવ્ય તથા પંચોતેર જેટલાં બાળગીતો, દેશભક્તિનાં ગીતો ને ઊર્મિગીતોના 'ટહુકાર' તથા 'વસંત-વિનોદી' નામે સંગ્રહ પ્રકટ કર્યા. આ પછી એમણે સંન્યાસ લેવાનો નિર્ધાર કરેલો અને એ માટે પિતાને પણ મનાવી લીધા, પરંતુ ગાંધીજીને એની જાણ થતાં એમણે એમને રોક્યા ને એમની સૂચનાથી ભરૂચમાં 'સેવાશ્રમ ટ્રસ્ટ' સ્થાપી લોકહિતાર્થે દાંતનું દવાખાનું ચાલુ કર્યું. જોતજોતામાં લોકપ્રિય બની ગએલું એ દવાખાનું ધીરેધીરે રાજકીય પ્રવૃત્તિઓનું કેન્દ્ર થઈ જઈ તેઓ ત્યાંના જાહેરજીવનમાં આગેવાન બની રહ્યા.

લોકમાન્ય ટિળકના અવસાન બાદ એમના સ્મારક માટે ગાંધીજીએ એક કરોડ રૂપિયા એકઠા કરવા ધારેલા. એ માટે દેશહિતાર્થે સર્વસ્વ હોમી શકે તેવા દેશસેવકો માગ્યા ત્યારે ચંદુભાઈએ તુરત એમાં જોડાઈ જઇને ઘણો કાર્યભાર ઉપાડી લીધો. એ પછી નાગપુરના 'ઝંડા સત્યાગ્રહ'માં ગએલી અમદાવાદની ટુકડીની આગેવાની પણ એમણે જ કરેલી.

દરમિયાન ત્રણ રૂપિયાના ભાડાની ઓરડીમાં આરંભાએલું સેવાશ્રમનું દાંતનું દવાખાનું પણ ઉત્તરોત્તર વિકસતું જઈ ૧૯૨૯માં એનું સ્વતંત્ર મકાન બંધાયું. ૧૯૨૯માં એની સાથે આંખની હૉસ્પિટલ ઉમેરાઈ અને એથી એ આગળ જઈ શેઠ મફતલાલ ગગલભાઈના પુત્રોના ત્રણ લાખ રૂપિયાના મોટા દાનથી ૧૯૫૨માં ૧૨૫ દર્દીઓને સારવાર આપી શકે એવી અદ્યતન સાધનસામગ્રીવાળી 'ભુલાભાઈ મફતલાલ હૉસ્પિટલ' પણ બની. રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદે તેનું ઉદ્ઘાટન કરેલું.

બારડોલી સત્યાગ્રહમાં ઈ. ૧૯૨૮માં વાલોડ મહાલમાં એમણે એવી તો પ્રજાજાગૃતિ આણી દીધી કે એ મહાકાર્યથી પ્રભાવિત થઈ એમના સાથીદાર કલ્યાણજીભાઈએ એમને 'છોટે સરદાર' કહી બિરદાવ્યા અને પછી તો એમને માટે એ જ વિશેષનામ જાણીતું થઈ ગયું. આ લડતમાં એમને એક વર્ષની આકરી જેલ મળેલી.

આ સમયમાં એમણે એક સૂત્ર પ્રચારિત કરેલું–'મરું માથું આપે, નાક નહિ.' ૧૯૨૯માં સેવાશ્રમમાંથી એમણે 'વિકાસ' નામે એક સાપ્તાહિક શરૂ કરેલું તેના મથાળે તેઓ કાયમ આ સૂત્ર મૂકતા. આ પત્રમાં સત્યાગ્રહની લડતના વિગતવાર અહેવાલો, ગાંધીજી વગેરે નેતાઓનાં વ્યાખ્યાનો, ગાંધી વિચારસરણીના લેખો ને સમાજ, આરોગ્ય, કેળવણી ઇત્યાદિ વિવિધ ક્ષેત્રોની લેખ-સામગ્રી સાથે આવતા એમના તીખા લેખો સામે ૧૯૩૦માં સરકારે છ હજારની જામીનગીરી માગી, પણ સ્વમાની ચંદુભાઈએ રકમ ભરવાને બદલે પત્ર જ બંધ કરી દીધું.

દાંડીકૂચની લડત વેળા વેડચમાં એમની ધરપકડ થઈ ને એમને અઢી વર્ષની આકરી કેદ મળી. જેલમાંથી છૂટી તરત એમણે નાકરની લડતમાં ભોગ આપનાર ખેડૂતોની રાહત માટે પાંચ લાખનું ભંડોળ એકઠું કરવા 'ખેડૂત રાહત સમિતિ' સ્થાપી. ૧૯૩૦થી '૪૨ સુધીની બધી લડતોમાં એમણે ભરૂચ જિલ્લાની આગેવાની સાચવીને નાગપુર, સાબરમતી, યરવડા, નાસિક વગેરે જેલો ભોગવી પણ એ દરમિયાન પેરોલ પર છૂટવાનો લાભ એમણે કદી લીધો નહિ. ઈ ૧૯૩૭માં પ્રાંતિક સ્વરાજ વખતે પણ તેઓ ધારાસભામાં ન જોડાયા કે ન તો એમણે સ્વતંત્રતા પછી કદી 'ખુરશી'ની લાલચ દાખવી.

તેઓ એક નીડર સૈનિક હતા. સમય કે સંયોગ વિચાર્યા વિના તેઓ હસતે મોંએ આવેલી જવાબદારી અદા કરતા. લાંબી બાંયવાળા, ઢીંચણ સુધી લાંબા ખાદીના ઝભ્ભામાં શોભતો એમનો ઊંચો ગૌર દેહ, અણિયાળું નાક, વાંકડી મૂછો અને મક્કમતાથી ઓપતું એમનું વ્યક્તિત્વ જીવનભરની સેવાપરાયણથી ઉન્નત રહ્યું હતું. એમનું આકરું સ્પષ્ટ વક્તવ્ય એમની નિખાલસતા ને આનંદી સ્વભાવથી હળવું અને નિર્દેશ બની રહેતું. ભરૂચમાં સેવાશ્રમ હૉસ્પિટલ પાછળ એક કુટિરમાં તેઓ અત્યંત સાદાઈથી રહેતા. દાંતના દાક્તર હતા ત્યારે એમણે સંશોધિત કરેલી, 'થાયમોસિન' નામની એક દવાના વેચાણ હક્કમાંથી થતી વાર્ષિક પાંચેક હજારની આવક પણ તેઓ સેવાશ્રમમાં જ આપી દેતા.

પાછલી અવસ્થામાં વર્ષો જૂની શિરોવેદના, દૃષ્ટિની ઝાંખપ અને વાર્ધક્યનો શ્રમ વેઠવા છતાં તેઓ પોતાનો આનંદી સરળ સ્વભાવ જાળવી રાખી સદા યૌવનના થનગનાટથી પોતાનું કાર્ય કરે જતા હતા. પણ છેલ્લા માસમાં એમની બીમારી વધતાં તેઓ પથારીવશ થઈ ગયા અને એમાં વારંવાર બેભાનાવસ્થામાં સરી જઈ અંતે ચિરનિદ્રામાં પોઢી ગયા. એમની ઇચ્છાનુસાર સેવાશ્રમમાં જ એમની કુટિર નજીક એમને અગ્નિદાહ અપાયો.

બળતણ ઉગાડો

બળતણ એ તો માનવીની રોજિંદી અને અનિવાર્ય જરૂરિયાત છે. મોટાં શહેરોને બાદ કરતાં આપણા મોટાભાગના વિસ્તારોમાં એ માટે બહુધા છાણાં જ વપરાય છે. આમ, ખેતીવાડી માટેના ઉત્તમ ખાતરનો આપણે ધુમાડો કરીએ છીએ. જોકે બળતણ માટે લાકડાંની અછત ઓછી નથી, પણ એ સહેલાઈથી મેળવી પણ શકાય. ખેતર-વાડીને શેઢે એવી ઝાડી વાવવી જોઈએ કે જે વાડનું કામ આપવા ઉપરાંત એની છાલછાંલમાંથી બળતણ મળી રહે. આ માટે ઝડપથી ઊગતાં નીલગીરી અને સરુ કામ લાગે. વાડ પર આ વૃક્ષોની હાર હોય તો એની ઓથે ઊભેલા પાકને લૂથી રક્ષણ પણ મળે. કાંટાળી વાડ માટે પરદેશી બાવળ લાભદાયી છે. એ પણ ઝડપથી ઊગે છે. એના સૂકા પરડા ઢોર માટે કપાસિયાંની ગરજ સારે છે. આ ઝાડ ઊછેરવાં સહેલાં છે. રેંજ ફૉરેસ્ટ ઑફિસ કે જિલ્લાના વિભાગીય વન-અધિકારી અથવા વડોદરામાં વનશાસ્ત્રી અને વનવિનિયોગ અધિકારી પાસેથી આ વૃક્ષોના રોપ તેમજ એને વાવવા માટે યોગ્ય માર્ગદર્શન મળે છે. આવી લીલી ઝાડી હોય તો ચોમાસામાં ભેજ ખેંચાય છે અને જમીનમાં પાણી સચવાય છે. ધરતી ધોવાતી અટકે છે. આનું લાકડું ખેતીનાં ઓજારો બનાવવામાં કામ લાગે છે અને એનાં પાન ખાતરમાં. વળી સૂકાં ડાળડાંખળાં બળતણ પૂરું પાડે છે. અટલે આ રીતે ખેતર-વાડીને શેઢે, પાણીના ધોરિયા કે કોસના પૈઆ ઉપર તથા બીજી નકામી જગ્યામાં સમાય એટલાં વૃક્ષો રોપી દરેક ખેડૂત પોતા પૂરતું લાકડું મેળવવા ઉપરાંત, નાઇટ્રેટ, વિવિધ ક્ષાર, પોટાશ ને ચૂનાયુક્ત છાણ બચાવી તેનું ખાતર ધરતીમાં સીંચી ઢગલાબંધ ધાન પેદા કરી શકે.

(ગુજ. રાજ્ય જંગલખાતાની એક પત્રિકામાંથી તારવીને)

તબીબી ક્ષેત્રે કેટલીક બ્રિટનની નવી શોધો

■ મૂત્રપિંડની સારવાર માટે ઘરમાં દરદી પોતે વાપરી શકે તેવું નવું સ્વયંસંચાલિત યંત્ર બનાવવામાં આવ્યું છે એને પરિણામે તબીબી દેખરેખની આવશ્યકતા રહેતી નથી. એક વાર ગોઠવાઈ જતાં તે આપોઆપ ચાલે છે અને દરદી આ સમય દરમિયાન ઊંઘ પણ લઈ શકે છે.

■ કૅન્સરની અસરવાળા શરીરના ભાગની સારવારનું સસ્તું અને હેરવીફેરવી શકાય તેવું એક યંત્ર તૈયાર થયું છે. મોટા કોટના ખિસ્સામાં રહી શકે એવડું એ યંત્ર પહેરીને દરદી શક્ય તેટલું સામાન્ય જીવન જીવી શકે છે. આ યંત્ર દ્વારા ચોક્કસ પ્રમાણમાં 'મેથોટ્રેક્ષેટ' નામની દવા રક્તવાહિની દ્વારા જરૂરી ભાગમાં પહોંચાડવામાં આવે છે.

■ નાના દવાખાનાને પણ પરવડી શકે તેવો સસ્તો પ્રાણવાયુ-તંબૂ બનાવવામાં આવ્યો છે. સરળતાના કારણે ઘરમાં પણ દરદીની સારવાર માટે એ વાપરી શકાય છે. દાક્તર તેમાં હાથ નાખી શકે અને પ્રાણવાયુ વિશેષ પ્રમાણમાં બગડે નહિ તેવી તેમાં બારી રહે છે.

વ્યક્તિવિશેષ: ગોવિંદવલ્લભ પંત

સરદાર પટેલના ગયા પછી એમના જેવી જ શક્તિ અને શહૂર પ્રસરાવનાર દેશની મહાન ઇમારતના એક સ્તંભ સમા પંડિત ગોવિંદવલ્લભ પંતનો જન્મ ઈ. ૧૮૮૭ની ૧૦મી સપ્ટેમ્બરે ઉત્તર પ્રદેશના આલ્મોડા જિલ્લાના ખૂટ ગામમાં થએલો. એમના પૂર્વજો મહારાષ્ટ્રમાંથી બદરીકેદારની યાત્રાએ ગએલા ત્યારે હિમાલયની શાંતિથી આકર્ષાઈ આલ્મોડામાં જ સ્થાયી થઈ રહેલા. ત્યાં આરંભનો અભ્યાસ કરી અલ્લાહાબાદ યુનિવર્સિટીમાંથી એલએલ. બી. થઈ પ્રથમ નૈનિતાલમાં ને પછી અલ્લાહાબાદ હાઈકોર્ટમાં ગોવિંદવલ્લભે ધીકતી વકીલાત જમાવી. મોતીલાલજી અને માલવીયજીની પેઠે એમને પણ લોકો આદરથી પંડિત કહેવા લાગ્યા એવી એમની પ્રતિષ્ઠા હતી. આરંભમાં તેઓ પણ વિનીત મતના હતા, પણ જલિયાંવાલાના હત્યાકાંડ પછી તેઓ કટ્ટર રાષ્ટ્રવાદી બની ગયા.



અઢાર વર્ષની વયે બનારસ કૉંગ્રેસમાં સ્વયંસેવક બન્યા ત્યારથી ગોખલેજીથી અત્યંત પ્રભાવિત થઈ એમણે લોકજીવનમાં પણ રસ લેવા માંડયો અને નૈનિતાલનાં જંગલોમાં ચાલતી ફરજિયાત વેઠની પ્રથા સામે 'કુમાઉં પરિષદ' સ્થાપી સરકાર સામે લડીને અંતે એ ગોઝારી પ્રથા દૂર કરાવી. એ પછી તો કૉંગ્રેસનાં કાર્યોમાં ઉત્તરોત્તર આગળ વધી ૧૯૨૭માં ઉત્તર પ્રદેશ કૉંગ્રેસ કમિટીના પ્રમુખ બન્યા. અસહકારની લડતમાં જેલ પણ ભોગવી અને ૧૯૩૧થી કૉંગ્રેસની કારોબારીમાં સ્થાન મેળવ્યું જે અંતકાળ સુધી લાગટ ૩૦ વર્ષ સુધી શોભાવ્યું. ૧૯૩૭માં ઉત્તર પ્રદેશની ધારાસભામાં કૉંગ્રેસ નેતાનું અને ત્યાંના મુખ્ય પ્રધાનનું પદ સંભાળ્યું. ૧૯૩૯માં બીજા વિશ્વયુદ્ધના પ્રશ્ન પર એ પદ છોડી દઈ ૧૯૪૦માં સત્યાગ્રહ કરી એક વર્ષ જેલ ભોગવી. 'હિંદ છોડો'ની ચળવળમાં એમને '૪૨ની ૯મી ઑગસ્ટથી ૧૯૪૫ સુધી 'ભયંકર' દેશનેતા ગણી કેદ કરવામાં આવેલા.


સાઈમન કમિશનના બહિષ્કારમાં લખનૌમાં અંગ્રેજોએ એમના પર જે અત્યાચાર કર્યો એનાથી પહાડમાં ઉછરેલી છ ફૂટ ઊંચી એમની પડછંદ કાયા ભાંગી પડીને એમના શરીરમાં કાયમી ધ્રુજારી આવી ગઈ હતી. શરીર તૂટયું પણ મગજ અને મિજાજ જાગ્રત અને જોમવંત જ હતાં. લોખંડી પુરુષની વજ્ર તાકાતથી સરદાર પટેલે જેમ દેશી રાજ્યોનું વિલીનીકરણ કર્યું એમ 'કુમાઉંના વાઘ' પંતજીએ ભાષાવાર રાજ્યોની પુનઃરચનાની ગૂંચો ઉકેલી હતી. શરીરે પડછંદ એવા જ સ્વભાવે સૌમ્ય અને વિનમ્ર છતાં સિદ્ધાંતવાદી અને ધૈર્યવાન તેમને કદી ખુશામત કે ડર ચળાવી શકતાં નહિ.

ઉત્તર પ્રદેશના પ્રધાનપદેથી એ કાળના ગોરા ગવર્નરો સાથેના સંઘર્ષો અને એમાં મેળવેલો હિંમતભર્યો વિજય, સંયુક્તપ્રાંતની જમીનદારી પ્રથાની નાબૂદી અને ત્રિપુરા કૉંગ્રેસમાં જામેલી મડાગાંઠ વેળા સુભાષબાબુને પ્રમુખપદેથી રાજીનામું આપવાની સ્થિતિ સર્જવા પાછળની એમની શક્તિની પહેચાન તો એવાં કાર્યોના અનુભવી જ કરી શકે.

ઈ. ૧૯૦૫માં સ્વયંસેવક તરીકે કૉંગ્રેસમાં ભાગ લેવાની શરૂઆત કરવાથી માંડી સરદારશ્રીના અનુગામી તરીકે ભારતના ગૃહપ્રધાનપદે કાર્ય કરતા રહી એ ૫૫ વર્ષના ગાળામાં એમણે જે નિઃસ્વાર્થ દેશસેવા કરી એમાં એમના જીવનનો પોણો ભાગ અર્પણ કર્યો હતો. અને એની નમ્ર કદર રૂપે ૧૯૫૭માં એમને 'ભારત રત્ન'થી વિભૂષિત કરવામાં આવેલા. ઈ. ૧૯૫૫ના એપ્રિલમાં એમના પર હૃદયરોગનો હુમલો થયો. એ પછી યે એમણે ફરી એટલી મહેનત કરવા માંડી કે છેવટે પથારીમાં બેશુદ્ધાવસ્થા આવવા સુધી કાર્યરત રહ્યા અને અંતે ઈ. ૧૯૬૧માં એ જ અવસ્થામાં એ ૭મી માર્ચે અવસાન પામ્યા.

પ્રસંગવિશેષ: 'ક્વીન ઇલિઝાબેથ' પાણી પર, ૨૭મી સપ્ટેમ્બર ૧૯૩૮

ઈ. ૧૯૩૮ની ૨૭મી સપ્ટેમ્બરે બ્રિટનમાં ક્લાઈડબૅંક મુકામે જ્હૉન બ્રાઉન ઍન્ડ કંપની લિમિટેડે એક વિશાળકાય સ્ટીમરને બાંધણી માટે પાણીમાં તરતી મૂકી. હજી એનું કામ ચાલતું હતું ત્યાં વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું એટલે બૉંબમારાથી બચાવવા મુંજડા રંગે રંગી એને અતિશય ગુપ્તતાથી છેક ન્યૂ યૉર્ક પહોંચાડી બાકીનું કામ ત્યાં પૂરું કરવામાં આવ્યું અને યુદ્ધને કારણે એને અજમાયશી સફર કરાવ્યા વિના જ સિંગાપોર મોકલી દેવાઈ જ્યાંથી એ સૈનિકોની હેરફેરના કામે લાગી ગઈ. યુદ્ધ દરમિયાન એણે ૪,૯૨,૬૩૪ માઈલની સફરો ખેડી ૮,૧૧,૩૨૪ સૈનિકોની હેરફેર કરી. માત્ર ચાર જ દિવસમાં આખો આટ્લાંટિક સાગર પાર કરવાની એની શક્તિને કારણે એ માત્ર એક જ ક્રૂઝરના રક્ષણ તળે હરતીફરતી. યુદ્ધની સેવામાંથી મુક્તિ મળ્યા પછી એને નવો અને ખરો ઓપ મળ્યો અને દુનિયાની મોટામાં મોટી એ પ્રવાસી સ્ટીમર 'ક્વીન ઇલિઝાબેથ'ને નામે જગવિખ્યાત છે. ૮૩,૬૭૩ ટન વજનની, ૯૮૭ ફૂટ લાંબી અને ૧૧૮ ફૂટ પહોળી, ૨૨૦૦ ઉતારુઓ અને ૧૨૫૦નો કાફલો લઈ શકે એવી, તેલનાં ૨૭ બોઇલરો દ્વારા દર ચો. ઇંચે ૪૦૦ પાઉન્ડનું દબાણ આપતાં ૧૬ ટર્બાઈનના ૨,૦૦,૦૦૦ અશ્વબળથી ચાર પંખા વડે ચાલતી એ 'રાણી' પર બે દિશાશોધક યંત્રો, એકો-સાઉન્ડ ઉપકરણો, ગાયરો કંપાસ ને લાંબી ટૂંકી રેન્જનનાં બે રાડાર યંત્રોથી સજ્જ 'ક્વીન ઈલિઝાબેથ'માં વિશાળ સુંદર ખંડો, તરવાના હોજ, દુકાનો, બૅંક, પોસ્ટ ઑફિસ, સિનેમા, અખાડો, બાળકોને રમવાનો ખંડ વગેરે જેવી પ્રવાસીઓ માટે ઉત્તમોત્તમ સુવિધા હોવા છતાં યે આજના જેટ વિમાનોની હરીફાઈમાં એ ખોટમાં ચાલી રહી હતી. અને વર્ષો જૂની એની સાગરસેવાને કારણે હવે નિવૃત્તિને લાયક બની ગઈ હોઈ એની પુરોગામી 'ક્વીન મેરી' પેઠે એને પણ કાઢી નાખવાનો સોદો થઈ ગયો. હવે એ હોનોલુલુ ટાપુમાં પરવાળાના બેટ પર મુકાઈને એક હોટેલના રૂપે પ્રવાસીઓને આકર્ષી રહેશે.



સજ્જન ઐસા ચાહિયે જૈસા ફોફલ ભંગ,
આપ કરાવે ટુકડા પરમુખ રાખે રંગ.

—કબીર

ઇંગ્લંડના પ્રસિદ્ધ કવિ ઑલિવર ગોલ્ડસ્મિથની આર્થિક સ્થિતિ એવી ખરાબ હતી કે ઘણી વાર એને ભૂખ્યા રહેવું પડતું. એના સમકાલીન રાજપુરુષ વૉલપોલને થયું કે ગોલ્ડસ્મિથ જેવો કવિ પોતાના પક્ષનો પ્રચાર કરે તો વિરોધીઓને મ્હાત કરી શકાય એથી એણે એક ઉમરાવને ગોલ્ડસ્મિથ પાસે મોકલ્યો. એ વખતે ગોલ્ડસ્મિથ બાળકો માટેની એક વાર્તા લખતો હતો. ઉમરાવની દરખાસ્ત સાંભળી એણે કહ્યુ: 'કોઈ રાજકીય પક્ષના આશ્રિત બની મારી ઇચ્છા વિરુદ્ધ લખવા કરતાં હું મારી ઇચ્છા મુજબ લખી અર્ધા ભૂખ્યા રહેવાનું વધારે પસંદ કરું છું.' અને એણે વાર્તા આગળ લખવી શરૂ કરી.

કહેવતોના અર્થ: 'ડૂંટી ઉપરનો વાળ, તોડયાનો નહિ ને બોડયાનો નહિ.'—જેમાં કોઈ પણ નિર્ણય લઈ શકાય નહિ એવી ફસામણી દર્શાવવા અથવા નિરૂપાય પરિસ્થિતિ દર્શાવવા વપરાતી આ કહેવતમાંના દૃષ્ટાંત મુજબ ડૂંટી જેવા મર્મસ્થાને ઊગેલો વાળ ખૂંચવા માંડતાં તે કોઈ રીતે દૂર કરી શકાતો નથી. તોડવા જતાં એ સ્થાન પાકી જવાનો ભય, જેમાં રૂઝ આવવાની જ શંકા; અને બોડીને કાઢવા જતાં તો ફરીથી જાડા રૂપે ઊગે! એને મળતી બીજી કહેવતો: 'સાપે છછુંદર ગળ્યું'; 'સહેવાય નહિ અને કહેવાય નહિ' વગેરે.

એકાક્ષરી અનેકાર્થી શબ્દ—**ભા**: માનવાચક નામ, ધરડો બાપ, વડીલ, પડછાયો, છાંયો, સૂર્ય, કિરણ-રશ્મિ, પ્રકાશ, વીજળી, શોભા, કાંતિ, પ્રભા, શંકુની છાયા, મળતાપણું.



ભારતના વિખ્યાત કલાકાર ગગનેન્દ્રનાથ ટાગોરની ૧૦૧મી જન્મજયંતી નિમિત્તે આ માસની ૧૭ તારીખે બહાર પડનારી એમની છાયાછબિ સાથેની ખાસ ટપાલટિકિટ.

ક્યાંક ક્યાંક સંખ્યા કે આંકડા દર્શાવવા સકારણ જુદાજુદા શબ્દો વપરાય છે. જેમ કે:

૦: ખ, નભ, અભ્ર, મખ, પૂર્ણ.
૧: ભૂ, શશી, ધ્રુવ, એકદંત.
૨: યુગ્મ, યુગલ, નેત્ર, પાદ, કર, ઓષ્ઠ, પક્ષ, અયન.
૩: અગ્નિ, ગુણ, તાપ, દોષ, લોક, નાડી, રામ
૪: યુગ, વર્ણ, ચરણ, શ્રુતિ, વેદ, કુળ, મોક્ષ, યામ અને વાણી.
૫: ભૂત, સંધિ, શર, અસુ, અંગ, તત્ત્વ, કન્યા, યજ્ઞ.
૬: શાસ્ત્ર, રસ, જખ, રિપુ, રાગ, તર્ક, વેદાંત, ઇતિ.
૭: ઋષિ, હય, અગ, સર, લોક, નદી, ધાતુ અને તાલ.
૮: વસુ, ગજ, ઈભ, તાગ, સિદ્ધિ, યોગ, કરિ, ભાવ અને મદ.
૯: નિધિ, ભક્તિ, નંદ, અંક, સંખ્યા, દ્વાર, નાથ, ધાન્ય અને રત્ન.
૧૦: દિશા, આશા, ધૂપ, રૂપક, સ્નાન, પંક્તિ અને દોષ.

(પોરબંદર) —હરજીવન થાનકી



સૂર્ય પોતે તો સ્થિર જ છે. પૃથ્વી તેની આસપાસ ફરે છે તેથી જ તે ઊગતો ને આથમતો દેખાય છે. છતાં હજી આપણે સૂર્યને 'ઊગતો' અને 'આથમતો' કહીએ છીએ તે ખોટું નથી?

બીમાર શેઠ ભાન ગુમાવી બેઠા. ડૉકટરે આવીને શેઠના ઝભ્ભાના ખિસ્સા પર હાથ મૂકી ને જાહેર કર્યું કે શેઠ ગુજરી ગયા છે.:

'દાકતર સા'બ, આપે શેઠની નાડ પણ ન તપાસી અને કેમ કહી દીધું કે શેઠ ગુજરી ગયા છે?' પાછળથી કોઈએ પૂછ્યું.

'પોતાના ખિસ્સામાં કોઈનો હાથ પડે અને મારવાડી શેઠ સળવળે નહિ એટલે સમજી લેવાનું કે એ ગુજરી ગયા છે.'



ફરતી શોભનવેલ સાથે વચ્ચે રામાયણનો પ્રસંગ ઉપસાવેલી તાંજોરની પિત્તળની રકાબી.
ઉપયોગ – દેવપૂજાનાં પુષ્પો રાખવાનો.

"…ચોથું સંતાન ન થવું જોઈએ…"—એવું કુંતીએ કહ્યું હતું

(મહાભારત સમ્ભવ પર્વ)

અર્જુનના જન્મ બાદ પાણ્ડુએ જ્યારે ચોથા સંતાનની ઈચ્છા દર્શાવી, ત્યારે કુંતીએ રાજાને કહ્યું હતું કે બુદ્ધિમાન લોકોના મતાનુસાર, કોઈ પણ સ્થિતિમાં ત્રીજા સતાન બાદ ચોથું સંતાન ન થવું જોઈએ. આ વાતને આજે યુગો વીતી ગયા. જમાનો બદલાયો અને એની સાથે-સાથે સામાજિક રીતિરિવાજો પણ બદલાયા. પરંતુ, કુંતીના શબ્દો આજે પણ તેવાં ને તેવાંજ છે. એટલું જ નહીં, પરંતુ એ શબ્દોએ આજે નવો અર્થ મેળવી લીધો છે. આજે પણ 'બુદ્ધિમાન લોકો ચોથા સંતાન માટે સલાહ આપતા નથી' કારણ કે આજે ઝાઝાં બાળકો માટે બધી જરૂરિયાતો પૂરી પાડી શકાતી નથી. બાળકો જો થોડાં હોય તો દરેક બાળકની સારી રીતે દેખરેખ રાખી શકાય છે અને એને માટે ખોરાક, વસ્ત્ર તેમજ સુખી જીવનની બધી સગવડો ઉભી કરી શકાય છે. ઝાઝાં બાળકો થવાથી માતાની તંદુરસ્તી પર પણ માઠી અસર પડે છે. હવે પ્રશ્ન એ થાય છે કે બાળકનો જન્મ એ શું આપણાં હાથની વાત છે ? જી, હા. બાળકનો જન્મ થવા દેવો કે નહીં તે આપણાં હાથની વાત છે. આજે એવાં અનેક ઉપાયો શોધવામાં આવ્યા છે કે જેનો પ્રયોગ કરવાથી, તમે જ્યારે ઈચ્છો, જેટલા દિવસ માટે ઈચ્છો ત્યાં સુધી બાળકોના જન્મને રોકી શકો છો. માહિતી મેળવવા માટે કૃપા કરીને તમારા



નજીકના કુટુંબ નિયોજન કેન્દ્રનો સંપર્ક સાધો. ત્યાં સલાહ અને સામાન મફત મળે છે. નાનું કુટુંબ એટલે સુખી કુટુંબ.


કુટુંબ નિયોજન કેન્દ્રનું નિશાન છે—લાલ ત્રિકોણ

नातश्चतुर्थं प्रसवमापत्स्वपि वदन्त्युत






ઊંટસવાર • રંગીન લીનોકટ



ૐકારેશ્વર • જળરંગી આલેખન



ગ્રામશેરીમાં સવાર • પૅસ્ટલ સ્કેચ

વિવિધ કલામાધ્યમમાં શ્રી યજ્ઞેશ્વર શુક્લની કલાકૃતિઓ



સૂતેલી સ્ત્રી • કૉપર રેપૂસે – ત્રાંબાના પતરા પર ઉપસાવેલી કૃતિ



નાગ-નૃત્ય • બાટિકમાં કરેલું ચિત્ર